

ચિત્રકાર • બંસીલાલ વર્મા

વીતેલા વર્ષનું સરવૈયું કાઢતાં, કલાકારને આઝાદી માત્ર ધનપતિઓ અને સત્તાશોખીઓને માટે જ લાભદાયી નીવડી જણાઈ છે.
ગરીબ આમવર્ગ અને મુરઝાતો મધ્યમવર્ગ તો હજી બંધનમાં જ છે—જેની સાંકળ હવે આઝાદીની
મશાલ ધરી રહેલા ધન અને સત્તા ભોગવતા વર્ગને કબજે છે.

૨૯૬


આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી

ઑગસ્ટ | બચુભાઈ રાવત | ૧૯૪૮



તોફાન

ચિત્રકાર · કનુ દેસાઇ



કુમાર-કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાનઃ કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭॥; પરદેશમાં રૂા. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.

અમદાવાદ


ગુજરાતનું પાટનગર

દેશના ધોરી વ્યાપારમાર્ગ ઉપરની પોતાની કેન્દ્રવર્તી ભૌગોલિક સ્થિતિથી, અને અદ્યતન ઉદ્યોગનગર હોવા છતાં એતદ્દેશીય સંસ્કૃતિનાં વહેણનો જીવંત ને પ્રબળ સ્રોત ધરાવવાને કારણે, અમદાવાદ જ ગુજરાતનું પાટનગર રહ્યું છે, રહેવાનું છે અને આગામી યુગમાં સોળે કળાએ વિકસવાનું પણ છે.

છતાં એને વિષે આપણે કેટલું સાચું જ્ઞાન ધરાવીએ છીએ? એનો વિવિધરંગી ઇતિહાસ એનાં ઊંડાં સંસ્કારવહેણ અને એની પુરાણી શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિથી ખુદ અમદાવાદીઓ પૈકી પણ સંપૂર્ણ જાણકાર કેટલા હશે? માત્ર એની શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિની જ વાત કરીએ તો, એ શહેરના સ્થાપક બાદશાહ અહમદશાહના ખુદના અવશેષ સંઘરતા મકબરાથી માંડીને છેક હઠીભાઇની વાડી અને સ્વામીનારાયણના મંદિર સુધીનાં હજી એક જ સૈકા ઉપરનાં મંદિરોમાં આપણી પરંપરાગત વાસ્તુકલાનો જે સમૃદ્ધ વારસો સિલસિલાબંધરીતે જળવાયો છે તે પોતેજ એકમૂક પણ રસભર ઇતિહાસગ્રંથ છે.

જગતમાં બેનમૂન પથ્થરી કોતરકામવાળી ગણાએલી સીદી સૈયદની મસ્જિદની જાળીઓ અને સપ્રમાણ શિલ્પના અનન્ય નમૂનારૂપ રાણી રૂપમતિની મસ્જિદથી માંડીને જલાગારો તથા મરનાળાંઓમાં પણ છુટ્ટે હાથે વેરાએલી કળાલક્ષ્મીના અવશેષો ધરાવતી અડાલજની વાવ તથા કાંકરિયા તળાવ સુધીનાં અમદાવાદનાં શિલ્પ–સ્થાપત્યો હજી યે આપણા એ પાટનગરની પુરાતન જાહોજલાલીની વાચા બનીને ઊભાં છે.

તમે એ બધું નજરે ન જોયું હોય, કે ન જોઈ શકો તેમ હો તો એનું એક સચિત્ર આલ્બમ બહાર પડ્યું છે. એમાં, 'ગુજરાતનું પાટનગર–અમદાવાદ' નામના મહાગ્રંથના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવે ખુદે આલેખેલી એ નગરની ઇતિહાસરેખા રૂપ પ્રસ્તાવના સાથે, બાવન ચુનંદા ફોટોગ્રાફો તે તે સ્થળનાં વર્ણનો સાથે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે સંઘરાયા છે. કિંમત માત્ર બે રૂપિયા [પોસ્ટેજ જુદું]. કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ.



અમદાવાદની સમૃદ્ધ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો

હિંદુ અને ઇસ્લામી સ્થાપત્યના સુંદર સમન્વય સમો, અમદાવાદના શાહઆલમના રોજાનો મનોહર દ્વાર-પ્રદેશ: એની ઉપલી કમાન ઇસ્લામી અને નીચલી(બારણાં ઉપરની) કમાન હિંદુ સ્થાપત્યની ઢબની છે. એની જાળીઓની ડિઝાઇન, ઇસ્લામી આદેશ મુજબ કોઇપણ જીવંત પ્રાણીના આલેખન વિનાની છે, છતાં એ જાળીઓની ડિઝાઇનની ઢબ હિંદુ પરંપરા ઉપર છે, અને પિત્તળની જાળીવાળાં એનાં કમાડ અમદાવાદના જ કારીગરોના અદ્‌ભુત પિત્તળકામનો સુંદર નમૂનો છે. અમદાવાદનાં શિલ્પ અને સ્થાપત્યના આવા ચુનંદા નમૂનાઓના બાવન ફોટોગ્રાફોના સુંદર આલ્બમમાંની આ એક વાનગી છે.

❀આઝાદીનો આલેખ❀

૧૮૫૭થી ૧૯૪૭ સુધીની ૯૦ વર્ષની આપણી સ્વાતંત્ર્યની લડતનો એકીનજરે ચિતાર આપતા આ આલેખમાં આપણા આઝાદી જંગના મહત્ત્વના પ્રસંગોને તેમના પ્રતીકોની શોભન-ગૂંથણી સાથે યોજ્યા છે. તેમાં ઊભા સ્તંભ ઉપરનો પ્રત્યેક આંકો એકેક વર્ષનો કાળ દર્શાવે છે.

૧૮૫૭ સ્વાતંત્ર્ય માટેનો હિંદનો પહેલો ભીષણ પ્રયત્ન.



૧૮૭૨ પંજાબમાં કૂકા વિપ્લવ.
૧૮૭૩ હિંદની ગરીબી છતી કરતી વેલ્બી કમિશનમાં દાદાભાઈની જુબાની



૧૮૭૯ વાસુદેવ બળવંત ફડકેનો સશસ્ત્ર ક્રાંતિ જગાવવાનો પ્રયત્ન
૧૮૮૧ લો. ટિળકે 'કેસરી-મરાઠા' પત્રો સ્થાપી પ્રજામાં અસ્મિતા અને ઉગ્રતા પ્રકટાવી.

૧૮૮૫ હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)નો જન્મ.



ધારાસભાઓમાં ફિરોઝશાહ મહેતા, ગોખલે, વાચ્છા આદિની ઉગ્ર બંધારણીય લડત.



૧૯૦૨ દાદાભાઈ નવરોજજીએ હિંદમાં બ્રિટન તરફથી થતી જંગી લૂંટને ખુલ્લી પાડી.

૧૯૦૫ બંગભંગ સામેની ઉગ્ર લડત. તેમાંથી બૉમ્બ-પ્રવૃત્તિનાં મંડાણ.
૧૯૦૬ લાલ બાલ અને પાલ (લજપતરાય ટિળક અને બિપિનચન્દ્ર)ની ત્રિપુટીની ઘોષણાઓ.
૧૯૦૭ સુરત કૉંગ્રેસમાં વિનીતો અને ઉદ્દામવાદીઓમાં મતભેદ અને ભંગાણ.



૧૯૧૪ ગદર પક્ષે લશ્કરમાં બળવો જગાવવાનો પ્રયત્ન કર્યો.
૧૯૧૬ હોમરૂલ લીગની સ્થાપના અને તે માટે ઉગ્ર ઝુંબેશ.
૧૯૧૮ ગાંધીજીનો ખેડા સત્યાગ્રહ. અહિંસક સત્યાગ્રહનો પહેલો પ્રયોગ.
૧૯૧૯ રૉલેટ ઍક્ટના વિરોધમાં સત્યાગ્રહ તેને કચડવા જલિયાંવાલા બાગનો હત્યાકાંડ.
૧૯૨૦ ગાંધીજીએ પ્રબોધેલા અસહકારનો પ્રચંડ જુવાળ. પ્રથમ દેશવ્યાપી લડત.
૧૯૨૩ નાગપુર ઝંડા સત્યાગ્રહ.
૧૯૨૫ દેશબંધુદાસ અને મોતીલાલ નહેરુના નેતૃત્વ હેઠળ લોકશાહી સ્વરાજ્ય પક્ષ સ્થાપ્યો.
૧૯૨૭ કાકોરી બૉંબ કેસ.
૧૯૨૮ સરદાર વલ્લભભાઈની બારડોલીની સફળ લડત.
૧૯૨૯ જવાહરલાલે પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયની જાહેરાત કરી.
૧૯૩૦ મીઠાસત્યાગ્રહ માટે ગાંધીજીની દાંડીકૂચ. કાયદાભંગનો દેશવ્યાપી દાવાનળ.
૧૯૩૧ ગાંધી-અર્વિન કરાર બાદ ગોળમેજી પરિષદ-પણ તે નિષ્ફળ.
૧૯૩૨ સત્યાગ્રહની ત્રીજી લડત.
૧૯૩૪ કૉંગ્રેસનો ધારાસભા-પ્રવેશ.
૧૯૩૫ હિંદને સમવાયતંત્ર આપવાની જાહેરાત
૧૯૩૭ પ્રાંતોમાં પહેલાં પ્રજાકીય પ્રધાનપદાં
૧૯૩૯ કૉંગ્રેસે પ્રધાનપદાં ફગાવી દીધાં.
૧૯૪૦ વાણી-સ્વાતંત્ર્ય માટે વ્યક્તિગત સત્યાગ્રહ.
૧૯૪૨ 'ગરની લડત'ને નામે જાણીતી 'હિંદ છોડો'ની રાષ્ટ્રવ્યાપી લોકક્રાંતિ
૧૯૪૩ સુભાષચન્દ્ર બોઝના નેતૃત્વ હેઠળ આઝાદ હિંદ ફોજનું સશસ્ત્ર યુદ્ધ.
૧૯૪૫ નેતાઓનો જેલમાંથી છુટકારો. સીમલા પરિષદ.
૧૯૪૬ ત્રિમંત્રી મંડળનું આગમન. સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવાની જાહેરાત. વચગાળાની સરકાર રચાઈ.
૧૯૪૭ સંપૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ. દેશના ભાગલા.



આવતી કાલનાં નાગરિકોનું માસિક
કુમાર
ઑગસ્ટ '૪૮

સ્વાતંત્ર્યને પહેલે સંવત્સરે

ઉપજાતિ

૧

અમાસના કો' ઘન અંધકારે
ઘેરી હતી ચોગમ ઝંઝવાતે
આ સ્વપ્નનૌકા અમ ! તેં બચાવી
જુવાળના જોશ થકી, નચાવી
મુક્તિ-પ્રભાના ઉગતા પ્રભાતે
લાવી મૂકી નીરવ શાંત આરે !

હે સિન્ધુના ફેનિલ મત્ત વારિ !
હાવાં બની ઓટ, શું ઓસરીને
હૈયાથી આઘી અળગી ધકેલી
આ નાવ જે નિત્ય પ્રવાસઘેલી ?
જે જિંદગીનાં સપનો ભરીને
દશે દિશાના જલની વિહારી,
એને (ન તારો અવ સંગ લાધશે ?)
સુવર્ણના વેળુતટે તું બાંધશે ?

૨

અમાસના ગર્ભ વિષે ઘડાઈ
શી રૌપ્યની રંગત વર્ષતો તું !
ક્રમેક્રમે શી પ્રગટી કળાને
અંધારના ભીષણ અંચળાને
તેં છિન્ન કીધો ! કશું હર્ષતો તું
પૂર્ણેન્દુ રૂપે નભમાં જડાઈ !

હે પૂર્ણિમાના રસપૂર્ણ ચન્દ્ર !
જ્યાં સૃષ્ટિની કાય જરીક શોભી
તારે ઉગ્યે; સત્વર ત્યાં જ રાહુ
ભીડી તને રે નિજ બે ય બાહુ
ભીંસી રહ્યો શો તવ રૂપલોભી !
જાગે કશો સિન્ધુવિલાપ મન્દ્ર !
શી અંધકારે ઘનઘોર સૃષ્ટિ !
હસી રહી એકલ રાહુદૃષ્ટિ !

૩

શું ઇતિહાસે સત કૈં ન ભાસ્યું,
તે ભીષ્મનું દૈન્ય પુનઃ પ્રકાશ્યું ?

નિરંજન ભગત

સિન્ધુ

· શિખરિણી ·

ભરી પોણી પૃથ્વી અતલ પથરાયાં જલ કંઈ
નકામાં : રે, ટીપું તૃષિત અધરે ના જઇ શકે !
મળ્યું મ્હોળું વારિસ્વરૂપ કરવા હાંસી નિજ કે !
ઘણું દાઝે સિન્ધુ વિપુલ વડવાગ્નિ ઉર લઈ !

દઝાપાની ઝાળો નભમહીં વરાળો થઇ ચડે :
ઉરે ચાંપે એને નભ, અણુઅણુ શીતળ કરે :
લસે વિદ્યુદ્વલ્લિ : જલધર ધનુષ્યો નભ ભરે :
ઘન સ્નિગ્ધ શ્યામ સ્વરુપ ગગને મંદ્ર ગગડે !

અને, વર્ષે મૂકી મન તૃષિત હૈયે અવનિના,
સરો, સ્રોતો, પૃથ્વી સકલ થઇ જાયે રસબસ;
મયૂરોની કેકા ધ્વનતી નભહૈયે સમરસ;
અહો સૃષ્ટિકેરા સુખમહીં રહી " જ કમી ના !

અરે, આ ક્ષારાબ્ધિ-હૃદય થકી ક્ષીરાબ્ધિ ઉમટે !
અગર્ મિથ્યા આ જીવનની કપરી ઝંઝટ મટે !

અજારામ રાવળ

આવેગ

ગાવા દો આજ ગાવા દો આજ રે મને મોકળું મેલી મન.
હો મને મોકળું મેલી મન
હજારો બુલબુલોના હૈયે મારે જાગી ઊઠ્યા કંઠ.
હજારો અરમાનોના સૂરની ધારે છલકી પડે છંદ :
વાણીના વ્હેણનાં ઘોડાપૂર
વેગીલાં દોડતાં ગાંડાંતૂર
હાં રે હો ભરતી ચડે
મોજાં તો આભને અડે
સોળ કળાએ આભમાં ઊગે પૂનમ કેરો ચંદ
ઊછળી પડે ઉર અધીરો આગમનો આનંદ
સાત સ્વરોની સામટે રાગે ગાજે મનમાં વન—ગાવા દો૦

પિનાકિન્ ઠાકોર

ફૂલ દેખીને

ફૂલ દેખીને તમે ગાંડા થનારા,
કરો એવું તમોથી ફૂલ પોતે થાય ગાંડું.

મકરન્દ દવે

વીત્યા વર્ષનું સરવૈયું

મનન

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭! આપણા સ્વાતંત્ર્યનો એ જન્મદિવસ! એને એક વર્ષ વીતી ગયું. વખતને જતાં કંઈ વાર લાગે છે? જાણે હજી ગઈ કાલે જ સ્વાતંત્ર્યનો જન્મપ્રસંગ હરખભેર ઊજવ્યો ન હોય, એટલો બધો એ મનમાં તાજો છે. પ્રજા કેવી ઉત્સાહહેલારે ચડી હતી, સ્વાતંત્ર્યનું ઉમળકે કેવું સ્વાગત ઠેરઠેર કર્યું હતું! એને વર્ષ વીતી ગયું.

વર્ષને અંતે શું રળ્યા, શું ખોયું, કેટલી સિલક રહી તેનો હિસાબ કાઢવાની મનુષ્યોની પુરાણી વ્યવહારનીતિ પ્રમાણે આપણે પણ એક રાષ્ટ્ર તરીકે આ એક વર્ષમાં આપણે જે પુરુષાર્થ કર્યો હોય તેનો હિસાબ કાઢવો જોઈએ. આ એક વર્ષમાં આપણને શા શા અનુભવો થયા, શું શું વીત્યું, આપણે કેવીકેવી રીતે વર્ત્યાં, કેટલે આવ્યા, આપણી સિદ્ધિઓ કઈકઈ, હજી શું અસિદ્ધ રહ્યું, શાથી અસિદ્ધ રહ્યું એ બધું સમજવાની જરૂર વિષે ભાગ્યે જ કોઈને શંકા હશે. આગળ વધવા માટે પણ પાછળ નજર તો નાખવી જ પડે.

આપણને સ્વરાજ્ય મળ્યું પણ દેશ ખંડિત થયો. શાન્તિની કિંમત આપણે ભાગલા પાડીને ચૂકવી. એની ઐતિહાસિક વિગતોમાં નહિ ઊતરીએ. આપણે વાટાઘાટોમાં ગૂંચવાયા, કે કુટિલ મુત્સદ્દીઓએ આપણને ઊંધે પાટે ચડાવ્યા, કે ખૂનામરકીથી આપણે ત્રાસી ગયા, કે આપણી શક્તિનું આપણે ઓછું મૂલ્ય આંક્યું, એ બધાં અનુમાનોને આપણે વિસારી મૂકીએ. જો દેશમાં શાન્તિ સ્થપાતી હોય, જો મુસલમાનોને અલગ રાજ્ય મેળવ્યે જ ધરપત વળતી હોય, જો લોહી રેડ્યા વિના સમાધાન અને વાટાઘાટોને માર્ગે સ્વરાજ્ય મળતું હોય તો તે રીતે સ્વરાજ્ય આપણને ખપતું હતું. હૈયા પર પથરો મૂકીને નેતાઓએ ભાગલાને સંમતિ આપી ને હિંદ અને પાકિસ્તાન બંને સંસ્થાનોમાં લઘુમતીની રક્ષાની જુદા થનારાઓએ બાંહેધરી આપી. સ્વરાજ્યના હર્ષમાં દેશના અંગચ્છેદની વેદના ભળી હતી, છતાં અંતે બધું સારું થઈ રહેશે એ આશાએ બ્રિટિશોની વિદાય આપણે ઊજવી.

પણ એ આશા ઠગારી નીવડી. પાકિસ્તાનના સરનશીનને ઇસ્લામી રાજ્ય સ્થાપવું હતું. વસતિની ફેરબદલીની સૂચના એમણે પહેલાં પણ કરી હતી, પણ જે વિશાળ દેશમાં લઘુમતીઓ પણ કરોડોની સંખ્યામાં જુદા-જુદા ભાગમાં વસતી હોય ત્યાં ફેરબદલીની વાતને કોણ આવકારે? પરંતુ જે પ્રસ્તાવ વાટાઘાટોમાં રોળાઈ ગયો હતો તેણે હવે બીજે ઠેકાણે ડોકું કાઢ્યું. હિંદુ-મુસ્લિમને એકબીજાને શત્રુ ગણ્યા વિના છૂટકો જ ન થાય એવી કોમી રમખાણોની ભયંકર આંધી દેશમાં સ્વરાજ્યના ઉદય પૂર્વે ફરી વળેલી, તેના અવશેષરૂપ કડવાશ ને શત્રુવટ એમાં ઠીક ઉપયોગમાં આવ્યાં. પશ્ચિમ પંજાબમાં બિનમુસ્લિમ લઘુમતીની કતલનો કાર્યક્રમ આરંભાયો. એનો પડઘો પૂર્વ પંજાબે પાડ્યો. જીવ બચાવવા માટે બંને સંસ્થાનોમાંથી લઘુમતીઓએ નાસભાગ શરૂ કરી દીધી. એમ કર્યા વિના છૂટકો જ નહોતો. ટોળાં જ નહિ, પણ પોલીસ ને લશ્કર સુદ્ધાં અમલદારોની દોરવણી હેઠળ જ્યારે લઘુમતી પર ત્રાટકે ત્યારે જીવ્યાનો આરો ક્યાં? આમ વસતિની અવિધિસર ફેરબદલીનો કાર્યક્રમ આપોઆપ શરૂ થઈ ગયો. બંને પક્ષે એની ભારે કિંમત ચૂકવી હજારોની કતલ થઈ, લાખો ઘરબાર વિનાનાં થયાં, સેંકડોનાં ધર્માન્તર થયાં, હજારો સ્ત્રીઓનાં અપહરણો થયાં, નીચમાં નીચ અત્યાચારો થયા, મિલકતો બાળી નાખવામાં આવી, ઉદ્યોગ ધંધા ખોરંભે પડ્યા—આ બધાંનો સરવાળો કાઢીએ તો જ ખબર પડે કે ક્ષમા ને પ્રેમ કરતાં દ્વેષ અને વેર અંતે વધુ મોંઘાં પડે છે.

ગમે તેમ, પણ હિજરતી નિર્વાસિતોને ઠેકાણે પાડવાનો અને વસતિની રીતસરની ફેરબદલીનો મહાપ્રશ્ન બંને સંસ્થાનોને ઉપાડવાનો આવ્યો. નવુંનવું સ્વરાજ્ય, અનુભવની કચાશ, માણસોની અછત, ઘેટાં જેવી પ્રજાની મનોવૃત્તિ, દેશમાં અને વિદેશમાં હિંદ સંસ્થાનને પરેશાન કરનારા દ્વેષીલા ને ખટપટિયાઓનાં તોફાનો, સત્તાવાદ અને કોમવાદનાં દેશવ્યાપી કરતૂતો આ બધાંમાંથી માર્ગ કાઢવા માટે સ્થિરતા જોઈએ, સમય જોઈએ. તે મળે તે પહેલાં તો નિર્વાસિતોનો જંગી પ્રશ્ન કાંધે ઉપાડવાનો આવ્યો. ધૈર્યથી, સમતાથી, નિશ્ચયબળથી દેશના ધુરંધર નેતાઓએ એ પ્રશ્ન ઊપાડ્યો ને પાર પાડ્યો તે જોતાં કહેવું જોઈએ કે ગાંધીજીનો વારસો કંઈ એળે ગયો નથી.

આટલું બધું થવા છતાં પાકિસ્તાન પ્રત્યે રોષ કે દ્વેષ એ ધુરીણોએ રાખ્યો નહિ. અસ્કયામતોની વહેંચણીમાં પણ ઉદારતા બતાવી. નાનો ભાઈ જુદો થતાં ઉદારહૃદયી સજ્જન મોટો ભાઈ જે રીતે વર્તે તે રીતે હિંદ પાકિસ્તાન પ્રત્યે વર્ત્યું. છતાં પાકિસ્તાનની આક્રમકવૃત્તિ ને દ્વેષભાવમાં ઘટાડો થયો નહિ.

બ્રિટિશ પાર્લમેન્ટમાં હિંદી સ્વાતંત્ર્યનો ત્રણે વાચનમાંથી પસાર થએલો ખરડો દેશી રાજ્યોને એક યા બીજા સંઘમાં જોડાઈ જવાની સલાહ ઉપરાંત વિશેષ કશું નહોતો આપતો. દેશી રાજ્યોને અવળચંડાઈમાં મદદ કરવાની જોગવાઈ એમાં થઈ નહોતી. અલબત્ત કુટિલ બ્રિટિશ મુત્સદ્દીઓએ એમની સ્થિતિ અવ્યાખ્યાત રાખીને હિંદ-સ્વાતંત્ર્યને દેશી રાજ્યોના પ્રશ્નમાં અટવાતું જોવાની મુરાદ સેવી હતી. પણ મોટા ભાગનાં દેશી રાજ્યોમાં ઊછરેલી પ્રજાશાસનની ભાવનાએ, કંઈક રાજાઓના સ્વદેશપ્રેમે, અને કંઈક સંજોગોના દબાણે, રાજ્યો હિંદ સંઘ સાથે ટપોટપ જોડાઈ જવા લાગ્યાં. એમાં ખોબાશા જૂનાગઢના નવાબને અવળી મતિ સૂઝી તે એણે ૮૦ ટકા વસતિની ઇચ્છાને ઠોકરે ઉડાવીને પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય ઉચ્ચાર્યો. આમાં ચડવણી પાકિસ્તાનની જ હતી. જૂનાગઢ અને હૈદ્રાબાદમાં શાસકો મુસલમાન હોવાના સબબે ને કાશ્મીરમાં વસતિનો મોટો ભાગ મુસલમાન હોવાના સબબે એ ત્રણ દેશી રાજ્યોમાં પગદંડો જમાવવાનો પેંતરો પાકિસ્તાનને ભરવો હતો. જૂનાગઢમાં પહેલો પાસો ફેંકાયો. જોડાણ માટે ભૌગોલિક સામીપ્યનો મુદ્દો ધ્યાનમાં રાખવાનો હતો તેની પણ અવગણના કરવામાં આવી. પ્રજાને દમ ભિડાવવાનું શરૂ થઈ ગયું. પ્રજાએ હિજરત કરી, પણ સૌરાષ્ટ્ર આખો ધમધમી ઊઠ્યો. જૂનાગઢ અને સૌરાષ્ટ્ર અવિયોજ્ય છે. પ્રજાએ સૂત્રો પોતાના હાથમાં લેવા માટે બળવો પુકાર્યો. સરહદોના સંરક્ષણ માટે અને પોતાની સાથે જોડાએલ દ્વીપરૂપ રાજ્યોનું સંરક્ષણ કરવા માટે હિંદી સૈન્ય એ પ્રદેશની આસપાસ ઊતરી આવતાં પ્રજાની હિંમત વધી અને નવાબના મળતિયાઓની હિંમત તૂટી. એ લોકો ભડકીને ભાગ્યા. પાકિસ્તાનને એ પ્રદેશ મફતમાં ઓળવી લેવો હતો એટલે વિરોધ નોંધાવીને એણે ચુપકી ધારણ કરી. પરિણામે બાબી વંશનો નબીરો જૂનાગઢનો નવાબ અત્યારે કરાંચીમાં હવા ખાય છે, અને જૂનાગઢનાં રાજ્યસૂત્રો જૂનાગઢી પ્રજા સંભાળે છે.

જૂનાગઢમાં નહિ ફાવીએ એટલું જાણી લીધા પછી પાકિસ્તાને પોતાની નજર કાશ્મીર તરફ ફેરવી. (અનુસંધાન પૃ૦ ૨૪૫મે)

ઈંગ્લંડમાં હોમાએલો હિંદનો બલિ



મદનલાલ ધીંગરા

[સ્વાતંત્ર્યના શહીદોની લેખમાળાનો ૧૨મો હપ્તો]

ઈ. **૧૯૦૫માં** લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળાના ભાગલાથી જ્યારે દેશ આખો ખળભળી ઊઠયો હતો ને ક્રાંતિયજ્ઞના મંડાણ થઇને એક પછી એક દિવ્ય આહૂતિઓ તેમાં પડતી હતી તે જ અરસામાં ખુદ ઇંગ્લંડમાં પણ એ વિપ્લવની જ્વાળાઓ પહોંચી ગઈ હતી. ઇંગ્લંડમાંની એ ચળવળનાં મંડાણ કરવાનું તથા તેને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરી તેને પોષવાનું માન ગુજરાતના તેજસ્વી રત્ન શ્રી શ્યામજી કૃષ્ણ વર્માને ફાળે જાય છે. હિંદમાં દેશી રાજ્યની ખટપટો તથા પ્રપંચોથી કંટાળીને ને હિંદના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિય ફાળો આપવો ઇંગ્લંડમાં રહીને વધુ સુગમ પડશે એમ માનીને તે ઇંગ્લંડ ગએલા. અને જે કાળે સંપૂર્ણ સ્વરાજ્યનું નામ ઉચ્ચારતાં પણ ભલભલા નેતાઓ ડરતા હતા તે કાળે, બ્રિટિશ સત્તાથી સંપૂર્ણ અલગ એવા સ્વાતંત્ર્યની હિંદના ધ્યેય તરીકે તેમણે ઘોષણા કરી; એટલું જ નહિ પણ તેના પ્રચાર માટે ૧૯૦૫માં 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ' નામનું તીખું પત્ર શરૂ કર્યું. વળી ઉદ્દામ મતના આ પ્રસાર સાથે તેમણે તેવા મતવાળાઓનું સંગઠન કરવા 'હોમરૂલ સોસાએટી' નામની સંસ્થા પણ સ્થાપી. અને ઇંગ્લંડમાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને રંગભેદને કારણે રહેવાકરવાની જે અડચણ પડતી હતી તે દૂર કરવા તથા ગરીબ વિદ્યાર્થીઓ ઓછે ખર્ચે રહી શકે તે માટે તેમણે 'ઇંડિયા હાઉસ'ની સ્થાપના કરી. જે ક્રાંતિકારી ચળવળે ૧૯૦૬થી ૧૦ સુધી અંગ્રેજ સત્તાને હચમચાવી નાખી તેનું મુખ્ય કેન્દ્ર આ 'ઇંડિયા હાઉસ' જ થઈ પડેલું.

શ્યામજી કૃષ્ણ વર્માનું મુખ્ય કાર્ય ઇંગ્લંડમાં ભણવા આવતા હિંદી વિદ્યાર્થીના વિચારોમાં ક્રાંતિ કરવાનું હતું; અને પોતાના પત્ર દ્વારા તેમણે એવો તો જ્વાલાગ્રાહી પ્રચાર કરવા માંડયો કે થોડા જ વખતમાં અંગ્રેજ અધિકારીઓની આંખમાં તે ખૂંચવા લાગ્યું. એવામાં ૧૯૦૬માં શ્યામજી કૃષ્ણ વર્માની કાઢેલી એક શિષ્યવૃત્તિ મેળવી વિનાયક દામોદર સાવરકર બૅરિસ્ટરીના અભ્યાસ માટે ઇંગ્લંડ આવી પહોંચ્યા. સાવરકરના આવવાથી ત્યાંની ક્રાંતિકારી ચળવળમાં બમણું જોર આવ્યું. એમણે ત્યાં આવીને 'અભિનવ ભારત' નામની સંસ્થા સ્થાપી. મૂળે મહારાષ્ટ્રમાં શરૂ કરેલી આ સંસ્થાનાં ધ્યેય ત્રાસવાદ અને સશસ્ત્ર ક્રાંતિ હતાં. શ્યામજી કૃષ્ણ વર્મા જે ધ્યેયનો 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ'માં પ્રચાર કરતા તે ધ્યેયને મૂર્ત કરવા, તે માટે કંઈક કાર્ય કરી બતાવવા યુવાનો તત્પર થઈ રહ્યા હતા, અને તેમને કેવળ શબ્દો નહિ પ્રત્યક્ષ કાર્ય જોઇતું હતું. અને સાવરકરે તેમને તે પૂરું પાડયું. દર રવિવારે 'ઇંડિયા હાઉસ'માં ભરાતી 'અભિનવ ભારત'ની સભામાં થતાં *ઉગ્ર ભાષણો ઉપરાંત બંદૂકની તાલીમ* અને બૉંબનું પ્રત્યક્ષ શિક્ષણ પણ અપાવા લાગ્યું. એવામાં હિંદી ક્રાંતિકારીઓમાં આગળપડતું સ્થાન ભોગવનાર લાલા હરદયાળ પણ તાજા જ એમ. એ. થઇને ત્યાં આવી પહોંચ્યા અને થોડા જ વખતમાં તે પણ અઠંગ ક્રાંતિકારી બન્યા. આમ સાવરકર અને હરદયાળની એ તેજસ્વી જોડીને લીધે એ કાળે લંડનનું વાતાવરણ એવું તો ક્રાંતિમય રહેવા લાગ્યું કે લંડન આવતા હિંદી વિદ્યાર્થીઓ પોતાની ઐહિક ને કૌટુંબિક આશા-આકાંક્ષાઓ ટેમ્સ નદીમાં પધરાવી દઇને સ્વાતંત્ર્ય-જંગ માટે પ્રતિજ્ઞાબદ્ધ બનતા. કેમકે ઇંગ્લંડ આવતા ઘણાખરા હિંદી વિદ્યાર્થીઓ 'ઇંડિયા હાઉસ'માં જ ઊતરતા અને પાછા ફરતી વખતે 'અભિનવ ભારત'ના સભ્ય થઇને જ બહાર નીકળતા!

વળી ઇંગ્લંડ તે સમયે ફક્ત હિંદી ક્રાંતિકારીઓનું જ નહિ, પણ આયર્લૅન્ડના વિપ્લવવાદીઓ અને રશિયાના નિહિલીસ્ટોનું પણ મુખ્ય થાણું હતું. **'समानशीलेषु व्यसनेषु सख्यम्'** એ ન્યાયે આ ત્રણે દેશના ક્રાંતિકારીઓ વચ્ચે સંબંધ બંધાતાં વાર ન લાગી. પરસ્પર માત્ર વિચારોની જ નહિ પણ બૉંબ, પિસ્તોલો આદિ હથિયારો વગેરેની પણ આપલે થવા લાગી. પણ એ સૌમાં, ગુપ્ત ક્રાંતિકારી સંસ્થા ચલાવવી, રાજદ્રોહાત્મક ક્ષોભ ઉત્પન્ન થાય તેવા સાહિત્યનો પ્રચાર કરવો, અમલદારો પર હુમલા કરવા, બૉંબ બનાવવા ઇત્યાદિ બાબતોમાં રશિયન 'નિહિલિસ્ટો' જ બધાના અગ્રેસર હતા. તેમની પાસેથી જ આયર્લૅન્ડ તથા હિંદના ક્રાંતિકારીઓએ તે વિદ્યા ગ્રહણ કરી. બંગાળમાંથી બારીન્દ્રકુમાર ઘોષે મોકલેલા હેમચન્દ્ર દાસ પણ આ નિહિલિસ્ટો પાસેથી જ બૉંબવિદ્યા શીખી ગએલા.

'અભિનવ ભારત'ના આંતરમંડળ અને બહિર્મંડળ એવા બે ભાગ હતા. બહિર્મંડળ સભાઓ તથા ઉત્સવ જેવાં જાહેર કાર્યો કરતું. તેમાં ગુરુ ગોવિંદસિંહ, શિવાજી ઇત્યાદિની જયંતી નિમિત્તે રાષ્ટ્રીય કાર્યક્રમો ઉજવાતા. પણ તે સૌમાં ૧૯૦૮ની ૧૦મી મેના રોજનો ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની અર્ધશતાબ્દીના ઉત્સવનો કાર્યક્રમ ખૂબ શાનદાર થયો. એ જ વખતે અંગ્રેજો પોતાના વિજયદિન તરીકે જ્યૂબિલિ ઊજવવાના હતા, તેના જવાબમાં ઉજવાએલો આ કાર્યક્રમ એવો તો યશસ્વી થયો કે તેથી આખું લંડન ધમધમી ઊઠેલું. તે દિવસે '૫૭ના વીરોનું શ્રદ્ધાપૂર્વક અભિવાદન કરવામાં આવ્યું, 'Oh Martyrs'

નામની પત્રિકા હજારોની સંખ્યામાં વહેંચાઇ, ઉગ્ર ભાષણો થયાં, અને અનેક સ્ત્રીપુરુષોએ ૧ માસ સુધી સત્તાવનના શહીદોની સ્મૃતિમાં કોઈક કડક વ્રત લેવાની પ્રતિજ્ઞાઓ લઇને તે માટે ખાસ તૈયાર કરેલી વીર-સ્મૃતિ-મુદ્રા છાતી પર ધારણ કરી. આ માટે ઘણા વિદ્યાર્થીઓને પાછળથી સહન પણ કરવું પડયું. કેટલાકને સ્કૉલરશિપો ગુમાવવી પડી અને કેટલાકને અભ્યાસ સુદ્ધાં છોડી દેવો પડયો. પણ કોઈ પોતાના નિશ્ચયમાંથી ડગ્યું નહિ.

અભિનવ ભારતના આંતર-મંડળે પ્રત્યક્ષ પિસ્તોલો ભેગી કરવી, બૉંબ બનાવવા ઇત્યાદિ કામો શરૂ કરી દીધાં. સેંકડો બ્રાઉનિંગ પિસ્તોલો પારીસ આદિ ઠેકાણેથી ખરીદાઈ ગુપ્તરીતે હિંદ મોકલાવા માંડી. બૉંબ રસ્તામાં ફૂટવાની બીક હોવાથી તેની 'ફૉર્મ્યૂલા' જ હિંદ મોકલાઈ અને બારીન્દ્રકુમારે તો એવી એક ફૉર્મ્યૂલા 'યુગાંતર' પત્રમાં આલેખ સાથે પ્રકટ પણ કરી નાખી !

દરમ્યાન હિંદમાં અંગ્રેજ સરકારે જે વ્યાપક જુલમો કરવા માંડયા તેથી લંડનમાંના હિંદી ક્રાંતિકારીઓમાં તીવ્ર અસંતોષ પેદા થવા લાગ્યો. બંગભંગ વખતે સરકારે કરેલું ઉગ્ર દમન, માણિકતોલા બૉંબ કેસ, ખુદીરામ બોઝ, કન્હૈયાલાલ તથા સત્યેન્દ્રનાથ જેવા વીર ક્રાંતિકારીઓને ફાંસી ઈત્યાદિના ખબરો જેમજેમ ઇંગ્લંડ આવવા લાગ્યા તેમતેમ ક્રાંતિકારીઓનો ક્રોધ અમર્યાદ બનતો ગયો. આખરે એ તીવ્ર અસંતોષનો જ્વાળામુખી ૧૯૦૯ના જુલાઈની ૧લીએ ફાટયો. એ દિવસે હિન્દી કચેરીમાં ભારતમંત્રીના સલાહકાર તરીકે કામ કરતા સર કર્ઝન વાઈલીનું લંડન શહેરમાં જ મદનલાલ ધીંગરા નામના પંજાબી જુવાનને હાથે ખૂન થયું !

મદનલાલ ધીંગરાનો જન્મ પંજાબના અમૃતસર જિલ્લામાં એક શ્રીમંત પંજાબી ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. જન્મથી જ તે પોતાના ધૈર્યશીલ, મસ્તીખોર સ્વભાવ તથા કુશાગ્ર બુદ્ધિમત્તા માટે પ્રખ્યાત હતો. બી. એ. પાસ થયા પછી તેણે આઇ. સી. એસ.ની પરીક્ષા માટે ઈંગ્લંડ જવાનું નક્કી કર્યું, અને ૧૯૦૬માં એક આગબોટ ઉપર મજૂર તરીકે નોકરી કરી સ્વપ્રયત્ને ઇંગ્લંડ ગયો. તે વખતે તેની ઉમર ૨૧ વર્ષની હતી અને લગ્ન થએલું હોઈ તેને એક પુત્ર પણ હતો. તેના બે ભાઇઓ પણ તે વખતે ઈંગ્લંડમાં હતા.

ઇંગ્લંડ આવ્યા પછી શ્યામજી કૃષ્ણ વર્મા, સાવરકર, હરદયાળ આદિ જોડે તેને પરિચય થયો ને તેનામાં સ્વાતંત્ર્ય-ભક્તિ જાગૃત થઇ ઊઠી. સિવિલિયન થઇને સરકારી નોકરી કરવી યા પૈસા કમાવાના ધ્યેયને બદલે દેશને સ્વતંત્ર કરવા પોતાના સર્વસ્વનું બલિદાન આપવાનો તેણે સંકલ્પ કર્યો અને તે 'અભિનવ ભારત'નો સક્રિય સભ્ય બની ગયો. ૧૮૫૭ના અર્ધશતાબ્દી-ઉત્સવમાં પણ તેણે આગળપડતો ભાગ લીધો હતો ને તે પ્રસંગની પેલી ખાસ 'વીર-મુદ્રા' કોટ પર ધારણ કરી તે કૉલેજમાં ગએલો. તે મુદ્રા જોઇ તેના કેટલાક અંગ્રેજ મિત્રોએ તેને ખેંચીને દૂર કરવાનો પ્રયત્ન કરતાં જ એ ભાવનાશાળી જુવાન એટલો તો ઉશ્કેરાઈ ગએલો કે ખિસ્સામાંથી છરો કાઢી તેમના પર તૂટી પડેલો !

હજી તો ધીંગરાનો પ્રવેશ 'અભિનવ ભારત'ના ફક્ત બહિર્મંડળમાં જ થએલો. આંતર-મંડળમાં દાખલ થવાની તેની ઉત્કટ ઇચ્છા હતી, પણ તેની રહેણીકરણી તદ્દન પાશ્ચાત્ય પદ્ધતિની હોવાથી તથા તેનો સ્વભાવ લહેરી અને વૃત્તિ મુક્તવિહાર કરવાની હોવાથી સંસ્થાના બીજા સભ્યો તેને આંતરમંડળમાં લેવાની વિરુદ્ધ હતા. પણ એ ભભકાદાર પોશાક ને લહેરી સ્વભાવની પાછળ રહેલું દેશભક્તિભર્યું હૃદય સાવરકરે પિછાન્યું ને તેમનો તેના પર વિશ્વાસ બેઠો. છતાં તેમણે તેના ધૈર્યની તથા દુઃખ સહન કરવાની હિંમતની પરીક્ષા લેવાનું ઠરાવ્યું. એક દિવસ સાવરકર અને મદનલાલ વાતો કરતા બેઠા હતા, ત્યાં સાવરકરે એક અણીદાર સોયો ખિસ્સામાંથી બહાર કાઢયો અને મદનલાલને તેનો હાથ લાંબો કરવા કહ્યું. મદનલાલે બિલકુલ થડકયા વગર તેમ કર્યું. તરત જ સાવરકરે તે સોયો તેના હાથની આરપાર ઘોંચી દીધો ! હાથમાંથી લોહીનો ફુવારો ઊડયો, પણ મદનલાલના મોઢામાંથી એક સિસકારો પણ ન નીકળ્યો !

બંગભંગ પછી આવેલા રાષ્ટ્રીય ક્રાંતિના જુવાળ દરમ્યાન જ્યારે અંગ્રેજ સત્તાના જુલમો મર્યાદાની હદ ઓળંગી ગયા ને દેશભાઈઓ પર થતા એ અનન્વિત અત્યાચારના હૃદયભેદક ખબરો જેમજેમ રોજ-બ-રોજ ઈંગ્લંડ આવવા લાગ્યા. તેમતેમ ઇંગ્લંડમાંના હિંદી ક્રાંતિકારીઓના ક્રોધનો પારો ઊંચે ને ઊંચે ચડતો ગયો. આખરે તેમણે આ અત્યાચારોનો સક્રિય વિરોધ કરવાનું ઠરાવ્યું અને તે માટે હિંદમાંની બ્રિટિશનીતિનું નિયમન કરતા સર કર્ઝન વાયલીનું ખૂન કરવાનું નક્કી કરવામાં આવ્યું. સર કર્ઝન વાયલી લંડનમાંની 'ઇન્ડિયા ઑફિસ'માં કાયમી સલાહકાર હતા. ઈંગ્લંડમાંના ભારતમંત્રી(સેક્રેટરી ઑવ્ સ્ટેટ) તો દરેક નવું પ્રધાનમંડળ બદલાય તે સાથે બદલાતા; પણ હિંદુસ્તાનના સર્વ કારભારનાં સૂત્રો તો ત્યાંના કાયમી અધિકારીઓના હાથમાં જ રહેતાં, અને તેમાં સર કર્ઝન વાયલી મુખ્ય હતા. તેમણે હિંદમાં વીસ વર્ષ સુધી નોકરી કરેલી હોઇ ઈંગ્લંડમાં તે સારી પેઠે પ્રખ્યાત હતા. મૂછનો દોરો પણ ન ફૂટયો હોય એવા જે સેંકડો જુવાનોને હિંદમાં અમાનુષ શિક્ષાઓ થતી હતી તેને માટે એ કર્ઝન વાયલીની નીતિ જ જવાબદાર હોવાનું મનાતું. વળી ઈંગ્લંડ આવતા હિંદી વિદ્યાર્થીઓ અંગ્રેજોના સહવાસમાં રહી હિંદીપણું ભૂલી જાય તે માટે પણ તેઓ અવિરામ પ્રયત્નો કરતા. આથી ક્રાંતિકારી જુવાનોએ એ સર કર્ઝન વાયલીનો કાંટો કાઢી નાખવાનું ઠરાવીને તે કાર્ય મદનલાલને સોંપ્યું.

હિંદી વિદ્યાર્થીઓનાં મનમાં અંગ્રેજ અમલ પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન થાય એ હેતુથી કર્ઝન વાઇલીએ એવી કેટલીક કલબો કાઢી હતી જેમાં અંગ્રેજો ને હિંદીઓ ભેગા મળીને આનંદપ્રમોદ તથા ચર્ચા કરતા, અને હિંદી વિદ્યાર્થીઓને ત્યાં આમંત્રીને 'ઇંડિયા હાઉસ'માં ન જવાનો ઉપદેશ આપતા. કર્ઝન વાઈલી હિંદમાં હતા ત્યારથી મદનલાલના પિતા સાથે તેમને મિત્રાચારી હતી, એટલે મદનલાલને તો પોતાના મિત્રના પુત્ર તરીકે તે ઘણી વાર એવી પાર્ટીઓમાં આમંત્રણ આપતા, અને મદનલાલ પણ છૂટથી તેમાં ભાગ લેતો. આથી કર્ઝન વાઇલીને મદનલાલ વિષે જરા પણ સંશય આવ્યો નહોતો.

વાઈલીના ખૂનની કામગીરી માથે લીધા પછી બીજે જ અઠવાડિયે મદનલાલને વાઇલી તરફથી આમંત્રણ આવ્યું. ઈ. ૧૯૦૯ના જુલાઈની ૧લીએ ઈમ્પીરિયલ ઇન્સ્ટીટયૂટમાં થનારા ઇંડિયન નૅશનલ એસોસીએશનના વાર્ષિક સમારંભમાં હાજર રહેવાનું એ આમંત્રણ હતું. ખિસ્સામાં ૬ બારની પિસ્તોલ અને કોટમાં રજૂ કરવાનો આખરી બચાવનામાનો કાગળ લઇને તે પાર્ટીમાં ઊપડયો. ત્યાં જઇને હમેશની માફક તેણે વાતચીત, ચર્ચા ને વિનોદ કરવા માંડયાં. એ આખો યે સમય મદનલાલનું વર્તન એવું શાંત હતું, તેના મુખની રેખાઓ એવી સ્વસ્થ હતી કે કોઇને સ્વપ્ને પણ ખ્યાલ ન આવ્યો કે થોડી જ વારમાં તે એક ભયંકર કૃત્ય કરવાનો હતો. એટલામાં સર વાઇલી સમારંભના સ્થાને આવી પહોંચ્યા. થોડી વારે મદનલાલ ઊઠયો ને થોડીક ખાનગી વાત કરવાની છે એમ કહી વાઈલીને જરા બાજુ પર લઇ ગયો; અને આંખના પલકારામાં તો ખિસ્સામાંથી

પિસ્તોલ કાઢીને તેણે વાઇલી ઉપર ધડાધડ ગોળીઓ છોડી. કર્ઝન વાઇલી લોહીના ખાબોચિયામાં ઢળી પડ્યા અને તત્કાળ મૃત્યુ પામ્યા. એ વખતે મિ. લાલકાકા કરીને એક ગૃહસ્થે ધીંગરા પર હુમલો કર્યો; પણ ધીંગરાએ તેમના પર પણ ગોળીઓ છોડી ઠાર કર્યા.

પાર્ટી માટે ભેગી થએલી મેદની આ ભીષણ બનાવ જોઇને ગભરાઇ ગઈ અને નાસભાગ કરવા લાગી. પણ ધીંગરાએ તો ગોળીઓ ખલાસ થતાં જ પિસ્તોલ ફેંકી દીધી અને હસતાંહસતાં લોકોને તાબે થઇ ગયો. તેને પકડીને બાંધવા મથતા લોકોને તેણે સ્વસ્થતાથી એટલું જ કહ્યું કે, 'મને જરા મારાં ચશ્માં બરાબર કરી લેવા દો; પછી મારા હાથ બાંધો.' એક ડૉકટરે એ પ્રસંગનું વર્ણન કરતાં કહ્યું કે, 'તે ખૂન પછી બધાંનાં હૃદય ભયને કારણે વેગથી ધ્રૂજી રહ્યાં હતાં, પણ ધીંગ્રાનું હૃદય અને નાડી તો પહેલાંની માફક જ સ્વસ્થ હતાં!'

ઈંગ્લંડમાં અને ખુદ લંડન શહેરમાં જ ધોળે દિવસે થએલા આ ખૂનથી બ્રિટનભરમાં હાહાકાર મચી ગયો. મદનલાલે બ્રિટિશ જુલ્મશાહીને ફેંકેલા પડકારથી બ્રિટિશ જનતા ચોંકી ઊઠી. જે ક્રાંતિકારી ચળવળને દાબી દેવા હિંદમાં અંગ્રેજો કાળજાતૂટ પરિશ્રમ કરી રહ્યા હતા તેની જ્વાળાઓ ખુદ ઈંગ્લંડમાં જ ફાટી નીકળેલી જોઈ અંગ્રેજ અફસરો મૂઢ બની ગયા. તરત તેમણે આની પાછળનું કાવતરું શોધી કાઢવા કમર કસી. મદનલાલને જેલમાં ધકેલી દેવામાં આવ્યો. મદનલાલના આ ભયંકર કૃત્યની તેના પિતાને જ્યારે ખબર પડી ત્યારે તે રાજભક્ત પિતાએ અધિકારી પર તાર મોકલ્યો કે 'મદનલાલ મારો પુત્ર નથી. તેણે મારા મોઢે મેશ ચોપડી છે!' મદનલાલના કૃત્યનો નિષેધ કરવા લંડનના કૅક્સ્ટન હૉલમાં ભરાએલી એક સભામાં મદનલાલના સગા ભાઇએ પણ મદનલાલનો ધિક્કાર કર્યો!

મદનલાલને બ્રિકસટન જેલમાં રાખવામાં આવેલો. ત્યાં તેના ભાઇએ તેની અંતિમ મુલાકાત લેવાને ખૂબ પ્રયત્ન કરેલો, પણ મદનલાલે તેનું મોં પણ જોવાની સાફ ના પાડી. જેલમાં તે એવો આનંદી ને ઉત્સાહી હતો કે જાણે તેને લગ્નની જ તૈયારી કરવાની ન હોય! જેલમાં તેને મળવા ગએલા મિત્રોએ તેને પૂછ્યું, 'તારે કંઇ જોઇએ છે?' ત્યારે તેણે હસીને જવાબ આપ્યો, 'અહીં બધી સગવડ છે; માત્ર પહેરેલો પોશાક બરાબર છે કે નહિ તે જોવા માટે અરીસો નથી તેની બહુ જરૂર છે. તે જરા મોકલી આપો તો સારું!'

તા. ૨૦મી જુલાઇએ મદનલાલને કોર્ટમાં લાવવામાં આવ્યો. કોર્ટ આખી ચિક્કાર ભરાઈ ગઈ હતી, પણ મદનલાલની મુખમુદ્રા તો તદ્દન બેફિકર અને નિર્ભય હતી. તેણે સૉલિસિટર રોકવાની ના પાડેલી હોવાથી ન્યાયાધીશે તેને પોતાનો બચાવ કરવા કંઇ કહેવું હોય તો કહેવાને કહ્યું; ત્યારે તેણે પોતાના ખિસ્સામાંથી પોલીસે કબજે કરેલું પોતાનું લખેલું સ્ટેટમેન્ટ(નિવેદન) વાંચવા કહ્યું. પણ પોલીસે તે પ્રકટ કરવાની ના પાડી અને તે દાબી રાખ્યું. જ્યારે તે સ્ટેટમેન્ટ પાછું મળવાની કોઈ આશા ન રહી ત્યારે ધીંગરા બોલ્યો: 'મારા દેશમાં યુવાનોને તેમની દેશભક્તિ માટે ફાંસી આપવામાં આવે છે અને જન્મટીપે મોકલાય છે. ઇંગ્લંડ માટે અંગ્રેજોને જે કરવાનું શીખવવામાં આવે છે, તે જ કાર્ય મારા દેશબાંધવો કરતા હોવા છતાં, માત્ર તેમની દુર્બળતાનો લાભ લઇ તેમને મારવામાં આવે છે. આના વેર તરીકે મેં આ કાર્ય કર્યું છે. હિંદમાં જઈ ત્યાં દસ હજાર રૂપિયાનો દરમાયો મેળવનાર દરેક અંગ્રેજ મારા દેશબાંધવો પૈકી એક હજારનાં ખૂન જ કરે છે, કારણ તે મોજશોખ પાછળ જે પૈસા ઉડાવે છે તેના વડે એક હજાર લોકો જીવતા રહી શકે. જે પ્રમાણે જર્મનીને ઇંગ્લંડ પર બળાત્કારથી રાજ્ય કરવાનો કોઇ હક્ક નથી એ જ રીતે અમારા દેશ પર બળાત્કાર રાજ્ય કરવાનો ઇંગ્લંડને કોઇ હક નથી; અને છતાં અમારા દેશમાં ચાલુ રહેલ બળાત્કારના બદલા તરીકે મેં આ કૃત્ય કર્યું છે. મારા હજારો દેશબાંધવોને ભૂખે મારવામાં આવે છે અને ગયા પચાસ વર્ષમાં અબજોની સંપત્તિ મારા દેશમાંથી લૂટવામાં આવી છે. એક બાજુ આ બધું હું જોઉં છું અને બીજી બાજુ જ્યારે અંગ્રેજોને રશિયા માટે તથા કૉંગોના લોકોની દુઃખદ સ્થિતિ માટે દુઃખ પ્રદર્શિત કરતાં જોઉં છું ત્યારે મને તેમના દંભીપણા પર અસહ્ય તિરસ્કાર છૂટે છે. આવી સ્થિતિ હોઇને, જેમ ઈંગ્લંડ જીતી લઇ તેના પર હકૂમત ચલાવતા એકાદ જર્મનને લંડનમાં અભિમાનથી ફરતો જોઇ કોઇ અંગ્રેજ યુવક તેને મારે તો તમે તેની દેશભક્તિનાં જે વખાણ કરો તે જ દેશભક્તિથી પ્રેરિત થઇને મેં આ કૃત્ય કર્યું છે.'

ધીંગરાની આ જુબાની પછી ન્યાયાધીશે કાળી ટોપી પહેરી અને ધીંગરાને ફરી પૂછ્યું: 'તને ફાંસીની શિક્ષા શા માટે ન આપવી જોઇએ તે માટે તારે કાંઈ કહેવું હોય તો કહે.' ત્યારે ધીંગરા દૃઢતાથી બોલ્યો, 'I do not plead for mercy; nor do I recognize your authority over me. All I wish is that you should at once give me the capital punishment. I want to be hanged, for, then the vengence of my countrymen will be all the more keener.'

આ નિર્ભય જવાબ સાંભળીને ન્યાયાધીશે કહ્યું, 'મદનલાલ ધીંગરા, મારા કંઈ પણ કહેવાની તારા પર બિલકુલ અસર થવાની નથી એ હું જાણું છું. તારા પર ખૂનનો આરોપ સાબિત થયો છે અને તેથી હું તને ફાંસીની શિક્ષા આપું છું.' આ સાંભળીને મદનલાલ ઊભો થઇને બોલ્યો, 'મને ફાંસી આપવા માટે હું તમારો આભારી છું; કારણ મારી પવિત્ર માભોમ કાજે મારા આ તુચ્છ દેહનું બલિદાન દેવાનું જે માન મને તેથી મળ્યું છે તે માટે હું ગર્વ અનુભવું છું.' એટલું કહી સિપાહીઓ સાથે હસતોહસતો તે ચાલ્યો ગયો.

ફાંસીને આગલે દિવસે તેને મળવા ગએલા સાવરકરને તેણે પોતાની અંતિમ ઈચ્છા જણાવી કે, 'મારા દેહની ઉત્તરક્રિયા હિન્દુ ધર્મ પ્રમાણે કરવામાં આવે. મારા શબને કોઇ પણ અહિંદુનો અને મારા ભાઇનો સ્પર્શ ન થાય. ને દહનક્રિયા વખતે કોઈ બ્રાહ્મણે મંત્રોચ્ચાર સાથે અગ્નિ દેવો. મારી ઓરડીમાં કેટલાંક કપડાં તથા પુસ્તકો છે તેનું લિલામ કરી જે પૈસા આવે તે રાષ્ટ્રીય ફંડમાં આપવા.'

બીજે દિવસે એટલે કે ૧૯૦૯ની ૧૬મી ઑગસ્ટે ફાંસી આપવાની હતી તે દિવસે સવારે ગાઢ નિદ્રા લઇ મદનલાલ ઊઠ્યાં. તેણે ઉત્તમ પોશાક ધારણ કર્યો અને સવારનો નાસ્તો પણ લીધો. ફાંસીનો વખત થતાં જેલનો ઘંટ વાગવા માંડ્યો. ખ્રિસ્તી પાદરીઓ તેના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા આવ્યા, પણ ધીંગરાએ જણાવી દીધું કે પોતે હિંદુ હોવાથી તેમનો ઉપદેશ સાંભળી શકે તેમ નથી. અને હિંદુ વિધિ પ્રમાણે જ પોતે મરવાનો આગ્રહ કર્યો. પછી ઉઘાડા માથે ને દૃઢ પગલે તે માચડે ચઢ્યો અને હસતોહસતો ફાંસીએ ચડી ગયો. મૃત્યુ બાદ તેના ચહેરા પર દુઃખની કે ભયની રેખામાત્ર નહોતી.

આમ, દેશની બલિવેદી પર એ ઉમદા પંજાબી જુવાનનું બલિદાન દેવાઇને તેના જીવન પર છેલ્લો પડદો તો પડ્યો. પણ તે અપૂર્વ નાટકનો એક અદ્ભુત અંક તો તેના મૃત્યુ પહેલાં જ ભજવાવો શરૂ થયો હતો. સર કર્ઝન વાઈલીના ખૂન પછી જ્યારે ધીંગરાને પકડવામાં આવ્યો ત્યારે તેના ખિસ્સામાંથી પોતાના (અનુ૦ પૃ ૨૫૦ મે)

દંશ... તો નાગણે દીધો હતો; પણ એને જીવલેણ બનાવ્યો માનવીની બેવફાઈએ



અજંતાની પહેલા નંબરની ગુફામાંનું ભગવાન અવલોકિતેશ્વરનું ચિત્ર જેની આસપાસ આ વાર્તા ગૂંથાઇ છે

જંગલમાં પગર[illegible] ત્રીસચાલીસ ડગ દૂર ઝાડીમાં મનને ડોલાવી દે એવા સ્વ[illegible]વાગતી હતી. પવન તદ્દન ધીમો હતો. વૃક્ષોનાં સૂકાં પાંદડાંનો અવાજ પણ એમાં વિક્ષેપ પાડતો ન હતો. ખળખળ વહેતા ઝરણાના પાણી જેવા મહુવરના સૂર વહ્યે જતા હતા.

સુબાહુ અને કાત્યાયન આ માદક સ્વર સાંભળી સહેજ ધીમા પડ્યા. તેઓ આ નાનું જંગલ વટાવી પેલી પાર આવેલી ટેકરીની ગુફાની ભીંતો પર સુંદર ચિત્રો ચીતરવા જતા હતા. કુતૂહલથી એ ઝાડી પાસે જઈ તેઓએ જોયું તો એક ગારુડી મહુવર સાથે પોતાનું મસ્તક ડોલાવતો સામેના દરમાંથી કાળા ભુજંગને બોલાવી રહ્યો હતો. સ્વર તો એવા દિલારામ કાઢતો કે ભલભલાને મોહિની લાગે. પરંતુ કેમે ય ફણીધર બહાર ડોકું સુદ્ધાં કાઢતો નહોતો.

બંને કલાકાર નાગને જોવા ગારુડી પાસે થોભ્યા. અરધી ઘડી સુધી ગારુડીએ ગાલ ફુલાવીફુલાવીને અવનવા રાગો છેડ્યા. પણ વ્યર્થ. ફણીધર બહાર ન આવ્યો તે ન જ આવ્યો. ગારુડી પોતાનો કરંડિયો ને મહુવર લઈ નિરાશાભર્યો ચાલી નીકળ્યો. કલાકારો પણ પેલી ટેકરી તરફ અધૂરી આશા જેવાં ધીમાં ડગ ભરતા ચાલી ગયા.

સંધ્યાટાણું થયું. કોડિયામાં તેલથી ભીંજાએલી દીવેટો સળગી. તે સમયે એક ગારુડી કાત્યાયનના ઘર પાસે આવ્યો. કહેવા લાગ્યો: 'આજ બે દિવસથી પાસેના જંગલમાં એક ઝેરી નાગને પકડવા મહેનત કરું છું. નાગ બડો નટખટ છે; હાથ નથી આવતો. ખાવાનું ખૂટી ગયું છે. સાંજ પડી ગઈ છે. થોડું અન્ન આપશો? અહેશાન ન ભૂલું.'

કાત્યાયનના પુત્રે બહાર આવી ગારુડીને અન્ન આપ્યું. ગારુડીની ભૂખ શમી. કાત્યાયને કહ્યું: 'તે દિવસ ઝાડી પાસે નાગને બહાર લાવવા તું મહુવર વગાડતો હતો તેવા સુરીલા સ્વર હમણાં કાઢ. સાંજનો વખત છે. કોઇ ઓર રંગત જામશે.'

અન્નદાતાનો હુકમ શીર પર ચઢાવી ગારુડીએ મહુવર છેડી. સ્વર હવાને હિંડોળે બેસી દૂરદૂર જવા લાગ્યા. 'આ કશે સાંભળેલા સ્વર ક્યાંથી આવે છે?' એમ વિચારતો સુબાહુ પણ ત્યાં આવી ચઢ્યો. સાથે તેનો પુત્ર નંદ અને પુત્રી ત્રિશલા પણ હતાં. ગારુડીનો આત્મા તૃપ્ત હતો તેથી તેના સ્વર પણ બેકસૂર વહ્યે જતા હતા. સ્વરમાં મીઠાશનું ચઢાણ આવતું ગયું. સ્વર દૂરદૂર પહોંચ્યા હશે એટલે તેની નિશાની લઈ પેલો ઝેરી ફણીધર ચાલી નીકળ્યો. મનને [illegible] રાખી શક્યો. દાબેલું મન જ્યારે છૂટ્યું ત્યારે બેલગામ બન્યું. સ્વરનાં ઉત્પત્તિસ્થાન અને તેના વચ્ચે અંતર કપાતું ગયું. ગારુડી પાસે નાગ આવ્યો ત્યારે ભયથી સર્વ દૂર ખસી ગયાં. ગારુડીએ ભુજંગને પાસમાં ભેરવ્યો. અને સંગીત આટોપી ત્યાંથી ચાલી નીકળ્યો.

એક બૌધધર્મી નૃપતિ સાધુઓના નિવાસ અર્થે સુંદર ગુફા-મંડપો તૈયાર કરાવતો હતો, જેમાં સાધુ રહે અને એકધ્યાનથી જ્ઞાનાર્જન કરે. ગુફામાં ઉત્કૃષ્ટ શિલ્પકામ તથા ચિત્રકામ કરીને તેને સજાવવા માંડી. સુબાહુ અને કાત્યાયનને કેટલાક સહાયકો આપી નૃપતિએ ચિત્રકામ સોંપ્યું હતું. ટેકરી પાસેના જંગલની બીજી બાજુએ આવેલા ગામમાં બંને કલાકારો રહેતા.

એક દિવસ કાત્યાયને સુબાહુને કહ્યું, 'હું ઘણી મહેનત કરું છું. ઘણા સમય સુધી ચિત્રસંયોજન માટે વિચારો કરું છું, પરંતુ તારાં જેવાં ચિત્રો અદ્યાપિ હું સર્જી શક્યો નથી. પેલા સામે દેખાતા ચિત્ર માટે મેં ત્રણ દિવસ વિચારમાં ગાળ્યા. ત્યારે આવું બનાવી શક્યો. છતાં તે જરા યે સુંદર નથી.'

'શું એ સુંદર નથી?'

'ના, જરા યે નહિ. જ્યારે તારા હાથ તો થોડા જ સમયમાં અત્યુત્તમ સર્જન કરી શકે છે. તારા નામ પ્રમાણે તારું કામ છે. તું સુબાહુ છે. તારા બાહુ ખરેખર સુંદર છે.'

'આમ મારાં વખાણ કર્યા કરવાથી શો ફાયદો?'

'તારું 'યક્ષદંપતી'નું ચિત્ર કેટલું સુંદર! 'બુદ્ધ અને યશોધરા'નું ચિત્ર કેટલું પ્રાણવાન! અને મારાં 'ઈંદ્ર અને તેનો પરિવાર', 'દાસી-વધ' આદિ ચિત્રો. તો તને ગમે છે?'

'શું એ ચિત્રો મને પસંદ નથી એમ તું માને છે?'

'નહિ જ હશે.'

'એવું કશું જ નથી. તું આમ નિરાશ ન થા. પ્રયત્નથી તું પૂર્ણ થશે.'

કાત્યાયને કહ્યું, 'નાજુકનમણી રેખાઓથી ચિત્રોને સજાવું છું, પણ તેમાં પ્રાણ નથી આવતો;-પૂતળાંને પોશાક પહેરાવ્યા હોય તેમ લાગે છે. તારા ચિત્ર 'સર્વનાશ'માં માત્ર પીંછીના થોડા લસરકા છે. નથી અલંકાર કે નથી આભૂષણ. તોપણ વૃદ્ધના ચહેરા પર સર્વનાશનો કેવો સચોટ ભાવ છે! તેનાં આંગળાં તો એવાં ચિતરાયાં છે કે માત્ર તે જ સર્વનાશ બતાવવા માટે પૂરતાં છે. મારામાં એ શક્તિ નથી. મને એવા કોઈ મહાન ચિત્રના ચિતારા થવાની મહેચ્છા છે.'

'એ ઈચ્છા પૂર્ણ થશે.'

'ક્યારે? અશક્ય, તદ્દન અશક્ય. એ ઈચ્છા કદી પૂર્ણ નહિ થાય.' કાત્યાયન ધીમો પડ્યો અને તદ્દન મંદ સ્વરે તેણે કહ્યું, 'સુબાહુ, મારે ખાતર એક કામ ન કરે? મારે નામે એક સુંદર ચિત્ર દોરી ન આપે?' અને તે સુબાહુના મુખ તરફ આશાભરી મીટ માંડી રહ્યો.

'ઓહો! એમાં શું? જરૂર.'

'પણ સહાયકો જાણશે તો?'

'રાત્રીના સમયે આપણે ચિત્ર તૈયાર કરીશું. તે વખતે સહાયકો નહિ હોય. દિવસે તે ચિત્ર પર થોડી સજાવટ તું કરજે. રાત્રે હું તે પૂર્ણ કરીશ.'

ધબકતા હૈયામાં ઊંડા શ્વાસ ભરતો કાત્યાયન આનંદસાગરમાં ઝૂલવા લાગ્યો.

રાત્રીના ઘેરા વાતાવરણમાં બે ચિતારા ગુફામાં કામ કરતા હતા. કોડિયું હાથમાં ધરી કાત્યાયન સુબાહુની પાસે ઊભોઊભો ચિત્ર પર પ્રકાશ પાડતો હતો. સુબાહુ પીંછી ચલાવતો ગયો. પાછળ કાત્યાયન અનિમેષ ઊભો રહી જોતો રહ્યો. સુબાહુએ સિદ્ધાર્થના ગૃહત્યાગનો વિષય લીધો. સહેજ ઢળેલું મનોહર મુખારવિંદ ચીતર્યું અને તેના પર ચિંતવન અને કરુણાના ભાવો પ્રકટ કર્યા. એક હાથમાં કમળ આપ્યું અને તેમાં નીલો રંગ પૂર્યો.

'સુબાહુ, કમલમાં નીલો રંગ કેમ પૂર્યો? ગુલાબી રંગ વધુ ખીલી ઊઠત.' કાત્યાયને સહેજ ફેરફાર સૂચવ્યો.

'કમળમાં ગુલાબી રંગ પૂરવાથી ઉલટી ચિત્રમાં ખામી આવશે, કાત્યાયન. ગુલાબી રંગ મોદ અને આનંદનો નિદર્શક છે પણ પાત્ર તો કરુણા વિષાદ ભરપૂર છે. નીલો રંગ ગંભીર અને કરુણાનું વાતાવરણ બતાવે છે.'

આ વાત ચાલતી હતી એવામાં સુબાહુએ રંગમાં પીંછી બોળીને ત્વરિત ગતિએ એક જ લસરકે બંને આંખ પરની ભ્રમર દોરી દીધી.

'વાહ! ધન્ય, ધન્ય સુબાહુ!'

'મારાં વખાણ કર્યા કરીશ કે ચિત્ર કેમ દોરાય છે તે જોઈશ?'

'સુબાહુ, આટલું સુંદર ચિત્ર શું ખરેખર તું મારે નામે ચઢાવીશ?'

'કાત્યાયન, દાન દેવું તો અમૂલ્યનું-ઉત્તમોત્તમનું જ દેવું. તારા નામે ચિત્ર ચડાવું તો તે ભવ્ય-જેનો જગતમાં જોટો ન મળે એવું હોવું જોઇએ. અલ્પજીવી ચિત્ર તને આપી મારે પામર નથી થવું.'

'પણ સુબાહુ, કદાચ આ વાત તારાથી જ બહાર પડે તો?'

'મારામાં વિશ્વાસ મૂક, કાત્યાયન. એક વખત હું બોલ્યો છું એટલે ત્રણે કાળમાં પણ નહિ ફરું. સુબાહુ વાત કરે ને તેનો મિત્ર શરમથી નીચું જુએ? કદી નહિ. કાત્યાયન, જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સુબાહુના મુખમાંથી તે વેણ નહિ નીકળે તેની તું ખાત્રી રાખજે.'

પાછળ કાત્યાયન મૂઢ જેવો ઊભો હતો. તેણે કોડિયાની જ્યોત મોટી કરી. જાણે અંતરથી કહેતો હોય, 'તારી કીર્તિજ્યોત આમ વધો.'

સવાર થવા આવ્યું. ચિત્રમાં હવે ખાસ કામ બાકી નહોતું. માત્ર મુકુટની ઝીણીઝીણી ભાતો ઉપસાવવાની હતી. કાત્યાયનના મોં પર આનંદની રેખાઓ રમતી હતી. સુબાહુએ પાછળ મોં ફેરવી પૂછ્યું, 'કેમ? ચિત્ર સુંદર દેખાશે ને?'

'ચિત્રનું સૌંદર્ય હણનાર કોઇ તત્ત્વ જણાય છે?' પ્રશ્નનો ઉત્તર પ્રશ્નથી મળ્યો.

'ત્યારે ભગવાન અવલોકિતેશ્વરનું ચિત્ર સંપૂર્ણ થયું છે. લે તારો હાથ લંબાવ, હું એનું દાન તને કરી દઉં.'

'આવા અમૂલ્ય દાનના પ્રસંગે અહીં કોઈ સાક્ષી નથી. તારી કીર્તિ કેમ વધશે?' કાત્યાયને કહ્યું.

'આ દીવો સાક્ષી છે ને?'

'નિર્જીવ સાક્ષી ન હોઈ શકે.'

'પણ સતેજ-નિર્જીવ છે. લાવ તારો હાથ.'

સુબાહુ ભગવાન અવલોકિતેશ્વર પર નજર માંડી બોલ્યો: 'પ્રભુ, દાન દઉં છું, તેનું મને અભિમાન ન હો. કદી પણ એનો કર્તા હું છું એવો અહંભાવ મારામાં ન આવો. આ ગુપ્ત કર્તવ્યની કથાનો એક કણ પણ બહાર ન લાવી શકું એવી મને, હે પ્રભુ, શક્તિ આપો. કાત્યાયન લે...' પણ વાક્ય પૂરું થાય તે પહેલાં તો ગુફા બહાર દૂરદૂરથી 'બાપુ, બાપુ' એવો ધીમો અવાજ સંભળાયો. બંનેએ કાન માંડ્યા. અવાજ પાસે આવતો લાગતો હતો.

'કાત્યાયન...'

'કોઇ આ બાજુ આવતું હોય એમ લાગે છે.'

'શું મૂઢ જેવો ઊભો છે. લે ...'

ત્યાં તો 'બાપુ! બાપુ!' કહેતો હાથમાં રાખેલી જ્યોતને બહારના પવનથી બચવતો સુબાહુનો પુત્ર નંદ હાંફતોહાંફતો અંદર આવ્યો અને ગભરાએલા સ્વરે બોલ્યો, 'ત્રિશલાબહેનને જૂના વડ આગળ ફરતી નાગણે દંશ દીધો.'

'હેં...?' કહેતો સુબાહુ દોડ્યો અને એ અંધારી રાતે ટેકરી ઊતરી પાછળ આવતા નંદની પણ દરકાર ન રાખતાં ગયો. તેની વહાલી પુત્રી ત્રિશલાનું શું થયું હશે એ જ તેની ચિંતા હતી.

કાત્યાયનને ભય પેઠો: 'કદાચ આ નંદ અવલોકિતેશ્વરનું ચિત્ર સુબાહુથી દાનમાં અપાતું જોઇ તો ન ગયો હોય?'

સુબાહુ ઘેર આવ્યો ત્યારે ત્રિશલાને લહેરા આવતા હતા. સુબાહુ તેને જાગૃત રાખવા પ્રયત્ન કરી રહ્યો. તેની પત્નીએ ત્રિશલાના મોં પર પાણીની છાલકો મારવી શરૂ કરી.

'આવી અંધારી રાતે ગારુડી પણ ક્યાં મળે?'

'હમણાં થોડા દિવસ પર ગારુડી ગામમાં ફરતો હતો ખરો.'

'તે નાગને લઇ ગયો ત્યારથી જ નાગણ ક્રોધે ભરાઇ છે. જ્યાંત્યાં રખડ્યા કરે છે અને ફૂંફાટા મારે છે.'

ત્યા તો નંદ અને કાત્યાયન આવી પહોંચ્યા. સુબાહુએ કાત્યાયન સામે જોઇ કહ્યું, 'આ ઝેર ઉતારનાર કોઇ મળે?'

'ગભરા નહી. સુબાહુ, તારો ઉપકાર ઘણો ...' તે અટકી ગયો. તેને પોતાને જ ગુપ્ત વાત ઊઘડતી લાગી. 'તે દિવસે જ ગારુડી આવ્યો હતો તે બીજે દિવસે નાગનો મહોરો આપી ગયો હતો. હમણાં લાવું છું.'

દોડતા ઘેર જઈ મહોરો લઇ આવી કાત્યાયને ત્રિશલાના પગે દંશ આગળ દાબ્યો. મહોરો ચોંટી ગયો. કાતિલ વિષ ચુસાવા લાગ્યું. વિષની શક્તિ ઊતરતાં ત્રિશલાએ નયન ખોલ્યાં: 'બા ...બાપુ ...'

'ત્રિશલા!' બંને પતિપત્ની ગદ્દગદ કંઠ થઈ ગયાં. બંનેએ પુત્રીના શરીર પર હાથ ફેરવ્યા. 'કાત્યાયન, તે અમારી પુત્રી જીવાડી. યમના પાશમાંથી તું છીનવી લાવ્યો.' કાત્યાયન નતમસ્તક બેસી રહ્યો.

થોડા દિવસમાં સહાયકો અને અને ગામના વતની જાણી ગયા કે કાત્યાયને ગુફામાં અવલોકિતેશ્વરનું સરસ ચિત્ર ચીતર્યું છે.

'કાત્યાયન, તારું કામ હવે સુબાહુના કામ કરતા ઘણું પ્રશંસાને પાત્ર થશે. પહેલાં તેં આવું અપૂર્વ સર્જન કદી નહોતું બતાવ્યું.' એમ લોકો કહેતા ત્યારે કાત્યાયન કહેતો, 'મેં મારાથી બનતું કર્યું છે.'

એક દિવસ કાત્યાયનના પિતાએ કહ્યુ 'પુત્ર, મેં તારી આટલી શક્તિ જાણી ન હતી.'

કાત્યાયનના સર્જનની પ્રશંસાનું ક્ષેત્ર વધતું ચાલ્યું. આખરે નૃપતિને કાને વાત ગઈ. તેમણે રાણીને કહ્યું, 'બૌદ્ધ સાધુઓ માટે આપણે ગુફામાં મંડપો કોતરાવીએ છીએ ત્યાં આપણા નામી કલાકાર સુબાહુએ ઘણું સુંદર ચિત્રણ કર્યું છે. પણ તે સુંદર ચિત્રણથી પણ અધિક સુંદર ચિત્રણ તો બીજા એક કલાકાર કાત્યાયને કર્યું છે. એણે ભગવાન અવલોકિતેશ્વરને ચિત્રમાં સ્થિર કર્યા છે.'

રાણીએ કહ્યું, 'હા, પરિચારિકા પણ આ વાત લાવી છે. પણ જો તેમજ હશે તો સુબાહુને અપાનાર પોશાક, કીંમતી ભેટ અને રત્નો વગેરે કાત્યાયનને મળશે.'

નૃપતિએ જાહેર કર્યું હતું કે ચિત્ર તેમજ શિલ્પના અત્યુત્તમ કામ માટે પોતે તે કામ કરનાર કલાકારને પોશાક તેમજ રત્નોની ભેટ આપશે. સુબાહુ આ વાત જાણતો હતો તે છતાં મિત્રને ખાતર તેણે સર્વ ચિત્રના શિરટોચ રૂપ ભગવાન અવલોકિતેશ્વરનું એ ચિત્ર કાત્યાયનને દાન કર્યું હતું. પોતાની પાસે રાખ્યા માત્ર ભવ્ય ત્યાગ અને ત્યાગનું તેજ. ત્યાગના અપૂર્વ તેજથી તે ઝળહળતો રહ્યો.

ગુફાનાં કામ પૂરાં થયાં હતાં. એક શુભ દિવસે નૃપતિ ખુદ પોતાના રસાલા સાથે પેલા ચિત્રના દર્શનાર્થે આવ્યા. ચિત્ર જોઇને આનંદિત બની ગયા; 'અદ્‌ભુત!' માત્ર એક જ. શબ્દ તેમના ઓષ્ઠથી સરી પડ્યો. નૃપતિએ સુબાહુને બોલાવ્યો, 'સુબાહુ, ચિત્ર ખરેખર સુંદર છે?'

'સુંદર છે એટલું જ નહિ, મહારાજ; સર્વમાં શ્રેષ્ઠ છે.'

'તો તો શ્રેષ્ઠ કૃતિના પુરસ્કારનો અધિકારી કાત્યાયન જ ઠરે છે.'

'હા. મહારાજ.,

'એથી તો તારી કીર્તિ ઝાંખી પડશે.'

'મહારાજ, પોતાથી કોઈ ચઢતો હોય તો તેની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરવો જ જોઇએ.'

'અંતરથી કહે છે?'

'અંતરના ઊંડાણથી કહું છું, મહારાજ.'

'જરા સાંજે સૂર્ય આથમવા ટાણે મહેલે મળજે.'

'જી.'

સાંજે સુબાહુ નૃપતિને મળવા ગયો. રાણીએ કહ્યું: 'સુબાહુ, મને પૂર્ણ આશા હતી કે રત્ન અને પોશાક તો તને જ મળશે.'

'હું અધિકારી હોત તો જરૂર લેત. હું હવે લાયક નથી.'

નૃપતિએ પોતાનો સંદેહ વ્યક્ત કરતાં કહ્યું: 'મને ભગવાન અવલોકિતેશ્વરના ચિત્રમાં તારા હાથના વળાંક—'

'મહારાજ, એવું કંઇ જ નથી.'

'એક સાધારણ ચિતારાના હાથે આવું સર્જન શક્ય છે?'

'શક્તિ ઘડાતાંઘડાતાં વધે છે, મહારાજ.'

'કાલે દરબારમાં હું કાત્યાયનને તો ભેટ આપીશ જ. પરંતુ હું તારા પર ખુશ છું. મેં તારાં સર્જનો જોયાં છે. આવતી કાલે રાજા તરીકે કાત્યાયનને હું ભલે ભેટ આપું, આજે સાદા કલાપારખુ તરીકે મારી આ ભેટ લે.' કહી રાજાએ રત્નનો દાબડો કાઢ્યો.

'ના મહારાજ, હું એ ભેટ ન લઈ શકું. આપે મારી શક્તિ વખાણી એ જ મારે માટે અલભ્ય ભેટ છે. જો હું આ રત્નો લઉં અને તે વાત બહાર જાય તો કાત્યાયનને અન્યાય થાય.'

'તું ભલે મારી ભેટ ન સ્વીકારે; પણ મને છેવટ સુધી ભગવાન અવલોકિતેશ્વરના ચિત્ર વિષે શંકા રહેશે.'

'મહારાજ, પોતાની શક્તિ બહારનું કોઈ વ્યક્તિ કામ બતાવે ત્યારે આપણને બે વિચાર સૂઝે: કાં તો આપણે આશ્ચર્યથી અવાક થઈ જઇએ કે કાં તો તેના કામ પ્રત્યે શંકા વ્યક્ત કરીએ. એ ન્યાયે આપને આવો ભાસ થાય છે.'

'તું ભગવાન અવલોકિતેશ્વરનો ચિતારો હોવાની ના પાડે છે?'

'હા મહારાજ.'

'તો દેવના શપથ લે જોઉં.'

'હું જરૂર સોગંદ લેત. પરંતુ આવી નજીવી વાતમાં ભગવાન અવલોકિતેશ્વરને શા માટે લાવવા?'

'તારી મરજી. જા; કાલે દરબારમાં આવશે ને?'

'હા' કહી પ્રણામ કરી સુબાહુ ચાલ્યો ગયો.

બીજા દિવસની ઉષાના ગાલે લાલી આવી. કાત્યાયન વારંવાર આનંદસાગરના તળિયા સુધી જઈ રહેતો. દરબારમાં જતી વખતે એના મોં પરનું હાસ્ય ઘણા જોઈ ગયા હતા.

દરબારમાં આવનારા બધા આવી ગયા. છડીદારે છડી પોકારી. એ પોકાર શમતાં નૃપતિનાં પગલાં સંભળાયાં. સર્વેએ નમીનમી વંદન કર્યાં. નૃપતિ સિંહાસને બિરાજ્યા. નૃપતિથી ઘણે દૂર સુબાહુ પણ નિર્વિકાર મને બેઠો હતો. નૃપતિએ ઇશારતથી ભેટનો થાળ લાવવા કહ્યું. એક પરિચારિકા ઝગમગતો થાળ લઇ આવી.

નૃપતિએ થાળને હસ્તસ્પર્શ કર્યો અને કાત્યાયને સુબાહુ તરફ નજર ફેંકી. તેનો અર્થ સુબાહુએ વિચાર્યો: 'ભાઈ, આ તારા કર્તવ્યથી.' દરબારીએ વિચાર્યો: 'જોઇ લે, હું હવે તારાથી ચડ્યો ને!'

દરબારમાંથી જતી વખતે નૃપતિએ હાથી પર બેસાડી મહામાનથી કાત્યાયનને વિદાય કર્યો. સાથે કેટલાક પ્રશંસકો અને મિત્રો ચાલતા હતા. સુબાહુ પણ આનંદિત હૈયે સાથે જોડાયો. તેને દિલે ટાઢક હતી કે, 'મેં મિત્રધર્મ પૂરેપૂરો બજાવ્યો.'

કાત્યાયન ઘેર આવ્યો અને શય્યામાં પડ્યો. તેની પત્ની પાસે આવી કહેવા લાગી, 'આજે તમારું નશીબ ખૂલી ગયું. રાજ્ય તરફથી મહામાન મળે એ ઓછું કહેવાય? તમે તો હવે મોટા ચિતારા ગણાયા. પેલો આજ સુધી મોટો ગણાતો સુબાહુ તમારી આગળ હવે કંઇ વિસાતમાં નથી.'

'તું બહાર જા, મને અતિ શ્રમ પહોંચ્યો છે.'

કાત્યાયન વિચારે ચડ્યો: 'મને મહામાન મળ્યું. રાજાજ્ઞાથી અંબાડીમાં બેસી હું ઘેર આવ્યો. સુબાહુ મારાથી ઊતરતો ગણાયો. પરંતુ સત્યાસત્યનો વિચાર કરતાં એ ખોટું છે. સુબાહુ તે સુ-બાહુ. એના જેટલું હસ્તકૌશલ મારામાં ન જ આવી શકે. એ મહા કલાકાર છે. અને દિલ કેટલું ઉદાર! આવું ભવ્ય માન મિત્રને ખાતર છોડી દીધું. કેવો ભવ્ય ત્યાગ!

પણ તેનો પુત્ર નંદ પેલો દાનનો પ્રસંગ જોઇ તો નહિ ગયો હોય ને? જો તે જોઈ ગયો હોય અને વાત બહાર પાડે તો તો મારી કીર્તિ ધૂળમાં રગદોળાય. સુબાહુ તો પોતે કિંચિત્ માત્ર વાત બહાર ન જવા દે તેવો છે. મને પૂર્ણ ધૈર્ય છે. પણ નંદે સહેજ દાત બગાડ્યો છે. જોકે હજી મે બાજી હાથથી ગઇ તો નથી જ. નંદ ન આવ્યો હોત તો? નંદ ન હોય તો કેવું સારું થાત! પણ એણે હજુ સુધી વાત તો

કોઈને નથી કરી. જેવો પિતા તેવો પુત્ર. કદાચ ઉતાવળમાં આવ્યો અને ટેકરી ઊતરી ગયો એટલે ચિત્ર-કથા સાંભળી કે જોઇ ગયો પણ ન હોય. પરંતુ જો જોઇ ગયો હોય તો—! તો સમય જતાં કીર્તિની ટોચ ડગમગે. ભગવાન અવલોકિતેશ્વર, કીર્તિટોચને સ્થિર કરવી આપના હાથમાં છે.'

ગારુડી નાગને પકડી લઈ ગયો તે દિવસથી નાગણ રોષમાં ભટક્યા કરતી. કોઈ એકલદોકલ મનુષ્યને જોતી કે તેના પર ધસી જતી. બે ત્રણ મનુષ્યને તો યમસદન પહોંચાડ્યા હતા.

નાગણનો અત્યાચાર આમ વધી ગએલો જોઇ ગારુડીને બોલાવી તેને પકડાવવાનો ગામલોકે વિચાર કર્યો. એક દિવસ ગામચોરે મળી ગામલોક હજુ આ વિચાર કરે છે એટલામાં તો સુબાહુના ઘરમાં કોલાહલ મચી રહ્યો. વાત આવી કે સુબાહુના પુત્ર નંદને નાગણ ડંશી ગઇ. સુબાહુએ લાગલી જ ત્રિશલાને કાત્યાયનને ત્યાં મહોરો લેવા મોકલી.

ત્રિશલાએ કાત્યાયનના પુત્રને પૂછ્યું: 'નંદભાઈને નાગણ કરડી છે. મહોરો લેવા આવી છું. કાકા ઘરમાં છે?'

'હા, છે.'

'તો કહોને કે બાપુ મહોરો માગે છે.'

કાત્યાયને કહેવડાવ્યું કે 'હું જ આવું છું.' તેણે નાગનો મહોરો લીધો ને ભેટમાં ખોસી દઈ ઘરની બહાર નીકળ્યો. તેની આંખમાં નશો હતો.

મનુષ્યને ધન અને કીર્તિ મળવાથી તેનામાં આંતરિક ફેરફાર થતા હશે? કાળા અંધકારમય રસ્તા પર તે ચાલી નીકળ્યો. બહારનું વાતાવરણ કાળું હતું અને અંતરમાં પણ કાળા વિચારનો ધોધ વહેતો હતો. એ વિચારતો હતો: 'અવલોકિતેશ્વરના ચિત્રના દાન-પ્રસંગે નંદ ન આવ્યો હોત તો? પણ હવે ભય રાખવાનું કારણ નથી. નંદને નાગણ ડંશી છે... નહિ, નહિ. આવા વિચારો શા માટે આવે છે?'

કાત્યાયનને આવતાં બહુ સમય લાગવાથી સુબાહુએ બીજો માણસ દોડાવ્યો. ત્યાં તો નંદને લહેરા આવવા લાગ્યા. વિષ શરીરમાં ધીમેધીમે વ્યાપતું ગયું. સુબાહુએ નંદનું મસ્તક તેની પત્ની પાસેથી લીધું. તે માણસ પાછળ માણસ કાત્યાયનને બોલાવવા મોકલતો જ

માસમાસની વનસ્પતિ-વિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ [૧૮]

મધુમાલતી

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ.એસસી.



મનોહર લાલ ફૂલોથી શોભતી આ રમણીય ભરાવદાર વેલ આપણે ત્યાં સારીરીતે જાણીતી છે. અંગ્રેજીમાં તે 'Rangoon Creeper' નામથી ઓળખાતી હોઇ તેને 'રંગુન વેલ' પણ કહે છે; ને હિંદીમાં પણ 'રંગુનકી વેલ' તથા મરાઠીમાં 'રંગુનચા વેલ' ઉપરાંત 'લાલ ચમેલી' કહે છે. વળી તેને બારે માસ ફૂલ આવતાં હોઈ તે કેટલીક જગ્યાએ 'બારમાસી' નામે પણ ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ કિવસ્કૉલિસ ઇન્ડિકા (Quisqualis Indica, Linn.).

આ વેલનું મૂળ ઉત્પત્તિસ્થાન તો મલય દ્વીપસમૂહ, પણ હિંદભરમાં તે ૧૦૦૦ ફીટ ઊંચાઇ સુધીનાં સૌ સ્થળે ઉગાડી શકાય છે.

મધુમાલતીની વેલ મોટી, કોઇ પણ આધાર પર સારી ઊંચાઈએ ચડી જતી, અને કઠણ થડવાળી હોય છે. તેની છાલ પાતળી ને રંગે રાખોડી હોય છે ને તેની કૂમળી ડાળો પર રૂંવાટી હોય છે. તેનાં પાન લંબગોળ, ટોચે અણીદાર અને તળિયે સહેજ ખાંચાવાળાં હોય છે. પાન શાખાઓના ઉપરના ભાગમાં સામસામાં પરંતુ નીચેના ભાગમાં એક પછી એક ગોઠવાએલાં હોય છે.

આ બારમાસી વેલનાં રૂપસુંદર ફૂલોનો ખરો ઉદ્‌ભવકાળ તો માર્ચથી ઑગસ્ટ. ફૂલો શરૂમાં સફેદ પરંતુ અંતે લાલ થાય છે તે શાખાઓના મધ્ય ભાગમાં તેમજ ટોચે ઝૂમખાંમાં ગોઠવાએલાં હોય છે. ફૂલ દાંડી-રહિત જ હોય છે, પરંતુ તેના વજની પાંચ લીલી પાંખડીઓ એકબીજી સાથે જોડાઇને લાંબી નળી બને છે જે ફૂલની દાંડી જેવો ખોટો ભાસ આપે છે. આ નળીનો તળિયાનો ભાગ સહેજ ઉપસેલો હોય છે જેમાં અંડગ્રંથિ રહેલી હોય છે. તેનું ફળ ૧ ઇંચ લાંબું, લીસું, પાંચ ખૂણાવાળું ને કઠણ છાલવાળું હોય છે. તેમાં એક બીજ હોય છે. આ વેલ કાપકલમથી ઉગાડવામાં આવે છે.

મધુમાલતી ઉપયોગી ઔષધીય વનસ્પતિ ગણાય છે. મોલુક્કામાં તેનાં બીજ કૃમિ-નાશક ગણાય છે. 'ફાર્માકોપીઆ ઇન્ડિકા'-માં જણાવ્યા પ્રમાણે તેનાં ૪થી ૫ બી મધ અગર ગોળ સાથે આપવાથી બાળકોનાં પેટમાં રહેલાં ગોળ તેમજ બીજાં કૃમિ બહાર નીકળી પડે છે. આંબોયામાં તેનાં પાનનો ક્વાથ પેટ ફૂલી ગયું હોય તેવા દરદીને અપાય છે. પેટશૂળના દર્દમાં પણ આ ક્વાથનો અસરકારક ઉપયોગ થાય છે. ચીનમાં તેનાં પાકાં બીજને શેકી તે ઝાડા અને તાવમાં અપાય છે. ઉપરાંત તેના બીજમાંથી ઉપયોગી તેલ પણ નીકળે છે.

ગયો. અંતે જ્યારે કાત્યાયન આવ્યો ત્યારે તેને અતિ આનંદ થયો.

'કાત્યાયન, મહોરો લાવ્યો ?' સુબાહુએ આનંદિત થઇ પૂછ્યું.

'સુબાહુ, મહોરો મળતો નથી. ઘણો શોધ્યો. માટે જ આટલો સમય ગયો ને?'

'ભાઈ, તું જલદી પાછો જા.શોધ કર. મારા પુત્રના પ્રાણ ....'

કાત્યાયન ચાલી નીકળ્યો.

પળપળનો હિસાબ ગણાવા લાગ્યો. પણ કાત્યાયન ન ફર્યો. કીમતી સમય તંગ પણછમાંથી છૂટેલા તીરની માફક વહે જતો હતો. નંદની જિંદગી સમયના પ્રવાહથી ધોવાતી જતી હતી.

મહોરો લેવા ગએલા ઘણા મનુષ્યો ખાલી હાથે પાછા ફર્યા ત્યારે નંદનું મસ્તક પત્નીને આપી સુબાહુ જાતે દોડ્યો. 'કાત્યાયન મહોરો મળ્યો કે નહિ ?'

'શોધું છું. કોણ જાણે આવે સમયે જ એ ક્યાં ગયો !'

'શોધ, શોધ. મારા પુત્રને બચાવ.'

'ભાઇ, મારાથી બનતું તો કરું છું.'

'નંદની જીવનદોરી તારા હાથમાં છે.'

'હં. તું નંદને સંભાળ હું આવું છું.'

મિત્ર પર વિશ્વાસ મૂકી સુબાહુ ઘેર ગયો. નંદની સ્થિતિ ગંભીર બનતી હતી. કીમતી હીરા સાટે પણ ન વેચાતો સમય મૃગફાળે દોડતો રહ્યો. નંદના શરીર પર સહેજ લીલાશની ઝાંખ જણાઈ. માતા હૈયાફાટ રડી ઊઠી. બહેન પોશપોશ આંસુ સારવા લાગી. પિતા ફરી દોડ્યો કાત્યાયનને ત્યાં. 'ભાઈ લાવ મહોરો, મારો પુત્ર મુંઝવાઈ ચાલ્યો. મારા પુત્રના સમયે જ તારો મહોરો ખોવાયો! મારું નસીબ! કાત્યાયન, મહોરો નથી મળતો ? ... નથી મળતો ? નંદ...નંદ...તું જશે જ ? કાત્યાયન ...' પિતા આક્રંદ કરી ઊઠ્યો.

'સુબાહુ, ગભરા નહિ હું શોધું છું.'

'મારા પુત્રના મૃત્યુ વખતે હું ન ગભરાઉં ? આ ચાલ્યો; ચાલ્યો. યમદેવના બાહુપાશ લંબાઈ રહ્યા છે. કાત્યાયન લાવ મહોરો. તું કદાચ મશ્કરી કરતો હોય. આ તેને માટે સમય નથી. કાત્યાયન ! કાત્યાયન !' કાત્યાયનના પગ પકડી સુબાહુ વીનવતો રહ્યો.

'હું મશ્કરી કરું ? તારો મારા પર મહાન ઉપકાર છે. નંદ તો તારો શું મારો પણ પુત્ર છે. તું જા. હું મહોરો શોધીને આવું છું. યમના ક્રૂર પાશમાંથી હું નંદને બચાવીશ. જા, હું આવું ત્યાં સુધી નંદને ઊંઘવા ન દઇશ. જાગતો રાખજે.' સુબાહુ ભારે હૈયે દોડતો ઘર તરફ ચાલ્યો.

જ્યારે ઘરના ઉંબરામાં પગ મૂક્યો ત્યારે ત્યાંનું દૃશ્ય જોતાં જ તેનો સાદ ફાટી ગયો. 'બેટા નંદ, નંદ ...'


લીલા કુંજાર રંગનું શરીર નિશ્ચેષ્ટ પડ્યું હતું અને મોં પર ફીણ બાઝ્યું હતું.

હરીશ મં. સંઘાડિયા


પારો (અનુસંધાન પૃ. ૨૪૯થી ચાલુ)

રસકપુરના દ્રાવણમાં પોટાશિયમ સલ્ફોસાયેનાઇડનું દ્રાવણ નાખવાથી મર્ક્યુરિક સલ્ફોસાયેનાઈડ બને છે. આ પદાર્થને જરા ગુંદર અને પાણી સાથે મેળવી તેની ટીકડીઓ બનાવાય છે. આ ટીકડીઓને સળગાવવાથી ખૂબ રાખ પેદા થાય છે અને તેમાંથી સર્પ જેવો આકાર નીકળે છે. દિવાળીના તહેવારોમાં દારૂખાનામાં આવા સાપ બાળકો સળગાવે છે. પણ આ સાપ બનતા હોય ત્યારે ઝેરી હવા પેદા થાય છે, માટે સાવચેતીથી કામ લેવું.

પારાનાં કેટલાંક સંયોજનોના રંગનો ઉલ્લેખ પણ અસ્થાને નહિ ગણાય. રસકપુરના દ્રાવણમાં કૉસ્ટિક સોડાનું દ્રાવણ ઉમેરી તૈયાર કરેલો મર્ક્યુરી ઑક્સાઈડ રંગે પીળો હોય છે; પારાને હવામાં અમુક ઉષ્ણતાએ ગરમ કરી તૈયાર કરેલો મર્ક્યુરી ઑક્સાઈડ રંગે લાલ હોય છે. પીળા ઑક્સાઇડને ગરમ કરવાથી તે લાલ બની જાય છે. એ જ રીતે કાળો મર્ક્યુરી સલ્ફાઈડ પણ લાલ બને છે. આ ફેરફાર શાથી થાય છે તેનું કારણ હજી સમજાયું નથી.



કસોટીના જવાબ : (૧) ૮ આના. (૨) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે (૩) ૯૯ + $\frac{9}{9}$. (૪) ૨૬૬ પાનાં. (૫) ૧૨૧૬. (૬) છેવટનો વિજેતા નક્કી કરવા ૯૯ હરીફો દૂર થવા જોઈએ. તે માટે ૯૯ કુસ્તી રમાવી જોઈએ. (૭) (ક) રાણી વિક્ટોરિયા. (ખ) માણસની જિંદગી. (ગ) તે વન નથી પણ બંગાળમાં ગંગાના મુખ આગળ આવેલો ડેલ્ટાનો ફળદ્રુપ પ્રદેશ છે. (ઘ) વિલિયમ બૂથ. (ચ) કલાઇ. (છ) એક જ વાર. ૧૯૨ની બેળગાંવ કૉંગ્રેસ વખતે. (જ) ૧૩ લાખ ગણો. (ઝ) જાંબુડિયો, વાદળી, આસમાની, લીલો, પીળો, નારંગી ને લાલ. (ટ) સ્ટૉકહોમ(સ્વીડન), ઑસ્લો(નોર્વે), હેલ્સિન્કી(ફિન્લૅન્ડ). (ઠ) કોકેશસમાં આવેલો માઉન્ટ એલ્બ્રસ, ૧૮૫૨૬ ફૂટ.



દિલ્હીમાં બિરલા-બંધુઓએ બંધાવેલું વિખ્યાત 'લક્ષ્મીનારાયણનું મંદિર', જેમાં સર્વ હિંદુ દેવોની પ્રતિષ્ઠા કરેલી છે.

ઔદ્યોગિક વિકાસ માટે આધુનિક જ્ઞાન મેળવી લીધું. એ ચારે ભાઇઓ આજે હિન્દી ઉદ્યોગપતિઓમાં મોખરે છે.

ઘનશ્યામદાસ બિરલાએ કંતાન ને બારદાનની દલાલીનો વેપાર શરૂ કરી ધંધાનો વિકાસ કર્યો; અને જૂનવાણી વિચારના એક અંગ્રેજે એમનું અપમાન ન કર્યું હોત તો કદાચ આજ સુધી એ જ વેપાર ચાલતો હોત. ક્લાઈવ સ્ટ્રીટમાં આવેલી અંગ્રેજોની ઑફિસોમ જ્યારે એ સોદા નક્કી કરવા જતા ત્યારે એમને લિફ્ટનો ઉપયો કરવાની મનાઇ હોવા ઉપરાંત, સાહેબને મળવા માટે રાહ જોવ પડે ત્યારે પટાવાળાને માટે રાખવામાં આવેલા બાંકડા પર તેમ બેસવું પડતું. યુવાન અને સ્વમાની બિરલાને આ વસ્તુ ખૂંચ



શ્રી ઘનશ્યામદાસજી બિરલા



શ્રી જુગલકિશોરજી બિરલા (સૌથી મોટા ભાઈ)



શ્રી રામેશ્વરદાસજી બિરલા

તેઓ પોતાની પાસે જે કંઈ મૂડી હતી તે બધીનું રોકાણ કરીને શણ તેમજ કાગળની સ્વતંત્ર મિલો ઊભી કરવાનું નક્કી કર્યું.

આ દરમિયાન મોટા બે ભાઈઓના હાથમાંનો બાપદાદાનો વેપાર ફૂલીફાલીને લાખોના આંકડે પહોંચ્યો હતો. એમને લાગ્યું કે આ યુગમાં નવી વેપારી પદ્ધતિએ કામ ચલાવવું ઇષ્ટ છે અને તેથી ૧૯૧૯માં બધા ભાઈઓએ પોતાની મૂડી એકઠી કરીને 'બિરલા બ્રધર્સ'ના નામથી લિમિટેડ કંપની ઊભી કરી. આજે એમાં દરેક ભાઈ પોતાની વિશિષ્ટ શક્તિ રેડે છે. ઘનશ્યામદાસ રાજકારણ અને આર્થિક બાબતોના નિષ્ણાત છે; કલકત્તા ઑફિસના સંચાલક જુગલકિશોર કુનેહથી કામ લેનાર અને નવા માર્ગ સૂચવનાર છે; રામેશ્વરદાસમાં વ્યાપારી કુનેહ ઉપરાંત પ્રગતિકારક વિચારો છે અને બ્રિજમોહન વર્તમાન વેપારપદ્ધતિનું વિશાળ જ્ઞાન ધરાવે છે.

૧૯૨૨માં મંદીનું જે મોજું આવી ગયું તેનો પવન આ પેઢીને પણ લાગી ગએલો. નફા ઊડી ગયા, પણ સદ્‌ભાગ્યે તેમના બધા જ ધંધા ટકી રહ્યા. એક અંગ્રેજ પેઢીને ખબર પડી કે બિરલાવાળા શણની મિલ બાંધવા માટે અમુક જમીન લેવાના છે, એટલે તેણે બિરલાને એ મિલ બાંધતા અટકાવવા માટે એ જમીનની વચ્ચેવચ્ચેના થોડાક ટુકડા ખરીદી લીધા. આ ખટલો કોર્ટે ચડ્યો. જામી ગએલી અંગ્રેજ પેઢીને જ્યારે લાગ્યું કે આ કેસમાં ચોક્કસ પોતે જીતશે તે જ વખતે એને ખબર પડી કે બિરલાની મિલ તો બંધાઈ રહી છે. એ લોકોએ બીજી જગાએ ખાનગી રીતે જમીન મેળવી લીધી હતી!

સઘળી મૂડી એક જ ધંધામાં ન રોકવી એવો બિરલા પેઢીનો નિયમ છે. આ નિયમને લીધે મંદીના મોજામાંથી તેઓ બચી જાય છે. ૧૯૨૨ની સાલના મંદીના મોજામાં તેમના ધંધા ટકી રહ્યા તે આ જ કારણે. અનેક ધંધાઓમાં એમની મૂડી રોકાએલી છે, એટલે કોઈકમાં મંદી તો કોઈકમાં તેજી એમ ચાલે છે. એમની પેઢીના કાર્યક્ષેત્રનો ખ્યાલ નીચેની હકીકત ઉપરથી આવશે: એમના કાબૂમાં હાલ ખાંડની સાત મિલો છે જે હિન્દુસ્તાનમાં બનતી ખાંડનું ૧૦ ટકા જેટલું ઉત્પાદન કરે છે. હિન્દી કાપડ ઉત્પાદનના ૪ ટકા જેટલું કાપડ બનાવતી પાંચ કાપડની મિલો તે ધરાવે છે. દેશી રૂ સાફ કરીને એની ગાંસડીઓ બાંધવાનાં કારખાનાં, યુદ્ધને અંગે જરૂરી લોખંડનો સામાન બનાવવાનાં કારખાનાં તથા સાઈકલ ને મિલોને ઉપયોગી સંચા બનાવવાનાં ત્રણ કારખાનાં તેમની માલિકી હેઠળ છે. આ ઉપરાંત એક શણની મિલ, એક કાગળ બનાવવાની મિલ, એક સ્ટાર્ચ બનાવવાનું કારખાનું, બે મોટી વીમા કંપનીઓ અને એક બૅંક તેમના હાથમાં છે. બિરલા પેઢીની દેખરેખ નીચે ચાલતી આ બધી મિલો, કારખાનાં વગેરેમાં આશરે ૫૦,૦૦૦ માણસો કામ કરે છે અને વરસે લગભગ ૨૩ કરોડ રૂપિયાની કિંમતનો માલ તે બનાવે છે.

વ્યાપારમાં કમાએલું ધન લોકસંગ્રહ અર્થે ખર્ચવાના બિરલાના પ્રયત્નોમાં જુગલકિશોર બિરલાએ નવી દિલ્હીમાં બંધાવેલા લક્ષ્મીનારાયણના વિખ્યાત ભવ્ય મંદિર ઉપરાંત સરસ દાખલો તો રણના પ્રદેશમાં આવેલા એમના નાનકડા ગામ પીલાનીમાંની શિક્ષણસંસ્થાઓ છે. એને માટે યોજેલા બિરલા કેળવણી ટ્રસ્ટમાંથી ત્યાં આશરે રૂ. ૮,૫૦,૦૦૦ના ખરચે કેળવણી માટે તે વિવિધ શાળા-કૉલેજો બંધાવે છે, જેમાં 'રૉયલ ઇન્ડિયન નેવી' માટેના વહાણના ઇજનેરો વગેરે તૈયાર કરવાની એક ખાસ શાળા પણ બંધાય છે જેનું સુકાન સરકારને સોંપી દેવામાં આવ્યું છે. છોકરા તથા છોકરીઓ માટેની માધ્યમિક શાળાઓ ઉપરાંત કૉલેજો તથા ગામ જનતાનાં બાળકો માટે હુન્નરઉદ્યોગનું શિક્ષણ આપતી નિશાળો પણ ત્યાં છે. ઉપરાંત જયપુર રાજ્યમાં પણ તેમણે ૩૦૦ નિશાળો બંધાવી છે.

હમણાં બિરલા ભાઈઓએ પોતાની વિશાળ પેઢીનું આખું યે તંત્ર પોતાના પાંચ છોકરાઓને સોંપી દીધું છે. એ છોકરાઓની ઉંમર ૨૧થી ૩૫ની છે. જ્યારે જરૂર પડે ત્યારે એમને મુરબ્બીઓ તરફથી સલાહ તેમજ માર્ગદર્શન મળે છે. એ બધા જ ભાઈઓએ ઉચ્ચ ઔદ્યોગિક કેળવણી લીધી છે અને હિંદમાં મોટર, રાસાયનિક પદાર્થો તથા ઇલેક્ટ્રિક સામાન વગેરે બનાવવાનાં કારખાનાં ઊભાં કરવાની તેમની ખ્વાહેશ છે.

ચંપક ઠાકર

બિરલા મંદિર

જેનું ચિત્ર પાછળ આપ્યું છે તે દિલ્હીમાં રાજા બલદેવદાસ બિરલાએ ઇ. ૧૯૩૮માં બંધાવેલું લક્ષ્મીનારાયણનું વિશાળ મંદિર મુસાફરો તથા લોકોના આકર્ષણનું મોટું કેન્દ્ર છે. હરિજનો સુદ્ધાં સર્વ હિંદુઓને માટે તે ખુલ્લું છે એ તેની વિશેષતા છે, અને પૂજા સત્સંગ તથા કીર્તનની ત્યાં સર્વ સગવડ કરવામાં આવી છે. ઉપરાંત ભીંતો પર ઠેરઠેર આલેખેલાં, આમ જનતાને ધર્માભિમુખ કરતાં ચિત્રો, ધર્મસૂત્રો વગેરે સાત્ત્વિક વાતાવરણ ખડું કરે છે.

મંદિરના મુખ્ય દરવાજામાંથી અંદર દાખલ થતાં એક બાજુએ આરસની કોતરણીમાં કૃષ્ણાર્જુન ઉપદેશનું અને બીજી બાજુ રામને આત્મજ્ઞાન આપતા વસિષ્ઠ અને વિશ્વામિત્રનું આલેખન છે. મંદિરમાં વિવિધ ગર્ભગૃહોમાં નારાયણ ને લક્ષ્મીની, શિવ અને શક્તિની તેમજ અન્ય હિંદુ દેવોની આરસની પ્રતિમાઓ છે; અને મુખ્ય મંડપ આરસના સ્તંભો તથા ફરસબંધીથી સમૃદ્ધ છે. તેની ડાબી બાજુની દીવાલે બૌદ્ધ ભિક્ષુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરતા અશોકનું તથા ચાણક્ય પાસે વિદ્યા શીખતા ચંદ્રગુપ્ત મૌર્યનું એમ બે ચિત્રો છે. 'ચાઇનીઝ સોસાયટી'એ ભેટ આપેલો કાંસાનો સુંદર કોતરણીવાળો એક મોટો ઘંટ પણ ત્યાં છે. મંદિર ચોમેરના પ્રદક્ષિણા માર્ગોની પરસાળોમાં પ્રાચીન તથા અર્વાચીન તત્ત્વચિંતકો (વેદવ્યાસ અને મહાવીર, ધર્મરાજ અને પતંજલિ, અર્જુન-ઉર્વશી અને ધન્વંતરી, સ્વામી વિવેકાનંદ અને દયાનંદ સરસ્વતી આદિ)નાં ચિત્રો તથા તેમની નીચે તેમનાં સૂત્રાત્મક વાક્યો આલેખેલાં છે. આ મુખ્ય મંદિર સિવાય એક બૌદ્ધ મંદિર તથા જૈન મંદિર પણ અલગ બંધાવેલાં છે. બૌદ્ધ મંદિરમાં બુદ્ધની કાંસાની મૂર્તિ ઉપરાંત ભીંતો પર બુદ્ધજીવનના મુખ્યમુખ્ય પ્રસંગો તથા સિદ્ધાંતોને મૂર્ત કરતાં આલેખનો છે.

મંદિરના આસપાસના બગીચામાં પણ નાનાં ને મોટાં, સંતો ને સંસારીઓ સર્વને રસ પડે એવી વિશિષ્ટ રચના તથા વ્યવસ્થા કરવામાં આવી છે. સાધુઓ તથા એકાંતવાંછુઓ માટે ગુફાઓ તથા આસનો બનાવેલાં છે, જ્યારે બાળકો માટે હીંચકાઓ તથા લપસણીઓ છે. વળી બાગમાં ઠંડા પાણીના ઝરાઓ વહે એવી વ્યવસ્થા કરેલી છે, જેના મુખ્ય ઉગમ-સ્થાને યમુનાની મૂર્તિ બેસાડેલી છે. એ સિવાય રણજીતસિંહ, શિવાજી, મહારાણા પ્રતાપ, બાજીરાવ પેશ્વા, મહારાણી લક્ષ્મીબાઇ આદિ પ્રતાપી ભારતસંતાનોના સ્મરણમાં ઠેરઠેર સ્તંભો ઊભા કરેલા છે. બાગના એક ખૂણામાં અશોક, સમુદ્રગુપ્ત, પૃથ્વીરાજ ચૌહાણ ઇત્યાદિની મનુષ્ય આકૃતિ જેવડી મોટી મૂર્તિઓ ગોઠવેલી છે. જમણી બાજુએ આવેલા ગીતાભવનમાં પુરાણો તથા ગીતાનું વાચન સતત ચાલ્યા કરે છે જે લાઉડસ્પીકરો દ્વારા બગીચામાં તેમજ બહાર પણ સંભળાય તેવી વ્યવસ્થા કરેલી છે.

માત્ર, આટલું લખલૂટ ધન ખર્ચીને આટલી ઉદાત્ત ભાવનાથી તૈયાર કરેલા આ મંદિરમાંની મૂર્તિઓ, ચિત્રો તથા તેના સ્થાપત્ય પાછળ વિશુદ્ધ ભારતીય કલાદૃષ્ટિનો આગ્રહ નથી રખાયો એ ખૂંચે છે.

મનન (અનુસંધાન પૃ૦ ૨૩૦થી ચાલુ)

કાશ્મીર ભૌગોલિક દૃષ્ટિએ બેમાંથી ગમે તે એક સંસ્થાન જોડે જોડાઈ શકે એવું હતું. પાકિસ્તાને એને પોતાની સાથે જોડાઈ જવાનું દબાણ કર્યું. એથી કંઈ વળ્યું નહિ ત્યારે ૪૭ના ઑક્ટોબરની શરૂઆતમાં વાહનવ્યવહારની મુશ્કેલીનું બહાનું કાઢી પેટ્રોલ, અનાજ અને કાપડ કાશ્મીરને મળે નહિ એવી નાકાબંધી કરી. મુસ્લિમોને રંજાડવામાં આવે છે એવો આક્ષેપ કાશ્મીર રાજ્ય પર મૂકીને, સરહદી તાયફાવાળાઓને ઉશ્કેરીને, એમને અદ્યતન શસ્ત્રસરંજામ આપીને કાશ્મીરની સરહદમાં ઘુસાડયા. કાશ્મીરના મહારાજા ગભરાઈ ગયા. એમણે હિંદની મદદ અને જોડાણ બંને માગ્યાં. હિંદે શાન્તિ સ્થપાયા પછી જોડાણ અંગે લોકમત માગવાની શરતે કામચલાઉ જોડાણ આપ્યું ને કાશ્મીરના બચાવ માટે સૈન્ય ઉતાર્યું. પરિણામે આખો રંગ બદલાઈ ગયો. કાશ્મીરમાં જવાબદાર રાજતંત્ર અમલમાં આવ્યું ને પ્રજાના સન્માન્ય નેતા શેખ અબ્દુલ્લા વડા પ્રધાન બન્યા. પછી તો પાકિસ્તાને ઉત્તરોત્તર પોતાનું પોત પ્રકાશવા માંડયું ને છેલ્લા આઠ માસથી કાશ્મીરને મોરચે યુદ્ધ જાહેર કર્યા વિના પાકિસ્તાન અને હિંદ વચ્ચે યુદ્ધ ખેલાઇ રહ્યું છે.

પાકિસ્તાન પોતાના પ્રદેશમાં થઇને તાયફાવાળાઓને આક્રમણ કરવા જવા દે છે, એમને યુદ્ધસામગ્રી પૂરી પાડે છે, પાકિસ્તાની લશ્કરીઓ પણ અદ્યતન યુદ્ધપદ્ધતિએ લડતમાં સામેલ રહ્યા છે અને હિંદ સંઘની હકૂમતના પ્રદેશમાં પાકિસ્તાને ગેરકાયદે પ્રવેશ કર્યો છે અને આમ કરીને આંતરરાષ્ટ્રીય કરારોનો ભંગ કર્યો છે એ મતલબની ફરિયાદ હિંદ સંઘે આંતરરાષ્ટ્રીય અદાલતમાં દાખલ કરી. પણ હિંદની ચડતી કળા જેમનાથી સંખાતી નથી, વા જેમને હિંદ પોતાને અનુકૂળ નથી એવો અણવિશ્વાસ છે તેવાં રાજ્યોએ કેવળ દુર્ભાવથી એ પ્રશ્નને ગૂંચવી નાખ્યો, ને ફરિયાદનો તાત્ત્વિક મુદ્દો તપાસવાને બદલે આડીતેડી વાતો ચર્ચાવા માંડી, ને ફરિયાદી તરીકે ગએલા આપણે તહોમતદાર બનીને પાછા આવવા જેવું થયું.

ઘણા કહે છે કે હિંદે આંતરરાષ્ટ્રીય સંઘ આગળ આ પ્રશ્ન લઇ જવામાં ભૂલ કરી છે. કદાચ હશે. પણ હિંદને તો લડાઇ જ ટાળવી હતી. કાશ્મીરનો લોકમત જો હિંદને નાપસંદ કરે તો પોતાની સત્તા ઠોકી બેસાડવાની એને ઇચ્છા નહોતી. પણ પાકિસ્તાને કાશ્મીરમાં ચંગીસખાની જંગલી રીતો અજમાવેલી તેને એ પત કરવા માગતું નહોતું. હિંદને ન્યાય ને શાન્તિ જોઇએ છે. સદ્ભાવની ભૂમિકા પર એ બાંધછોડ કરવામાં પણ માને છે. પણ એ ત્રણેનો અભાવ વર્તાતાં એણે સ્થિરતાથી જંગલી આક્રમણખોરોની સાફસૂફી કરવાનું કામ ચાલુ રાખ્યું. તે પણ પરહદમાં પ્રવેશ્યા વિના. અત્યારે તો પાકિસ્તાનનો જૂઠાણાનો પરપોટો ફૂટી ગયો છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘના કમિશન આગળ આક્રમણમાં પોતે સામેલ હોવાનું એણે મોઢુંમોઢું પણ કબૂલ રાખ્યું છે. એટલે હવે જો સમાધાન નહિ થાય તો પાકિસ્તાન અને હિંદનો સંબંધ વધુ વણસે એવો પૂરો સંભવ છે.

ત્રીજો મોરચો હૈદરાબાદનો હતો. સત્તાત્યાગને લીધે બ્રિટિશ સાર્વભૌમત્વનો અંત આવી જતાં પોતાની જવાબદારીઓનો અંત આવી જાય છે, બ્રિટિશ લશ્કર પણ ખસેડી લેવાનું છે, બ્રિટનનો રાજા હિંદના શહેનશાહનું બિરુદ છોડી દેવાનો છે, હિંદના કોઈ પણ ભાગને હિંદથી અલગ રીતે બ્રિટનની કશી મદદ નહિ મળે, એવી, સુલેહકારોની, બ્રિટિશ વડાપ્રધાનની અને હિંદના વાઈસરૉયની વારંવારની ચોખવટ છતાં હૈદરાબાદના નિઝામને સ્વતંત્ર રહેવાના કોડ હતા. તે પણ પ્રજાની મરજી પૂછયા વિના. પં૦ જવાહરલાલે સ્વરાજ્ય મળ્યા પૂર્વે કહી રાખ્યું હતું કે દેશી રાજ્યો કાં યૂનિયનમાં ભળી જાય કે કાં સમાન દરજ્જે બંધારણસભામાં ભાગ લે; પરંતુ કોઈ પણ રાજ્ય સ્વતંત્ર રહી શકશે નહિ. હિંદનું રાજ્ય પોતાની મહીં પરદેશો જોડે સ્વતંત્ર સંબંધ રાખતાં રાજ્યોને નિભાવી લેશે નહિ. છતાં હૈદરાબાદે હઠ પકડી રાખી. આખરે ન ચાલ્યું ત્યારે એણે હિંદ સાથે યથાવત્ કરારો કર્યાં. એમાં જોડાણનું તત્ત્વ આવી જતું હોવાથી હિંદ સંઘે એ કરારો માન્ય રાખ્યા હતા. પણ હૈદરાબાદની એ રાજરમત હતી. એને વખત મેળવવો હતો અને સૈન્ય જમાવી માથું ઊંચકવું હતું. એને પાકિસ્તાનની પ્રેરણા અને ગુપ્ત સહાય હતી એ પણ સિડની કૉટનવાળા ઉડ્ડયન-પ્રકરણ પછી પુરવાર કરવાનું રહેતું નથી. એક વખત સદ્ભાવ રાખીને હિંદ સંઘે હૈદરાબાદમાંથી લશ્કર ખસેડયું કે ત્યાં રઝાકારોની રંજાડપ્રવૃત્તિ શરુ થઇ ગઈ. યથાવત્ કરારોનો પણ છડેચોક ભંગ કરવામાં આવ્યો. છતાં હિંદ સંઘે ખામોશી રાખીને વાટાઘાટોને માર્ગે હૈદરાબાદનો પ્રશ્ન ઉકેલવા પ્રવૃત્તિ આદરી. પણ નિઝામનું માથું ફરી ગયું હતું અથવા રઝાકારોના ફાસિસ્ટ તંત્ર આગળ એનું કશું ચાલતું નહોતું. મંત્રણાઓ તૂટી પડી અને હિંદે હૈદરાબાદની સાન ઠેકાણે આણવા આર્થિક નાકાબંધીનો આશ્રય લીધો. છતાં પરિસ્થિતિ વણસતી જ રહી છે અને ખુલ્લી લડાઇ ફાટી નીકળવાની હરેક પળે રાહ જોવાય છે.

આ પ્રકરણમાં પણ હિંદ સંઘે પોતાની નિર્બળતા અને અ-દૂરદર્શિતા પ્રગટ કરી છે એમ ટીકાકારોનું કહેવું છે. પ્રશ્નના સ્વરૂપને પ્રથમથી જ પામી જઇને પ્રશ્નને ઊગતો ડામવાને બદલે અનિર્ણયમાં કે અણઆવડતમાં હિંદ સંઘ પ્રશ્નને ખૂબ ઉગ્ર થવા દે છે અને પછી નછૂટકે એનો ઉપાય શોધવા બેસે છે. પહેલેથી જ ઉપાય કર્યો હોય તો પ્રશ્ન વિફરે નહિ એમ ટીકાકારો કહે છે. એ ટીકામાં ઘણું તથ્ય છે એમાં તો સંદેહ જ નથી. છતાં કજિયાનું મોં કાળું કરવાની વૃત્તિ જોર કરતી હોવાથી જ આવી ભૂલો થવા પામે છે. જોકે એટલું જ સાચું એ નિર્બળતાનું નહિ પણ નિર્દોષતાનું લક્ષણ છે. જોકે રાજકાજમાં નિર્દોષતા કદીક નિર્બળતાનો પર્યાય બને ખરી.

બહારના જે વિકટ પ્રશ્નોનો સામનો આ એક વર્ષમાં આપણા રાષ્ટ્રને કરવો પડયો છે તેનો ખ્યાલ ઉપર આપ્યો. પણ અંદરના પ્રશ્નો પણ ઓછા ઉગ્ર નહોતા. પીઢ નેતાઓની મહેચ્છા એવી હતી કે પ્રજાને સ્વરાજ્યનું સુખ ભોગવતી કરી મૂકવી અને દોઢ સૈકાની જે પરાધીનતાએ પ્રજાના હાડ ભાંગી નાખ્યાં હતાં તેમાંથી પ્રજાને ટટ્ટાર કરવી. આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં ઘણું કરવાનું બાકી હતું. મહાસભાના ધ્યેયમાં વ્યક્ત થતા સમાજવાદના અવતરણ માટે રાષ્ટ્રનિયોજન ને ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણનો કાર્યક્રમ અમલમાં મૂકવાનો હતો. દેશનું ઉત્પાદન વધારી અછત અને અંકુશોમાંથી દેશને મુક્ત કરવાનો હતો. બંધારણ ઘડવાનું હતું. રાષ્ટ્રવિકાસની યોજનાઓ હાથ ધરવાની હતી. સામાજિક અસમાનતા અને નિરક્ષરતા દૂર કરવાની હતી. પણ પોરો ખાવાનો વખત મળે તો આ બધું હાથ ધરી શકાય ને? ભાગલા પડવાથી દેશના અર્થતંત્રમાં મોટી ઉથલપાથલ થઈ ગઇ હતી. અધૂરું હતું તે નિર્વાસિતોના પુનર્વસવાટે પૂરું કર્યું. કાશ્મીર મોરચાની લડાઈ પણ ઓછી ખર્ચાળ નથી. બ્રિટન પાસેનું આપણું લેણું ગંજાવર છતાં આપવામાં અળિયાંગળિયાં કરે છે ને ડૉલર વગર આજે પરદેશોમાંથી માલ ખરીદવો ફાવતો નથી. સમૃદ્ધ છતાં ગરીબ આ દેશ આયાત-નિકાસના ધોરણે જ પોતાના વ્યવહારને સ્થિર કરી શકે. બીજી બાજુએ અનાજ, કાપડ આદિ

પ્રાથમિક જરૂરતો પરના અંકુશોથી પ્રજા હેરાન થઇ ગઇ હતી. બીજા વિશ્વયુદ્ધને લીધે ઊભી થએલી મોંઘવારીએ પ્રજાને નીતિદુર્બળ બનાવી હતી અને વેપારીઓની સંઘરાખોરી તથા કાળાં બજારની અને અમલદારોની રૂશ્વતખોરીની કંઇ વાત પૂછવાની નહોતી.

પ્રજાને પુનઃ નીતિને માર્ગે વાળવા ગાંધીજીએ અંકુશો ઉઠાવી લેવાનો પોકાર ઉઠાવ્યો. ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને અંકુશોથી કંટાળેલી પ્રજાએ એમાં સૂર પુરાવ્યો અને લાઈલાજ બનીને સરકારે પ્રજામતને વશ વર્તવાનું સ્વીકાર્યું. અંકુશો ક્રમેક્રમે જવા લાગ્યા અને ભાવોમાં ઉછાળો આવવા માંડયો. પ્રજા અણકેળવાયલી અને ઉદ્યોગપતિઓ ને વેપારીઓ કેવળ સ્વાર્થી, એટલે વખત આવ્યે પ્રજાદ્રોહી અને દેશદ્રોહી પણ ખરા. પરિણામે અછતની અછત રહી અને બાંધી આવકવાળાઓને મોંઘવારીનો માર પડયો. મધ્યસ્થ સરકાર અને પ્રાંતિક સરકારોની વહીવટી કુશળતા વિશે આખા યે પ્રકરણમાં પ્રજાને સતત સંદેહ રહ્યા કર્યો છે અને એ સંદેહ દૂર કરવાના પ્રયત્નો અને ઉધામા છતાં એ ટકી રહ્યો છે. એનો નિર્ણય ભાવી જ કરી શકે. છતાં એક વસ્તુ નક્કી છે કે રાજતંત્ર જ બધા ચમત્કારો કરી દે એવી મનોદશા પ્રજાનો મોટો ભાગ સેવે છે. પ્રજાના સહકાર વિના સારામાં સારો, કુશળમાં કુશળ કાર્યક્રમ નિષ્ફળ જાય એ વસ્તુ હજી પ્રજાના ધ્યાનમાં જોઇએ તેટલી ઊતરી નથી. આપણે ગભરૂ, વેવલી, ટૂંકી બુદ્ધિવાળી સ્વાર્થી પ્રજા છીએ, આપણામાં ચારિત્ર્ય અને સહિષ્ણુતાનું તેજ નથી, એનો અનુભવ ડગલે ને પગલે થતો જાય છે. આપણે ચીસો પાડીએ છીએ પણ વસ્તુસ્થિતિ સમજવા રોકાતા નથી. સમજ્યા પછી એને અનુસરવાની આપણામાં હામ હોતી નથી. છતાં ગાળો નેતાઓને ભાંડીએ છીએ. સ્વરાજ્ય ભોગવતી પ્રજાની કર્તવ્યબુદ્ધિ જેવી જાગતી હોવી જોઈએ તેવી આપણી કર્તવ્યબુદ્ધિ જાગતી નથી. પરિણામે આપણે સ્વરાજ્યને કેવળ હાડમારી સ્વરૂપે જ ઓળખીએ છીએ ને કેટલાક તો જૂના શાસનને યાદ કરીને નિસાસા પણ મૂકતા જોવા મળે છે. આ વિપરીતતા જેવીતેવી નથી. આપણે સમર્થ નેતાઓને લીધે જ ઊજળા દેખાઇએ છીએ, બાકી કંગાલોના ટોળા કરતાં વધારે ઊંચું ખમીર બતાવવાની ધૃતિ આપણામાં નથી. વર્ષોની ગુલામીએ આપણી એવી વિકલ મનોદશા કરી નાખી હશે. તોપણ વેગથી અને સંકલ્પથી આપણે સ્વભાવની પુનર્રચના કરવી જોઈશે. તે વિના આપણે કશું સિદ્ધ નહિ કરીએ ને નેતાઓએ સિદ્ધ કર્યું હશે તે પણ હૈયાફૂટાપણામાં ખોઇ બેસીશું.

દેશમાં સત્તાવાદ અને કોમવાદ પણ માથું ઊચકી રહ્યો હતો, અને જુદાજુદા રાજકીય પક્ષો સત્તા હસ્તગત કરવા ઊંચાનીચા થતા હતા એ પણ સ્વરાજ્યની બીજી મોટી મુશ્કેલી હતી. હોંસાતૂસી, આક્ષેપો, કાવતરાં, હડતાળો, રમખાણો, એ બધા પ્રપંચોનો કંઇ શુમાર રહ્યો નહિ. શાસન કોમવાદનું વિરોધી હતું અને પ્રજા કોમવાદ તરફ ઢળતી હતી. બિનકોમી નેતાઓ આગળ પ્રજાનું કંઇ ચાલતું નહોતું, છતાં અંદરથી એ ગુસ્સે પણ હતી. આખરે પ્રજાના એ કોમવાદના કેટલાક કાવતરાખોરો નિમિત્ત બન્યા, ને જેમણે કેવળ આત્માની સત્તાથી દેશમાં આંતરિક સુલેહશાન્તિ જાળવી રાખી હતી, જરાક જ્યાં પ્રજા અવળે માર્ગે ચાલે કે પોતે ઉપવાસથી પ્રાયશ્ચિત્ત કરી પ્રજાની સુધબુધ ઠેકાણે લાવતા હતા, તે પુણ્ય પુરુષનો એ કાવતરાખોરોએ ભોગ લીધો. ગાંધીજી એક દેશવાસીને હાથે, એક સ્વધર્મીને હાથે, અધર્મ નહિ કરવાના અપરાધસર વીંધાયા! સ્વરાજ્યના પહેલા જ વર્ષમાં આ દેશ પર ગુજરેલી એ ઘોરતમ આપત્તિ હતી. સારો દેશ પૂજ્ય બાપુજીને ગુમાવીને રડયો, કકળ્યો, પણ શુદ્ધ થયો. નેતાઓ અધિક સજાગ થયા. પ્રજાએ શરમાઇને કોમવાદ ખંખેરવા માંડયો. આમ ગાંધીજીના આત્મસમર્પણથી પ્રજાનું નિશ્ચયબળ થોડુંક વધ્યું. છતાં ખોટ તો એમની પૂરી પુરાય એમ નથી જ. એમના જવાથી દેશનું તેજ ઝાંખું થયું હોય એમ લાગે છે. નેતાઓ જુવાન લાગતા હતા તે હવે ઘરડા લાગે છે. અને છતાં એમનો વારસો અમર તપે છે. એ કેવળ સ્વરાજ માટે મથ્યા નહોતા, પણ સર્વોદય માટે મથ્યા હતા. એમનું જીવનભરનું કાર્ય ભાવનારૂપે, નીતિરૂપે, પરંપરારૂપે હજી યે સજીવ છે.

આ બધા પ્રશ્નો છતાં આપણે ટકી રહ્યા છીએ એ જ આપણી મોટામાં મોટી સિદ્ધિ છે. આપણે હાર ખાધી નથી, દબાઇ ગયા નથી. નેતાઓના સંકલ્પબળે આગળ વધ્યા છીએ, શુદ્ધ થયા છીએ. કાળાં બજારો, નફાખોરી, ગરીબી, બેકારી, અસ્પૃશ્યતા, ઊંચનીચ ભાવ, બધું યે હજી આપણી વચમાં મહાલે છે. છતાં આપણે ટકી રહ્યા છીએ તો સ્થિર બુદ્ધિથી ઉપાય થઇ રહેશે એમ કહેવામાં હરકત નથી. મોટામોટા કાર્યક્રમો હાથ ધરવાનો સંજોગ ઊભો થયા પહેલાં એનું નામ લેવાથી કંઈ વળે એમ નથી. છતાં આપણી દૃષ્ટિ ત્યાં ખોડાઇ રહી છે એમાં પણ સંશય નથી. દેશી રાજ્યોનો પ્રશ્ન જે સરળતાથી ઉકલી ગયો છે તે પણ આપણી એક વિસ્મયકર સિદ્ધિ છે. એ જ રીતે નહેરો, બંધો, વીજળિકબળ ને બીજી ઉત્પાદક અને સંશોધક વિકાસયોજનાઓનો પાયો નંખાયો છે એ બીજી સિદ્ધિ છે. અને છતાં હજી સાચી સિદ્ધિ ઘણી દૂર છે. સ્વરાજ્ય મળ્યું કે તરત ગાંધીજીએ પ્રશ્ન ઉપસ્થિત કરેલો: 'પૂર્ણ સ્વરાજ તો દૂર છે. સ્વરાજ્ય પણ મળ્યું કહેવાય કે? સ્વરાજ્યનો અર્થ એટલો જ હતો કે અંગ્રેજોની સત્તા જાય? મારે મન એ નહોતો.' ગાંધીજીનાં વચનોમાં સૂર પુરાવ્યા વિના ચાલે તેમ નથી. છતાં દેશના ધુરીણો ને દેશની પ્રજા વચ્ચે આ બાબતમાં એકમતિ છે એટલું સુભાગ્ય છે.

કયો પક્ષ સત્તા પર રહે છે ને કયો જાય છે તેનો આ પ્રશ્ન નથી. પણ પૂર્ણ સ્વરાજ સિદ્ધ કરવા માટે પ્રજાની સંકલ્પશક્તિ કોણ સતેજ કરી શકે એમ છે તેનો જ એ પ્રશ્ન છે. જે એટલું કરી શકશે તે જ પ્રજાના હૃદય પર પણ રાજ્ય કરી શકશે. આજે તો ઝગડતા પક્ષો ગાંધીજીનું નામ દઇને એકબીજાને હલકા પાડે છે, તો બીજા કેટલાક પ્રજાને વિશ્વાસમાં લીધા વિના સત્તાનો કબજો લેવા આગળ વધી રહ્યા છે. એમનો શો અંજામ આવશે તે કોણ કહી શકે? છતાં જેઓ આજે સત્તા પર છે તેઓ પ્રજાને સુખી, સશક્ત, વિવેકી ને ચારિત્ર્યશીલ બનાવવા માટે જે કંઈ કરવું ઘટે તે નહિ કરી છૂટે તો ઉપાય એમના હાથમાં નહિ રહે એવી સ્ફોટક આજની પરિસ્થિતિ છે. જૂનાં કોચલાં હજી એવાં ને એવાં દેખાય છે, પણ એ જર્જરિત છે ને સ્પર્શમાત્રથી એમનો ચૂરો થઈ જાય એમ છે. છતાં ભીતિથી કે આશંકાથી, જેઓ એ કોચલાંનું શરણ લેવા જશે તેઓ પ્રજાની મૂક અવકૃપાના ભોગ થશે એ પણ નિર્વિવાદ છે. પ્રજામાં અત્યારે ચડતું લોહી છે. પ્રજાનાયકોએ અત્યારે પ્રજાશક્તિને મોટાંમોટાં કાર્યોમાં જોતરવી ઘટે. આપણે ત્યાં ભાષણો ને શિખામણોની અવધિ થાય છે, પણ શું કરવાનું છે તેનો સુયોજિત નકશો કોઇ આપતું નથી. બધા સૂત્રો જપી જાય છે ને એ સાંભળીને કંટાળેલી પ્રજા ક્ષુદ્ર વ્યવહારમાં પોઢી જાય છે. આ સ્થિતિ ટળશે તો જ સાચું સ્વરાજ્ય ભોગવવા મળશે.

શ્રુતબંધુ

સંસારનાં શહેરો

૬૫–તેલ-અવીવ

૨૦૦૦ વર્ષ પછી જેની ગઈ ૧૫મીએ ફરી વિધિસર સ્થાપના કરવામાં આવી એ યહૂદી રાજ્યની રાજધાનીનું આ શહેર આજે કપરી કસોટી અને આપત્તિઓમાંથી પસાર થઇ રહ્યુંછે. મિસર વગેરે અરબ દેશોનાં વિમાનોના બૉંબમારાથી થતા જાનમાલના વિનાશ સામે તે ટક્કર ઝીલી રહ્યું છે, અને પોતાના રાજ્યની રક્ષા કરવાની ઉત્કટ તમન્ના તથા યુદ્ધોત્સાહની ભાવનાથી એ સમસ્ત શહેર આજે ધમધમી રહ્યું છે.

પૅલેસ્ટાઈન આખામાં આજે સૌથી મોટા ગણાતા આ શહેરની સ્થાપના તથા આજના તેના આશ્ચર્યકારક વિકાસના મૂળમાં યહૂદી લોકોનો અદમ્ય પુરુષાર્થ તથા ચીવટ રહેલાં છે. આજથી ફક્ત ૪૫ વર્ષ પહેલાં એ સ્થળે રેતીના ઢગલાઓ સિવાય કશું ન હતું, અને એ નિર્જન રેતીના પટ પર સાગરનાં પાણી પથરાતાં. એવી વેરાન જગ્યાએ ૧૯૦૩ની એક સવારે, પાસેના જાફા શહેરમાંથી, ત્યાંની ગંદકી અને ભાડાના ત્રાસથી કંટાળેલાં ૬૦ યહૂદી કુટુંબો આવી વસ્યાં. તે વખતે ત્યાં આશરા માટે નહોતું ઝાડ કે નહોતી કોઇ વનસ્પતિ. જ્યાં જુઓ ત્યાં રેતીના ઢગલા. પણ એ કૃતનિશ્ચયી કુટુંબોએ ત્યાં જ શહેર વસાવવાનો નિર્ધાર કરીને કપરો ઉદ્યમ શરૂ કર્યો, અને તેમના ધૈર્યશીલ નેતા મીર ડીઝેનગોફની દોરવણી હેઠળ જોતજોતાંમાં તેમણે ઘરો અને બગીચા ઊભાં કર્યાં અને તેનું નામ પાડ્યું 'તેલ-અવીવ'. હિબ્રુ ભાષાના એ શબ્દનો અર્થ થાય છે 'વસંત ઋતુનો પર્વત'.

ધીમેધીમે તે વસાહતની વસતિ વધવા માંડી અને અરબ વર્ચસ્વવાળા જાફા શહેરમાં પડતી અનેક હાડમારીઓને પરિણામે ઘણા યહૂદીઓ જાફા છોડીને તેલ-અવીવ આવી વસવા લાગ્યા. સાથેસાથે પોતાના અનેક ઉદ્યોગો પણ તે લાવ્યા; અને ૧૯૧૧માં તો તેની વસતિ સાડા પાંચસો પર પહોંચી. પણ તેની વસતિ ઝપાટાબંધ તો વધવા લાગી પહેલા મહાયુદ્ધ પછી; કેમકે એ કાળમાં યહૂદીઓ પર યુરોપભરમાં જે જુલમો થયા તેથી તેઓ પૅલેસ્ટાઈનમાં આવી વસવા લાગ્યા. ૧૯૨૧માં આ શહેરની વસતિ ૩૦૦૦ થઇ, ૧૯૨૬માં ૩૮ હજાર અને ૧૯૩૧માં તો તે આંકડો ૪૬ હજાર પર પહોંચ્યો.

પણ જેમજેમ એ શહેરનો વિસ્તાર થવા લાગ્યો તેમતેમ કેવળ કુદરતનિર્મિત જ નહિ પણ માનવનિર્મિત સંકટોનો પણ તેને સામનો કરવો પડચો. જ્યારે તેનું બંદર બંધાવા લાગ્યું ત્યારે જાફા અને હૈફાનાં સ્થાપિત હિતો તેમાં અનેક મુશ્કેલીઓ ઊભી કરવા લાગ્યાં, કારણ તેલ-અવીવનું બંદર બંધાતાં તેમનું મહત્ત્વ ઘટી જાય તેમ હતું. તેનો ધક્કો બાંધતી વેળા તો હિંસાનો પણ ઉપયોગ થયો. પણ આ કશાથી ન ડગતાં યહૂદીઓએ ચીવટથી પોતાનું ધ્યેય ધપાવ્યે જ રાખ્યું અને તેલ-અવીવને મજબૂત પાયા પર મૂકી દઇ તેને એવું તો ધીકતું બનાવ્યું કે ગઇ કાલનું જાફા શહેરનું પરું ગણાતું એ નાનકડું નગર જાફા અને હૈફાને પણ ઢાંકી દે એવું વિશાળ બન્યું.

આજે સવા બે લાખની વસતિ ધરાવતું આ શહેર યુરોપના કોઈ પણ મોટા શહેરને ટક્કર મારે તેવું અદ્યતન ને આકર્ષક છે. પાશ્ચાત્ય ઢબનાં જંગી મકાનો, કૉન્ક્રીટના વિશાળ રસ્તા તથા તેની બંને બાજુએ વૃક્ષોની હારમાળા, ધીકતાં બજારો, જંગી કારખાનાં, અદ્યતન સીનેમા તથા નાટ્યાલયો, અને ટ્રામ-મોટર આદિ વ્યવહારનાં આધુનિક સાધનો તે ધરાવે છે. તદ્દન પછાત અને જૂની ઢબની બાંધણી ધરાવતા આખા પૅલેસ્ટાઇનમાં તેલ-અવીવ તેની આધુનિક ઢબની યોજનાબદ્ધ બાંધણીને કારણે તદ્દન જુદી જ ભાત પાડે છે. અનેક કારખાનાંઓ, ઉદ્યોગો તથા વેપારથી ધીકતા આ શહેરનાં સમૃદ્ધ તથા રોનક વધારવામાં વિવિધ દેશોના યહૂદી લોકોનાં ધન અને શ્રમ ખર્ચાયાં છે. પરિણામે, એ એવું તો ફૂલ્યુંફાલ્યું છે કે પોતાને ત્યાંથી ઇજિપ્ત આદિ જેવા દેશોમાં પણ ઇંટો, સીમેન્ટ, કાપડ, ચામડું આદિ વસ્તુઓ નિકાસ કરી શકવા જેટલું શક્તિશાળી બન્યું છે.

'રેતી પર શહેર ન બાંધવા'ની બાઈબલની આજ્ઞા ઉથાપીને, હિંમત, ત્રેવડ ને કુનેહથી વસાવાએલું આ શહેર સંપૂર્ણતઃ યહૂદી છે. ભંગીથી માંડી છેક નગરપતિ સુધીનાં બધાં જ સ્થાનો યહૂદી સંભાળે છે. જગતભરમાં કોઈ દેશમાં જેમને માનભર્યું સ્થાન નથી ને આજ સુધી જેઓ એક દેશમાંથી બીજામાં આશરા માટે ભટકતા રહ્યા એ યહૂદીઓના નિર્ભય આશ્રયસ્થાન રૂપ આ એક જ શહેર તેમનું પોતાનું કહી શકાય તેવું છે. અનેક મુશ્કેલીઓ પછી હાલમાં જ સ્થપાએલા તેમના સ્વતંત્ર રાજ્યમાં દાખલ થવાનું તેલ-અવીવ નિર્ભય પ્રવેશદ્વાર છે. શહેરમાં લગભગ બધા જ ચુસ્ત યહૂદી ધર્મના અનુયાયી હોવાથી દર શુક્રવારે યહૂદી ધર્મની આજ્ઞાનુસાર જાહેર ધાર્મિક તહેવાર પળાય છે. તે દિવસે સૂર્યાસ્તના એક કલાક અગાઉ શહેરમાં બ્યૂગલ વાગે છે અને સૌ પોતપોતાનાં કામ બંધ કરી દે છે. શહેરની તમામ પ્રવૃત્તિ અટકી જાય છે અને બધાં યહૂદી ધર્મમંદિરમાં ભેગા થઈ પ્રાર્થના કરે છે.

ઉદ્યમી યહૂદી કોમના અખંડ પુરુષાર્થના પ્રતીક રૂપ આ શહેર આજે તો ઇઝરાઇલ રાજ્યની રાજધાની તરીકેનું માન તથા આપત્તિ બંને ભોગવી રહ્યું છે. અરબ-યહૂદી યુદ્ધની આંધીમાંથી પાર ઊતરી તે હજુ વિકસશે કે નાશ પામશે એ કોણ કહી શકે ?





ભૂઅડનું પુરાણું મંદિર (ફોટો: લેખક)

ભૂઅડ

લેખક
રામસિંહજી રાઠોડ

ભૂઅડ ભાલો લે, ચાવડો રેવત ચડે,
છાંડુ ગ્રહે છેહ, જી ળ્યાધું કોપે વિગ્રહ.

રૂપારેલ નામની એક નાની ને સૂકી, પણ ચોમાસે પાણીથી ઊભરાતી નદીના કાંઠે ભૂઅડ ગામ વસેલું છે. આ ગામમાં રહેતા રાવળો[1] અને બીજા ભાટચારણો મહારાજ ભૂઅડ ચાવડા(વિ. સં. ૯૭૧થી ૯૯૮)નાં પરાક્રમોની વિવિધ ગાથાઓ ગાય છે. મેળ વગરની એ દંતકથાઓમાં ઉપર્યુક્ત દુહો તો સર્વસાધારણ હોય છે. કાળે કરી ગોટાળે ચડી ગએલી આ ઐતિહાસિક હકીકતમાં અત્યારે તો 'ભૂઅડ' ગામનું નામ, તેમાં ભૂઅડ ચાવડાએ બંધાવેલા ભૂઅડેશ્વરનું શિવાલય, ભદ્રેશ્વરની ચડાઈમાં ભૂઅડ ખપી જતાં તેનું ધડ લડતુંલડતું અત્રે પડ્યું તેના પ્રતીક તરીકે માત્ર તેના ધડની સિંદૂર ચડાવેલી મૂર્તિ તથા દહેરી, અને તેને ફરતા ઊંચા અને પુરાતન પાળિયા –એટલાં જ સત્ય તરીકે અવશેષ માત્ર રહ્યાં છે.

પ્રબંધ ચિંતામણિમાં ભૂઅડે ભૂઅડેશ્વરનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. આ મંદિરનો સભામંડપનો અગ્ર ભાગ તો આજે પણ જર્જરિત સ્થિતિમાં કાયમ છે. ગર્ભગૃહનો શિખર સહિતનો ભાગ ધરતીકંપથી જમીનદોસ્ત થઈ જતાં ગામલોકોએ ગભારાના એ જ પથ્થરોને ફરીથી સીધાસાદા ઘડી લઈ હવે મૂળ લિંગ પર અગાશી સહિતનો ચોરસ ઓરડો બાંધી સભામંડપ સાથે જોડી દીધો છે. શિવમંદિરની બધી ખાસિયતો ધરાવતું ઝીણી કોતરણીવાળું ગર્ભગૃહનું મૂળ દ્વાર તો કાયમ છે. તેની પડખેના એક સ્તંભ પર એક ફૂટ બે ઇંચ પહોળો અને બે ફૂટ છ ઇંચ લાંબો વીસ લીટીનો એક શિલાલેખ કંડારાએલો છે. આ લેખ એટલો તો ઘસાઈ ગએલો છે કે તે ઉકેલી શકવો મુશ્કેલ છે. પણ જૂની નાગરી લિપિમાં લખાએલા 'સંવત ૧૩૪૬ વર્ષે અષાડ સુદિ ૭ રવૌ ચાવડા શ્રી . . . .' વગેરે વંચાય છે. સભામંડપમાં અને ચણતરમાં બીજે વપરાએલી ઘણી શિલાઓ પૈકી એકેક લગભગ ૮ × ૧½ × ૧½ ફૂટ માપની છે.

કંઇ કેટલા યે કાળથી પવન, પાણી અને ટાઢતડકો ઝીલતા આ સભામંડપ, તેના સ્તંભો, શિખર તથા પડાળીમાં એક પર એક શિલાઓ બેસાડી ઊભા કરાએલા આ મંદિરનું સ્થાપત્યકામ કારીગરીનો અચ્છો નમૂનો છે. સ્તંભોની છત પર ઘુમટમાંનું થોડું શિલ્પકામ આકર્ષક છે. ગર્ભગૃહમાં મોટું શિવલિંગ છે. તેને ફરતી થોડી પુરાણી મૂર્તિઓ છે અને સામે દ્વાર બહાર નંદી ઊભો છે. શૃંગ વિનાનો આ નંદી તે સમયના શિલાઘડતરનો ખ્યાલ આપે છે.

આ ભૂઅડેશ્વરના મંદિરની પૂજા અત્યારે નાથ-અતીતો કરે છે. તેમની પાસે જીવાઈ માટે ગામમાં 'ભભૂતિયા' વગેરે નામની ખેડવાણ જમીન અને તેમને મળેલા બીજા કેટલાક લાગા છે. ગામના ગ્રામદેવતા તરીકે પૂજાતા ભૂઅડ ચાવડાના નામે પણ કેટલાક હકહિસ્સા તેમને મળે છે; અને દર વર્ષે અષાડ મહિને ગામમાં ભૂઅડ ચાવડાના નામની પાખી પળાય છે. ભૂઅડેશ્વરના મંદિરના પૂજારીઓ પાસે આ મંદિર વિષેના કેટલાક રાજહુકમના છાપાઓ મને જોવા મળેલા, તેમાં તેના નિભાવ વગેરેની વિગતો આ રીતે આપેલી છે: "અસલના વડેરાઓના છાપા ઉપરથી ઇશ્વરને થાનક શ્રી મહાદેવજીના ભંડારમાં ધરમ થાએ તેમ કરવા તથા શ્રી મહાદેવજીને પૂજવારૂપ જે ચાલે તેમ કરવા કાદૂકદીમ દીધલ ધરતી આગે જમ નવાધી દીધલ છે તે નવાધી કરી તથા ચોવીસીના પટેલોએ તલોટ ઉપરથી લાગાલગમા પાળી આપવા તથા માજને વીવાવાજને લાણી કરતાં તે સર્વે પર નામોને પાણી દેવા જુની લોપસો મા અને નવી મ કરેઃસો." આમ કહી, પ્રથમ મહારાજ રાઉશ્રી ભારમલજી તથા મહારાજ રાઉશ્રી ભોજરાજજીએ સં. ૧૬૯૯માં, મહારાજ રાઉશ્રી ખેંગારજીએ સં. ૧૭૦૪માં, રાઉશ્રી તમાચીજીએ સં. ૧૭૧૧માં, મહારાજ રાઉશ્રી પ્રાગમલજીએ સં. ૧૭૬૮માં, તથા મહારાજ રાઉશ્રી દેશલજીએ સં. ૧૮૯૧માં પરવાનગી શ્રીમુખ હજુર સકસકની મહોર સહિત કરી આપેલ છે. ઐતિહાસિક નજરે, આ વિવિધ છાપાઓમાંનાં લખાણો તે સમયમાં રાજપ્રજાના ધાર્મિક વલણનો, લખાણની ધાટી તથા લિપિપદ્ધતિનો ને તેમાંની ભાષાનો વિકાસક્રમ દેખાડે છે.

ભદ્રેશ્વરથી છ માઈલ દૂર અંજાર તાલુકાનું આ નાનું ગામ એક વખતે કચ્છના જૂના રાજકીય વિભાગ તરીકે 'ભૂઅડ ચોવીસી' નું મુખ્ય ગામ હતું. ત્યાંના ખેડૂતો આયરો અને આગરીઆ છે. ત્યાંનું મોટું જૈન મંદિર એક કાળે ત્યાં જૈનોની સારી જેવી વસતિ હોવાનું પ્રમાણ બતાવે છે. આ મંદિરથી થોડે દૂર ગોરજીના થનાકનાં ખંડિયેર આવેલાં છે. આ થાનક અને ભૂઅડેશ્વર મંદિર વચ્ચેના ભાગમાં મોટા વિસ્તારમાં ફેલાએલો અહીંનો ડુંગર જેવડો (લગભગ ત્રીસેક ફૂટનો ઊંચો) 'નીંભાડો' આવેલો છે. સં. ૧૯૯૬ના દુકાળમાં અને પછીથી જ્યારે ભૂઅડ ગામના બાવળોની અને ભાટ લોકોના કેરડાંના ભાટોસર જંગલની ઝાડી કપાઈને સાફ થઈ ગઈ તે વખતે આ નીંભાડા પરનાં ઝાડો પણ સાફ થઈ ગયાં. હવે પવનપાણીની અસરથી તેનો વિશેષ અપકર્ષ થતો રહે છે. લાલ તળ પર કાળાં સુશોભનો અંકારેલું ભૂઅડના કુંભારોનું માટીકામ જૂના સમયથી મશહૂર છે. પરંપરાથી હજુ લગી તેઓ આ જ નીંભાડા પર ઠામ વાસણ વગેરે પકવે છે; અને એમ દરેક 'નીંયાંઇ'[2] ઊતર્યે, રાખોડીનો ને જૂરેલાં ઠામોનો નવો થર ઉપરાઉપર જામતો રહે છે. એ રીતે થર ઉપર થર ઉમેરાવાથી બનેલો, અહીંના કુંભારકામના ઇતિહાસના પુરાસમૃદ્ધિ જેવા અંકોડા સાચવતો આ નીંભાડો પુરાન્વેષકોનું ગમે ત્યારે આકર્ષણ બની શકે તેમ છે.

[1]આ રાવળો ગુજરાતના તરગાળા પેઠે ભવાઈ કરી ગુજારો કરે છે ને આહીરોના વહીવંચા તરીકે ગરાસ પણ ધરાવે છે. અત્યારે તેમની વસતિ ઘસાઇ ગઇ છે ને ઘણા બીજા કામધંધે લાગી ગયા છે; છતાં કાપણીની મોસમ પૂરી થયે પોતાના ગરાસના ગામેગામ ફરી રાત્રે ચોરે 'રમત' કરી ખેડૂતોનાં મન રીઝવે છે ને પોતાની આ નાટ્યકળાથી લાગા મેળવે છે. [2]નીંભાડામાં પાકી તૈયાર થએલાં માટીનાં નવાં વાસણો વગેરે·

જેમાંથી સોનું બનાવવા પાછળ જૂના કીમિયાગરો ફના થઇ ગયા તે પ્રવાહી ધાતુ પારો

લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ, એમ. એસસી., પીએચ. ડી.

પારા વિષેનું આપણું જ્ઞાન તો ખૂબ જૂનું છે. ભારતના આદ્ય રસાયનશાસ્ત્રી નાગાર્જુનના 'રસરત્નાકર' નામે વિખ્યાત ગ્રંથમાં પારામાં હરતાળ નાખી સોનું બનાવવાનો ઉલ્લેખ છે; અને 'રસરત્ન-સમુચ્ચય'માં રસાયનશાસ્ત્રી કેવો હોવો જોઇએ ને તેણે પોતાની પ્રયોગશાળા કેવા સ્થાનમાં બાંધવી તેનું વર્ણન છે. પારામાંથી ઉપયોગી પદાર્થો બનાવવાનું પણ તે વખતના વિજ્ઞાનીઓ જાણતા, એટલે પારા સંબંધી જૂના ઉલ્લેખો પણ ઘણા મળી આવે છે. જૂનાં પુસ્તકોમાં પારાને 'રસ' તરીકે ઓળખાવ્યો છે.

પશ્ચિમના દેશોમાં ઈ. સ. પૂર્વે ૩૫૦માં ગ્રીક તત્ત્વજ્ઞાની ઍરિસ્ટૉટલે સૌ પ્રથમ પારા સંબંધી ઉલ્લેખ કરેલો મળી આવે છે. સામાન્ય ઉષ્ણતાએ પ્રવાહી ધાતુ એટલે પારો. ત્યાર બાદ રસાયનના પ્રાચીન સાહિત્યમાં 'પ્રવાહી રૂપા'ના નામનો જે ઉલ્લેખ મળી આવે છે, તે પણ પારો. મૂળ લૅટિનમાં તેને 'હાઇડ્રાર્જિરમ' કહ્યું છે, જેનો અર્થ પ્રવાહી રૂપું થાય છે. આ ઉપરથી અંગ્રેજી ભાષામાં પારાની રાસાયનિક સંજ્ઞા તરીકે Hg વપરાય છે. પારાને જૂના કાળમાં 'ક્વિક સિલ્વર' પણ કહેતા. આપણામાં પારો 'હરણિયા પારા' તરીકે સામાન્યતઃ વિશેષ ઓળખાય છે, કેમકે એ પ્રવાહી ધાતુને પકડવા જતાં તે હરણની માફક સરતી ને છટકતી જાય છે.

અસલના કીમિયાગરો પારાને ધાતુઓના સત્ત્વરૂપ લેખતા. પારામાંથી સોનું બનાવી શકાય છે એ માન્યતાને લીધે તેમનામાં પારા પ્રત્યે એક પ્રકારનો મોહ હતો અને તે માટે અનેક કીમિયાગરોએ પોતાની અમૂલ્ય જિંદગી પણ વેડફી નાખી હતી.

કેટલીક શિલાઓમાં પારાના નાનાનાના દાણા મળી આવે છે; પરંતુ તેનું મહત્ત્વપૂર્ણ ખનીજ તો સીનાબાર છે. તે પારા અને ગંધકનો સંયોજિત પદાર્થ છે (HgS) અને તેમાં ૮૬ ટકા સુધી પારો હોય છે. આ ખનીજ મુખ્યત્વે સ્પેન, ઇટાલી, મેકસિકો, અમેરિકા અને ચીનમાંથી નીકળે છે, જેમાં ઈટાલી સૌથી વિશેષ પારો પેદા કરે છે ને બીજે નંબર સ્પેનનો આવે છે. બજારમાં તે ૭૬ રતલ વજનમાં મજબૂત લોઢાના પીપમાં ભરેલો મળે છે. પાણી કરતાં તે ૧૩·૬ ગણો ભારે હોવાથી એક રતલ પારો તો સાવ જૂજ લાગે છે.

તેના ખનીજમાંથી પારો કાઢવાની રીત સાવ સાદી છે. સીનાબારને હવાના પ્રવાહમાં ભઠ્ઠીમાં ભૂંજવામાં આવે છે. આ ક્રિયાથી હવામાંનો ઑકસિજન ગંધક સાથે જોડાવાથી સલ્ફર ડાયોક્સાઈડ વાયુ બને છે અને પારો છૂટો પડે છે. પારા પર હવાની અસર થતી નથી અને ભઠ્ઠીની ઉષ્ણતાએ પારો ઊડણ હોવાથી તેની બાષ્પ થઇ જાય છે. તેને ફરી ઠંડી પાડવાથી પારો એકઠો થાય છે.

બજારુ પારો શુદ્ધ હોતો નથી. તેમાં સીસું ને ત્રાંબું હોવાથી તેના પર કાળાશપડતું પડ દેખાય છે. શુદ્ધ પારો તો રૂપા જેવો સફેદ ને ચકચકિત હોય છે. પારો શુદ્ધ કરવાની અનેક રીતો છે. શેમૉઇ લેધરમાંથી તેને ગળવાથી પણ અમુક અંશે શુદ્ધ કરી શકાય છે. પણ વિશેષતઃ તો રાસાયનિક ક્રિયા વડે શુદ્ધ કરેલો પારો જ વપરાય છે.

આજથી અરધી સદી પૂર્વે પારાના બે મુખ્ય ઉપયોગ હતા : એક, અરીસાની બનાવટ માટે: (કાચના પાછળના ભાગમાં પારાવાળી મિશ્ર ધાતુ ચોપડવામાં આવતી); અને બીજો, ખનીજમાંથી સોનું કાઢવામાં. આજે તો બીજા પણ અનેક ઉપયોગમાં પારો વપરાય છે: છતાં તેના મહત્ત્વના પ્રમાણમાં તેની વપરાશ હજી વધી જણાતી નથી: પારાને બદલે ઉપયોગમાં લઈ શકાય એવા નવા પદાર્થો પણ શોધાયા છે.

વીજળિક ઉદ્યોગમાં પારો સારી રીતે વપરાય છે: મર્ક્યુરી આર્ક રેકટીફાયરોની બનાવટમાં, રેફ્રીજરેટરમાં, ઑટોમૅટિક સ્વિચમાં તથા થર્મોમીટર, બૅરૉમીટર વગેરે વિજ્ઞાનનાં સાધનોની બનાવટમાં પારાનો ઉપયોગ થાય છે. વરાળના બૉઈલરમાં જેમ પાણી વપરાય છે તેમ હવે પારાની બાષ્પવાળાં બૉઈલર પણ અસ્તિત્વમાં આવ્યાં છે. આવાં બૉઈલરોમાં શરૂઆતમાં ૧૦૦ ટન જેટલો પારો જોઇએ છે. પરંતુ આવાં બૉઈલરો હજી જૂજ જગ્યાએ જ ચાલે છે.

રસસીંદૂર–હિંગળોકની બનાવટમાં પણ પારાનો ઉપયોગ થાય છે. સોનારૂપાના ખનીજમાંથી એ ધાતુઓ કાઢવા માટે પણ પારો વપરાતો; પણ બીજી સસ્તી રીતો અસ્તિત્વમાં આવવાથી આ ઉપયોગ લગભગ નજીવો થઇ ગયો છે. ધડાકો કરનાર તરીકે વપરાતું મર્ક્યુરી ફુલ્મીનેઈટ બનાવવામાં પારો પુષ્કળ વપરાતો તેને બદલે હવે લેડ એઝાઇડનો ઉપયોગ વધતો જાય છે. ઔષધોની બનાવટમાં તો પારો જૂના વખતથી વપરાતો આવ્યો છે. રસકપૂર, કૅલોમલ અને એવી બીજી દવાઓ પારાના જ પદાર્થો છે. વહાણના તળિયે રંગવામાં જે રાતો મર્ક્યુરી ઑકસાઇડ વપરાય છે તે રાતો હિંગળોક તો એક હજાર વર્ષથી ચીનાઓ રંગ તરીકે વાપરે છે. મર્ક્યુરી નાઇટ્રેટ ફેલ્ટ હૅટ તૈયાર કરવા માટે વપરાતું આવેલ છે. બૅટરીની બનાવટમાં પારો ચોપડેલું જસત જોઇએ છે. સોડિયમ મિશ્રિત પારો રાસાયનિક ક્રિયાઓમાં વપરાય છે. સોનું, રૂપું અને જસતની સાથે પારો મેળવીને એ મિશ્ર ધાતુ દાંત ભરવા માટે વપરાય છે. પારાવાળી એ મિશ્રધાતુ 'એમાલ્ગમ' કહેવાય છે.

રસકપૂર, વાઢકાપના કાર્યમાં ઓજારોને જંતુવિહીન કરવા માટે અત્યંત પાતળા દ્રાવણ (૦·૧ ટકા) તરીકે વપરાય છે. તે અત્યંત ઝેરી પદાર્થ છે. કદાચ જો ભૂલથી આ પદાર્થ પેટમાં ગયો હોય તો તેના મારણ તરીકે ઇંડાંની કાચી સફેદી ખવડાવવી અને પછી ઉલટી કરાવવી. કૅલોમલ તો જુલાબ માટે જાણીતું છે. કાર્બનિક પદાર્થ-સંયુક્ત પારાના અન્ય પદાર્થો તૈયાર કરવામાં આવ્યા છે. તેમાંના કેટલાક ઔષધોમાં ઉપયોગી થાય છે. જેમકે, મર્ક્યુરોક્રોમ જંતુવિનાશક ઔષધ તરીકે કામમાં આવે છે. આયુર્વેદમાં પારાના સંયોજનોનો ઉપયોગ ચાંદી જેવાં દર્દોમાં કરવાનું સૂચવ્યું છે અને હજી ગયા સૈકા પર્યંત પારાનો ઉપયોગ આવાં દર્દો માટે થતો.

સંઘરેલા અનાજમાં જિવાત ન પડે એ માટે પારાની થેપલી કરી તેમાં મૂકવામાં આવે છે. સોનું, ત્રાંબું વગેરેની ચીજોને પારો ઘસવાથી તે સફેદ થઈ જાય છે; ત્રાંબાનો પૈસો રૂપિયા જેવો લાગે છે, ને સોનાની વીંટીને પારો અડે તો તે પણ સફેદ થઈ જાય છે. આ સફેદ પડ પાતળા નાઈટ્રિક ઍસિડ વડે ધોવાથી નીકળી જાય છે. આલ્કલી તેમજ હાઇડ્રોક્લોરિક યા સલ્ફ્યુરિક ઍસિડના પાતળા દ્રાવણની પારા પર અસર થતી નથી. પાણીમાં દ્રાવ્ય વાયુઓ એકઠા કરવા પાણીને બદલે પારો વપરાય છે (અનુસંધાન પૃ૦ ૨૩૮મે)

મદનલાલ ધીંગરા(અનુસંધાન પૃ. ૨૩૩થી ચાલુ) કૃત્યનું સમર્થન કરતું જે બચાવનામું મળેલું, અને કોર્ટમાં ધીંગરાએ જે વાંચવાનો ખૂબ આગ્રહ કરવા છતાં પોલીસે પ્રકટ કરવાની ના પાડીને અંદર ને અંદર જ દાબી રાખ્યું હતું, એ પ્રખ્યાત બચાવનામું પ્રકટ થવું તો તદ્દન અશક્ય જ હતું. પરંતુ ધીંગરાની ફાંસીને આગલે જ દિવસે લંડન શહેર આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું, કેમકે જે બચાવનામું સરકારે પોતાની તિજોરીમાં પૂરા પહેરા નીચે દાબી રાખ્યું હતું તેની હજારો નકલો લંડનમાં રસ્તેરસ્તે વહેંચાતી હતી!

હવે તેમણે આ બચાવનામું છાપામાં પ્રકટ ન થાય તે માટે દોડાદોડ કરવા માંડી. પણ તેમાં યે તે નિષ્ફળ ગયા. 'ડેઇલી ન્યૂઝ' નામના સરકાર-પક્ષી પત્રે જ તે આખું બચાવનામું પ્રકટ કર્યું. એ બચાવનામામાં એવું તે શું ભયંકર હતું? આ રહ્યું, આઝાદીના કોઈ પણ આશકને જેબ આપે તેવું તે બચાવનામું:

'I admit, the other day I attempted to shed the English blood as an humble revenge for the inhuman hangings and deportations of the Indian patriotic youths. And in this I have consulted none but my own conscience. I have conspired with none but with my own duty. I believe that the the nation held in bondage with the help of bayonet is in a state of perpetual war. And since the guns were denied me I drew forth my pistol and attacked by surprise.

Being a Hindoo I believe that an insult to my country is an insult to God. For the worship of my country is the worship of Sri Ram and the service of my country is the service of Sri Krishna.

What could a son poor in wealth and intellect like me offer to the Mother except my own blood?

The lesson that India requires to-day is how to die and the only way to teach it is by dying ourselves. And therefore I die; and glory to my martyrdom.

The battle shall continue till both the nations English and Indian live and their present unnatural relations continue.

My only prayer to God is that may I be reborn of the same Mother and die for the same cause, till the same Mother is freed for the service of humanity and glory of God. 'Bande materam.'


ક્રાંતિવાદની ભાવનાથી છલોછલ ભરેલું આ બુલંદ બચાવનામું પ્રકટ થયું ત્યારે લોકો ધીંગરાના ઉત્કટ દેશપ્રેમ પર ફિદા થઈ ગયા. 'ડેઈલી ન્યૂઝ'માં તે પ્રકટ થયું ન થયું ત્યાં અમેરિકાથી ખબર આવ્યા કે ત્યાંનાં પત્રોએ પણ ધીંગરા ફાંસીએ ચડ્યો તે જ દિવસે તે બચાવનામું પ્રકટ કર્યું છે! આયર્લૅન્ડમાં તો 'Ireland honours Dhingra' એ મથાળા હેઠળ મોટાં બીબાંમાં છાપેલાં પોસ્ટરો ઠેરઠેર ચોડાએલાં મળી આવ્યાં! આમ, જે લખાણ બ્રિટિશ સરકાર દાબી દેવા ઈચ્છતી હતી તે જ દુનિયાભરમાં ઘેરઘેર પહોંચી ગયું!

પણ આ પછી બ્રિટિશ સરકાર પૂરેપૂરી જાગ્રત થઈ અને સર વાઈલીના ખૂન પાછળનું કાવતરૂં શોધી કાઢવા ઇંગ્લંડ તથા હિંદમાં પ્રયત્ન કરવા લાગી. પરિણામે લંડનમાંના ક્રાંતિકારીઓના તીર્થધામ સમા 'ઇંડિયા હાઉસ' પર તવાઇ આવી અને છેવટે તે બંધ કરવું પડ્યું.

કસોટી

[ઉત્તરો માટે જુઓ પૃ. ૨૩૮મે]


(૧) સૂરજમલ શેઠ રોજ ઘેરથી ઑફિસે અને ઑફિસેથી ઘેર રિક્ષામાં જતા. તેનું જવા આવવાનું મળીને બે રૂપિયા ભાડું ઠરાવેલું હતું. એક દિવસ જ્યારે રિક્ષા ઘર અને ઑફિસની બરાબર મધ્યમાં હતી ત્યારે પોતાની જ ઑફિસમાં કામ કરતા કેવળરામ મળ્યા. તેમને પણ તેમણે રિક્ષામાં બેસાડી દીધા. સાંજે પાછા ફરતી વખતે પણ કેવળરામને રિક્ષામાં બેસાડીને સવારની જ જગ્યાએ ઉતાર્યા. કેવળરામે પોતાને ભાગે આવતા રિક્ષાના ભાડાના પૈસા આપવાની ઇચ્છા બતાવી. તો તેમણે કેટલા પૈસા આપવા જોઇએ?



(૨) બાજુએ બતાવ્યા પ્રમાણેના આકારના ટુકડાઓમાંથી અંગ્રેજી મૂળાક્ષરમાંનો T (ટી) બનાવી શકશો? એ આકારો પ્રમાણેની કાપલીઓ કાપીને તેવો આકાર બને એ રીતે જોડવા પ્રયત્ન તો કરી જુઓ.

(૩) ચાર નવડાને એવી રીતે ગોઠવી શકશો કે જેથી તેમનો સરવાળો ૧૦૦ થાય?

(૪) એક પુસ્તકનો બરાબર અડધો વિભાગ પૂરો થયા પછી જે પાનું શરૂ થાય છે તે પાનાના નંબરમાં જો પુસ્તકના છેલ્લા પાનાનો નંબર ઉમેરવામાં આવે તો ૪૦૦નો આંકડો આવે છે. તો તે પુસ્તકનાં પાનાં કેટલાં હશે?



(૫) ૨૧ ટપકાંવાળા આ ત્રિકોણમાંથી કોઈ પણ ટપકાંને જોડીને તમે વધુમાં વધુ કેટલા ત્રિકોણ બનાવી શકશો? ત્રિકોણ નાનામોટા હોય તો ચાલશે, પણ દરેક ત્રિકોણને એકએક ખૂણે એકએક ટપકું આવવું જોઈએ. ત્રિકોણની રેખાઓ વચ્ચે ગમે તેટલાં ટપકાં આવે તેની હરકત નહિ.

(૬) કુસ્તીની હરીફાઈમાં ૧૦૦ હરીફો ઊતર્યા હતા. તેમાંથી વિજેતા નક્કી કરવા માટે કેટલી કુસ્તી રમાવી જોઇએ?

(૭) સામાન્ય જ્ઞાનનાં પ્રશ્નો: (ક) કયાં મહારાણીનું મહોરૂં સૌ પહેલું પોસ્ટની ટિકિટો પર છપાયું? (ખ) એવી કયી ચીજ છે કે જે દરરોજ વધે છે અને સાથે સાથે ઘટતી જાય છે? (ગ) સુંદર વન કયા જંગલમાં આવ્યું? (ઘ) મુક્તિ ફોજના સ્થાપક કોણ હતા? (ચ) મનુષ્યે સૌ પહેલી કઇ ધાતુનો ઉપયોગ કરવા માંડેલો? (છ) ગાંધીજી કૉંગ્રેસના કેટલી વાર પ્રમુખ થયા હતા અને ક્યારે? (જ) પૃથ્વી કરતાં સૂર્ય કેટલો મોટો છે? (ઝ) મેઘધનુષમાંના સાતે રંગોનાં નામ આપી શકશો? (ટ) ઉત્તર ગોળાર્ધમાં આવેલાં કયાં ત્રણ રાજધાનીનાં શહેરોમાં ૪ માસ સુધી સૂર્યનું તેજ આખો દિવસ અને આખી રાત દેખાય છે? (ઠ) યુરોપનો સૌથી ઊંચો પર્વત કયો?



માધુકરી

આવો બ્રાહ્મણ ને આર્ય, આવો શૂદ્ર અનાર્ય,
આવો ક્રિસ્તાન મુસલમાન ને અછૂતો,
આવો આવો પતિત નિશ્ચલ નિશ્ચિત ચિત્ત,
માની મુક્તિના સર્વ સરખા દૂતો.
માના અભિષેકતણો, મંગળ આ કુંભ ઉણો
સહુને સ્પર્શે જશે ભરાઇ પુણ્યનીરે
ભારતભૂમિને લોક-સાગર-તીરે —ઝવેરચંદ મેઘાણી

નિઝામ

[બ્રિટિશો હિંદ છોડી ગયા પછી તેમની પ્રપંચી કરણીના પરિણામ રૂપ જે કેટલાક જટિલ પ્રશ્નો હિંદ સરકાર સમક્ષ ઊભા થયા છે તેમાં હૈદ્રાબાદનો પ્રશ્ન આજે સૌથી વધુ કટોકટીનો થઈ પડ્યો છે. ત્યાંના નિઝામ બીજા દેશી રાજાઓની માફક હિંદ સરકાર સાથે જોડાવાની તથા રાજ્યમાં જવાબદાર પ્રજાકીય સરકાર સ્થાપવાની ના પાડે છે, એટલું જ નહિ પણ પોતે સ્વતંત્ર છે ને હિંદી સરકાર સાથે તેના સમોવડિયા તરીકે જ કરાર કરવાનો હક્ક ધરાવે છે એવા મનોરથો સેવે છે. પણ ઇતિહાસ કહે છે કે નિઝામ કદી પણ સ્વતંત્ર નહોતા. આજ સુધી મુઘલ, મરાઠા કે અંગ્રેજોના માંડલિક તરીકે જ તે જીવ્યા અને ટકી રહ્યા. વળી નિઝામશાહીની સ્થાપના ને વિકાસનો ઇતિહાસ શરૂથી જ વિશ્વાસઘાત ને દગાખોરીથી ભરેલો છે. એની સ્થાપના કેવીરીતે થઈ, તેના સંવર્ધન પાછળ કઇ ચાલબાજી ખેલાએલી તથા આજ સુધી મુઘલો, મરાઠા ને અંગ્રેજોની દયા પર તે કેવી રીતે ટકી તેનો અહેવાલ 'મૉડર્ન રીવ્યૂ', 'મૌજ', 'બ્લિટ્ઝ' ને 'ઇન્ડિયા' પત્રો પરથી તારવી નીચે આપ્યો છે.]

૧૭મી સદીની અધવચમાં બુખારાથી શેખ-ઉલ-ઈસ્લામ નામનો એક મહત્ત્વાકાંક્ષી પુરુષ પોતાનું નસીબ અજમાવવા હિંદમાં આવ્યો અને ઔરંગઝેબના લશ્કરમાં નોકરીએ રહ્યો.





ડાબી બાજુ : નિઝામશાહીના આદ્ય સંસ્થાપક મીર કમરૂદ્દીન નિઝામ-ઉલ-મુલ્ક, અસફજાહ પહેલા. જમણી બાજુ : હૈદ્રાબાદના હાલના નિઝામ મીર ઉસ્માનઅલીખાન.

માસમાસનાં પંખી
૩૨ : ફુત્કી



માળો બાંધવાની તેની અદ્ભુત કળાને લીધે 'દરજી' કે ટાશ્કોના નામથી વધુ જાણીતું આપણું આ પરિચિત પંખી કદમાં તો સૌ પંખી કરતાં નાનું છે; પણ માળો બાંધવાનું તેના જેવું કૌશલ કોઈમાં નથી. બીજાં પંખી પેઠે ડાળી પર માળો ન બાંધતાં તે કોઈ મોટા પાંદડાની બે બાજુની કિનારીને દોરા, પરાળ કે કરોળિયાની જાળના તાંતણા વડે સીવી લઇ પ્યાલાજેવો માળો રચે છે. પાંદડાં નાનાં હોય તો બેત્રણ પાંદડાં સાથે સીવી લે છે. સોય તરીકે તે પોતાની અણીદાર ચાંચનો ઉપયોગ કરે છે, ને માળો ઉકલી ન જાય તે માટે બંને બાજુ ગાંઠો પણ મારે છે! પછી તેમાં ઊન કે ઘાસ મૂકી તેને રહેવાયોગ્ય બનાવે છે. આ માળો પહેલી નજરે તો કોઇના ખ્યાલમાં યે ન આવે; કારણ પાછળથી જોતાં તો તે પાંદડા જેવું પાંદડું જ લાગે!

વાડી, ખેતર કે શહેરોના બાગબગીચાના નિવાસી આ પંખીને ઓળખી કાઢવું તો સાવ સહેલું છે. માથું, ચાંચ તથા પૂંછડી રતાશપડતાં, પાંખો તથા બરડો પોપટી, અને પેટ તદ્દન સફેદ. પણ તેની વિશિષ્ટતા છે પૂંછડી. શરીરના પ્રમાણમાં કંઇક મોટી એ પૂંછડીનાં પીછાં એવાં ચડઊતરરીતે ક્રમસર ગોઠવાએલાં હોય છે કે જાણે નાનકડો જાપાની પંખો! ચકલી કરતાં યે નાના આ પંખીનો અવાજ તેના શરીરના પ્રમાણમાં ઘણો મોટો છે, અને 'ટુવિટ... ટુવિટ... ટુવિટ...' એવી સીસોટી જેવી મીઠી બોલી તે બોલે છે. તેને આળસુની માફક એક સ્થળે બેસી રહેવું ગમતું નથી. સતત આમથી તેમ કૂદતું જ હોય. નાનાં જીવજંતુઓ એ તેનો ખોરાક છે. જુદા રંગની તેની બીજી બે જાતો પણ જાણીતી છે.

એપ્રિલથી સપ્ટેમ્બર તેનો ઇંડાં મૂકવાનો કાળ. જમીનથી ત્રણેક ફૂટ ઊંચે માળો બાંધી, વાદળી છાંટવાળાં રતાશપડતાં સફેદ ૩ થી ૪ ઇંડાં તે મૂકે છે.

તેની પછી તેનો પુત્ર ગાઝીઉદ્દીન ફિરોઝજંગ પણ હિંદમાં આવ્યો. સ્વપરાક્રમથી તે ઔરંગઝેબના લશ્કરમાં ઘણા ઊંચા હોદ્દા પર ચઢ્યો. તેનો પુત્ર મીર કમરૂદ્દીન ૧૩મા વર્ષે જ ઊંચા અધિકારની જગ્યાએ નિમાયો અને ઘણી ઝડપથી ઉત્તરોત્તર પ્રગતિ કરવા લાગ્યો. તેને બાદશાહ તરફથી 'ચિન કિલિચખાન'નો ઇલ્કાબ મળેલો.

આ મીર કમરૂદ્દીન અત્યંત આપમતલબી હતો અને સ્વાર્થ ખાતર ગમે તે પગલું ભરતાં અચકાય તેવો નહોતો. ઔરંગઝેબના મૃત્યુ પછી વ્યાપેલી અંધાધૂંધી વખતે તે દક્ષિણમાં વિજાપુરમાં છ સુબાઓના ઉપરી તરીકે હતો. એ અંધાધૂંધીમાં તેણે દક્ષિણમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું ઠરાવ્યું. આમ જેણે તેને નોકરીમાં રાખી કીર્તિ તથા વૈભવ અપાવ્યો તેના જ પુત્રોનો તેણે વિશ્વાસઘાત કરવા માંડયો. બહાદુરશાહ ગાદીએ આવતાં તેણે મીર કમરૂદ્દીનને અવધનો સુબો બનાવીને ઉત્તરમાં ખસેડયો, પણ ત્યાંથી તેણે ફરૂખશાયરને ટેકો આપીને તેની કૃપા મેળવી. આથી જ્યારે ફરૂખશાયર ગાદીએ આવ્યો ત્યારે તેણે ૧૭૧૩માં ફરી એને દક્ષિણનો સુબો નીમ્યો અને તેને 'ખાનખાનાન' તથા 'નિઝામ-ઉલ-મુલ્ક બહાદુર ફથ જંગ'નો ઈલ્કાબ આપ્યો. આમ નિઝામીની શરૂઆત થઈ.

દક્ષિણમાં આવતાં જ નિઝામે મરાઠાઓ સામે બચાવ કરવાના બહાના હેઠળ પોતાની સત્તા મજબૂત કરવા માંડી. દિલ્હીના બાદશાહની તેના પર કડક નજર હતી જ. એટલે તરત જ તેને દક્ષિણના સુબાપદેથી ખસેડી મુરાદાબાદમાં તેની બદલી કરી અને ત્યાંથી તેને માળવા મોકલવામાં આવ્યો. ત્યાં રહેરહે પણ તેણે પોતાની સત્તા ફરી જમાવવા માંડી. તેના આ શંકાભર્યા વર્તનને કારણે ત્યાંથી ફરી તેની બદલી કરવાના હુકમો છૂટ્યા. પણ આ વખતે નિઝામે તે હુકમને તાબે થવાની ના પાડી અને સામનાની તૈયારી કરવા માંડી. આથી દક્ષિણના સુબા હુસેનઅલીને તેની સામે મોકલવામાં આવ્યો. પણ તેનું રસ્તામાં જ ખૂન થયું અને તેના લશ્કરને નિઝામે હાર આપી. આમ, ઈ. ૧૭૨૦માં નિઝામ દક્ષિણ સંસ્થાનોનો માલિક બન્યો.

૧૭૨૧માં દિલ્હીના બાદશાહ મહંમદશાહે નિઝામને દિલ્હી બોલાવી તેને રાજધાનીમાં જ રાખવાના હેતુથી વઝીરપદ આપ્યું. પણ ૧૭૨૩માં નિઝામ વગર રજાએ દક્ષિણમાં ચાલ્યો ગયો. આથી બાદશાહે હૈદ્રાબાદના સુબા મુબારિઝખાનને નિઝામને જેર કરવાનો હુકમ મોકલ્યો. પણ નિઝામે મુબારિઝખાનને હરાવીને મારી નાખ્યો, એટલું જ નહિ પણ દિલ્હીના બાદશાહને પોતાને દક્ષિણનો સુબો ગણવાની ફરજ પાડી તથા 'અસફ-જાહ'નો ઇલ્કાબ પણ બાદશાહ પાસેથી મેળવ્યો, જે ત્યારથી આજ સુધી સર્વ નિઝામ ધારણ કરે છે. ત્યારથી આજના હૈદ્રાબાદ રાજ્યનો પાયો નંખાયો.

પણ મુઘલ સામ્રાજ્યના લગભગ ચોથા ભાગને આ રીતે બથાવી પાડનારા નિઝામ પર મહમદશાહ ઘણો નાખુશ થયો હતો ને તેને ઠેકાણે લાવવાના માર્ગ શોધતો હતો. બીજી બાજુ નિઝામે મહંમદશાહ નબળો પડી પોતાની સત્તામાં ડખલ ન કરે તથા પોતાનું સ્થાન અચળ રહે તે માટે એક સૌથી ભયંકર વિશ્વાસઘાતી તથા દેશદ્રોહી પગલું લીધું. તેણે ઇરાનના શાહ નાદીરશાહ ઉપર સંદેશો મોકલીને હિંદુસ્તાન પર સવારી કરવા લલચાવ્યો. આથી નાદીરશાહે હિંદ પર ચડાઈ કરી. મહંમદશાહે પોતાના સર્વ સુબાઓની મદદથી તેનો સામનો કરવાનો પ્રયત્ન કર્યો. નિઝામ પણ દેખાવ ખાતર તેની મદદે ગયો. પણ અંદરથી તો તે નાદીરશાહને જ મળેલો હતો. પરિણામે મહંમદશાહની હાર થઈ અને દિલ્હીમાં ભયાનક લૂંટફાટ ને કતલ થઇ. પરિણામે દિલ્હીનું તખ્ત નબળું પડયું.

આમ ઉત્તરમાં તો નિઝામનો હેતુ પાર પડયો. પણ દક્ષિણમાં મરાઠી રાજ્યના પ્રતાપ આગળ તેનું કશું જ ચાલતું નહોતું. પેશવાઓએ ક્યારનો ય તેને સાફ કરી નાખ્યો હોત; પણ છત્રપતિ શાહુ રાજાની નિઝામને નિભાવી રાખવાની નીતિને કારણે તેમ થઈ શક્યું નહિ. નાદીરશાહ આવ્યો તે પહેલાં પણ બાજીરાવ પહેલાએ નિઝામને સજ્જડ હાર ખવડાવીને તેના રાજ્યમાંથી ચોથ ઉઘરાવવાનો હક્ક મેળવ્યો હતો. નિઝામે મરાઠાઓને હરાવવા માટે અનેક પ્રપંચો કરેલા પણ દરેક વખતે તેને મરાઠાઓના સામર્થ્ય આગળ નમવું પડતું. તેણે ત્ર્યંબકરાવ દાભડેને પોતાના પક્ષમાં લઇ મરાઠાઓ સામે યુદ્ધ શરૂ કર્યું, પણ બાજીરાવે બહાદુરીથી બંનેને હરાવ્યા ને દાભડેને ઠાર કર્યો. આથી ૧૭૩૧માં ઘણી નામોશીભરી સંધિ નિઝામને સ્વીકારવી પડી. ફરી દિલ્હીની મદદ લઇ નિઝામે બાજીરાવને હરાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં ય તેને ભોપાળ આગળ હાર મળી અને ૧૭૩૧ની સંધિ જ ચાલુ રાખવી પડી.

૧૭૪૮માં પહેલા અસફજાહ નિઝામ-ઉલ મુલ્કનું મૃત્યુ થયું. તેના પછી તેના ચાર પુત્રો તથા એક પૌત્ર મુઝફ્ફરજંગ વચ્ચે ગાદીના હક માટે ઝગડો શરૂ થયો, જે ૧૦ વર્ષ સુધી ચાલ્યો. અંતે ફ્રેન્ચ ગવર્નર ડુપ્લેએ મુઝફ્ફરજંગનો પક્ષ લેવાથી તે ગાદીએ આવ્યો. તેણે ગાદીએ આવતાં જ નચિંત થવા રાજ્યના સાચા વારસ નાસીરજંગનો વધ કરાવ્યો. પણ તે સુખે રહી શક્યો નહિ. નિઝામના ચાર પુત્રો પૈકી નિઝામઅલી તેને હરાવી ગાદીએ આવ્યો ને તેનો વધ કરાવ્યો. આમ છેવટે નિઝામઅલી ગાદીનો પૂરેપૂરો માલિક બન્યો.

દક્ષિણમાં તે કાળે હૈદરઅલી, મરાઠા ને અંગ્રેજો વચ્ચે યુદ્ધો ચાલતાં હતાં. એ યુદ્ધોમાં જે પક્ષે રહેવાથી લાભ હોય તેમાં ભળી જવાની તકવાદી નીતિ નિઝામે રાખેલી. છત્રપતિ શાહુના મૃત્યુ પછી મરાઠાઓએ ત્રણ લડાઈમાં નિઝામનો સંપૂર્ણ પરાજય કરેલો: ૧૭૬૦માં ઉદ્‌ગીરની લડાઇમાં, ૧૭૬૩માં રાક્ષસભુવનની લડાઈમાં ને ૧૭૯૫માં ખર્ડાની લડાઇમાં. પણ ત્રણે વખત વિશિષ્ટ સંજોગોને કારણે નિઝામનું પૂરેપૂરું પતન થઈ શક્યું નહિ. ઉદ્‌ગીરની લડાઈ પછી તરત જ ઉત્તરમાં પાણીપતના યુદ્ધમાં હાર થવાથી મરાઠી સત્તા પર મોટો ફટકો પડેલો; રાક્ષસભુવન વખતે રાઘોબા આડો આવ્યો; ને ખર્ડાના યુદ્ધ પછી સવાઈ માધવરાવનું મૃત્યુ થવાથી મરાઠી રાજ્ય પર મોટી આપત્તિ આવેલી. આથી દરેક વખતે નિઝામ નમી જઈ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતો. હૈદરઅલી સાથેના યુદ્ધમાં હૈદરને દગો દઈ તે અંગ્રેજોને પક્ષે ભળ્યો, જેના બદલામાં તેને પાછળથી કેટલોક મુલક મળેલો. ફ્રેન્ચોના હિંદમાંના પરાજય પછી નિઝામે અંગ્રેજોનું શરણું શોધ્યું અને અંગ્રેજોએ તેના પર પછી પૂરો કબજો મેળવ્યો.

૧૮૦૩ થી ૧૮૫૭ના કાળમાં જે કેટલાક નિઝામો થઇ ગયા તેમણે કેવળ સુખચેન કરવા સિવાય બીજું કશું જ કર્યું નહિ. આંતર-બાહ્ય શત્રુને ઠેકાણે કરવાનું કાર્ય અંગ્રેજોએ પોતાને માથે લીધેલું હતું તથા રાજ્યકારભાર પણ સરળરીતે ચાલતો હતો, એટલે નિઝામો કેવળ ભોગવિલાસ સિવાય કશું જ કરતા નહિ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધમાં નિઝામે કોઈ પણ પ્રકારનો ભાગ ન લેવાથી અંગ્રેજોની તેના પર કૃપા વધી. છતાં તેમણે નિઝામને એટલી બધી છૂટ ન આપી કે જેથી તે પોતાને જ ભારે પડે. તે પછી હાલના નિઝામના પિતા મીર મહબૂબઅલીખાનના કાળમાં તો નિઝામનો એશઆરામ ટોચે પહોંચેલો.

ઇ. ૧૯૧૧માં આજના નિઝામ મીર ઉસ્માનઅલીખાન ગાદીએ આવ્યા. કહેવાય છે કે તે કાયદેસરના વારસ નહોતા, પણ ભાગ્ય-

દેવીની કૃપાના બળે તે નિઝામ બન્યા અને અંગ્રેજોએ તેમને માન્ય રાખ્યા. આ નિઝામે આજ સુધી રાજ્યમાં નહોતો તે હિંદુ-મુસલમાનનો ઝગડો ઊભો કર્યો. જગતના મુસલમાનોના કલ્યાણની જવાબદારી પોતા પર છે એવી સમજથી તે વર્તવા લાગ્યા. રાજ્યની મહત્ત્વની નોકરીઓ તથા જગ્યાઓ મુસલમાનોને જ આપવાની નીતિ તેમણે રાખી. તુર્કસ્તાનમાંથી ખલીફને હાંકી કાઢવામાં આવતાં જ નિઝામે તેને વાર્ષિક રકમ આપવી શરૂ કરી. મુસલમાનોના પક્ષપાતનું એટલું તીવ્ર વાતાવરણ રાજ્યમાં ઊભું કર્યું કે આજે રાજ્યના દરેક મુસલમાનને એ માત્ર પોતાનું કોમી રાજ્ય છે એમ જ લાગે છે.

આજે હિંદના સૌથી મોટા દેશી રાજ્યની માલિકી ધરાવતા આ નિઝામના હાથમાં હિંદની ૧/૨૦ વસતિનું ભાવિ છે. ૬૨ વર્ષની ઉંમરના પાતળા ને નીચા કદના એ રાજવી જગતના સૌથી મોટા ધનિક છે. તેની વાર્ષિક આવક ૧૮ કરોડ રૂપિયા છે! ૭૫ કરોડ રૂપિયા ઉપરાંતનું સોનું, આશરે ૪૫ કરોડ રૂપિયાનું ઝવેરાત અને લગભગ ૪।। અબજ રૂપિયાની કિંમતની બીજી મિલ્કત તે ધરાવે છે! અને આ તો આશરે કાઢેલા આંકડાઓ છે. બાકી તેની સાચી કિંમત તો કોઇ જાણતું નથી. છતાં એટલું તો ચોક્કસ કે જગતના સર્વશ્રેષ્ઠ ધનિકો જેવા કે ફૉર્ડ, રૉકફેલર, મૉર્ગન, ડયુ પૉન્ટ્સ ઇત્યાદિ અનેકોને તો તે પોતાના ખિસ્સામાં રાખી શકે એટલા શ્રીમંત છે.


આવા ધનિક હોવા છતાં નિઝામ અત્યંત કરકસરથી રહે છે. તદ્દન સાદાં કપડાં તે પહેરે છે તથા સાદું ભોજન લે છે. ચા, કૉફીને તે અડતા પણ નથી. માત્ર સસ્તી જાતની સિગારેટો પીએ છે, અને આટલી વૃદ્ધ ઉમરે પણ તે સખત કામ કરે છે. સૂર્યોદય પહેલાં જ તે ઊઠી જઈ, નમાઝ પઢી સ્નાન કરે છે. નહાવામાં પણ સાબુને બદલે અરીઠાં વાપરે છે. સ્નાન બાદ દૂધ તથા નાસ્તો લઇ કામે વળગે છે, જેમાં છાપાં વાંચવાં, કાગળો લખવા, સેક્રેટરીઓને સૂચનો કરવાં રાજ્યની વિવિધ બાબતો તથા પ્રશ્નોનો નિકાલ કરવો, પ્રધાનોને મુલાકાતો આપવી, ઈત્યાદિ અનેક મહત્ત્વનાં કાર્યો હોય છે. રાજ્યમાં લોકસભા હોવા છતાં કોઈ પણ મહત્ત્વનું પગલું તેમની રજા વિના ભરવામાં નથી આવતું. તેમને ઉર્દૂ અને ફારસીમાં કાવ્યો લખવાનો તથા શિકાર અને ઘોડેસ્વારીનો શોખ છે. પહેલા મહાયુદ્ધ વખતે નિઝામે લગભગ ૩૭ કરોડ રૂપિયા તથા માણસોની જંગી મદદ બ્રિટિશોને કરેલી. બીજા મહાયુદ્ધ વખતે તો તેથી પણ વધુ સહાય તેણે મોકલેલી. એમને ૪ પુત્રો છે.

આમ, ૨૨૫ વર્ષ પૂર્વે નિઝામશાહી શરૂ થઈ ત્યારથી તેમનું ધ્યેય સ્વતંત્ર થવાનું હતું, પણ આજ સુધી તે મુઘલો, મરાઠા કે અંગ્રેજોના તાબેદાર જ રહેલા. પણ હવે અંગ્રેજો જતાં નિઝામને પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવાનો વખત આવ્યો હોય એમ લાગે છે અને તે માટે ચારે બાજુથી તે સંપૂર્ણ તૈયારી કરી રહ્યા છે. વિશાળ પ્રદેશ, વિપુલ સાધનસામગ્રી, ઈત્તેહાદ-ઉલ-મુસ્લમીન જેવી સંઘટિત કોમવાદી સંસ્થાનું પીઠબળ, પાકિસ્તાન અને બ્રિટન-અમેરિકા તરફથી મદદની આશા, એ બધાંના ઉપર મુસ્તાક રહી નિઝામ આજે હિંદી સંઘ સાથે શત્રુભાવે વર્તી રહ્યા છે. એની છંછેડણીભરી વર્તણૂક સામે હિંદી સંઘે આજ સુધી બને તેટલી ધીરજ રાખીને વાટાઘાટો કરી છે. પણ હવે એ ધીરજનો અંત આવ્યો છે. હિંદે આર્થિક નાકાબંધી તો શરૂ કરી દીધી છે જ; અને જો હજુ પણ નિઝામની સાન ઠેકાણે નહિ આવે તો હવે ગણત્રીના દિવસોમાં જ આજના નિઝામ છેલ્લા નિઝામ બને એવી પરિસ્થિતિ ઊભી થાય તો નવાઈ નહિ.

યોગાભ્યાસ : આરોગ્યદાયી, રોગનિવારક વ્યાયામ

શરીરને આત્માનું મંદિર ગણવામાં આવે છે. 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' એમ શાસ્ત્રો કહે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એમ આપણે રોજના વ્યવહારમાં પણ બોલીએ છીએ. આમ, આપણા શરીરને નીરોગી, સ્વસ્થ તથા બળવાન રાખવું એ આપણી પહેલી ફરજ છે એમ આપણે માનીએ છીએ. પરંતુ આપણા દેશમાં અને તેમાં યે આપણા ગુજરાતમાં શરીર તરફ જેટલું દુર્લક્ષ્ય થયું છે અને થાય છે એટલું બીજે ક્યાંય થતું નહિ હોય. શરીર તરફની એ અટ્ટલ બેદરકારીનું પરિણામ આજે આપણે જોઇએ છીએ. પૂર્ણ આરોગ્યવાન માણસો મળવા મુશ્કેલ બની ગયા છે. લગભગ દરેક વ્યક્તિ કોઇ ને કોઈ રોગથી પીડાતી જ હોય છે. પરિણામે લોકો વૈદ-ડૉકટરનું શરણું શોધે છે. પણ છુટ્ટે હાથે પૈસા ખરચવા છતાં એ બાહ્ય ઔષધોપચારથી ગએલું આરોગ્ય પાછું મેળવવું મુશ્કેલ હોય છે.

શરીરસ્વાસ્થ્ય સાચવવા માટેની જે અનેક વ્યાયામપદ્ધતિઓ તથા માર્ગો પ્રચલિત છે, તે સૌમાં યોગાભ્યાસનું—આસન પ્રાણાયામનું સ્થાન અનેક કારણોને લીધે ઊંચું આવે તેમ છે. અનેક વર્ષોના પ્રયોગો તથા પ્રત્યક્ષ અનુભવ પછી આપણા પ્રાચીન ઋષિમુનિઓએ સિદ્ધ કરેલી એ પદ્ધતિ સરળ, સુલભ, ઓછી કડાકૂટવાળી અને તદ્દન બિનખર્ચાળ છે અને કોઈ પણ વયના મનુષ્યને તે પદ્ધતિના અભ્યાસથી લાભ થઇ શકે છે. પણ આ પદ્ધતિ વિષે લોકોમાં કેટલાક



વહેમો, પૂર્વગ્રહો તથા ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. યોગી બનવા અગર સમાધિ પ્રાપ્ત કરવા ઇચ્છનારાઓ જ તેનો ઉપયોગ કરી શકે એમ લોકો માનતા અને 'યોગસાધના' શબ્દ સાંભળતાં જ લોકો તેના માટે ભયમિશ્રિત ઉપેક્ષા સેવતા. એવી માન્યતા ફેલાવાનું એક કારણ પણ છે. અત્યાર સુધી આ યોગમાર્ગ તેના સાધકો તરફથી તદ્દન ગુપ્ત રાખવામાં આવેલો. તેને માટે ઘણા પ્રતિબંધો પણ રખાએલા. આ કારણે લોકોમાં વિપરિત કલ્પનાઓ થાય એ સ્વાભાવિક છે. પણ યોગસાધન એ સંપૂર્ણ શુદ્ધ પાયા પર રચાએલું એક શાસ્ત્ર છે. તેના અભ્યાસથી મનુષ્યનું આરોગ્ય ટકી રહી તે રોગમુક્ત રહી શકે છે, એ અનુભવસિદ્ધ વસ્તુ છે. રોજ સવારે કેવળ અરધો કલાક જ તેની પાછળ આપવાથી મનુષ્ય તદ્દન નીરોગી રહે છે અને પોતાનાં કાર્યો અખંડ સ્ફૂર્તિથી કરી શકે છે. અજબ ઉત્સાહ અને સ્ફૂર્તિથી દિવસનાં અનેક કષ્ટદાયક કાર્યો પાર પાડતા આપણા જવાહરલાલ રોજ સવારે નિયમિત શીર્ષાસન કરે છે એ ઘણા જાણતા હશે.

રોજ નિયમિત આસન-પ્રાણાયામ કરવાથી શરીરના સર્વ અવયવોને જરૂરી કસરત મળે છે, એટલું જ નહિ પણ તેમનામાં કોઇ

બળેવ

પ્રાચીન કાળમાં સમાજની વ્યવસ્થા માટે તેના ચાર વર્ણ પાડવામાં આવેલા : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર. આમાં પહેલા ત્રણ વર્ણને વેદાધ્યયન માટે યજ્ઞોપવીત ધારણ કરવાનું હોઈ તેઓ દ્વિજ કહેવાતા. એ દ્વિજોનો તહેવાર તે બળેવ. આજે જનોઈ પહેરવાની પરંપરા બ્રાહ્મણોમાં જ જળવાઈ રહી હોવાથી બ્રાહ્મણો આ તહેવાર આજે ખાસ આગ્રહથી પાળે છે.

યજ્ઞોપવીત ધારણ કરવાની ક્રિયાના બે ભાગ હોય છે: ઉપાકર્મ (આરંભ) અને ઉત્સર્જન (અંત) અને એ ક્રિયાઓ શ્રવણ નક્ષત્રમાં કરવાની હોય છે. એ નક્ષત્ર શ્રાવણ સુદ પૂનમને દિવસે આવતું હોવાથી તે દિવસે આ તહેવાર પળાય છે.

ઉપનયન થએલા બ્રહ્મચારીઓ ને ગૃહસ્થો તે દિવસે સ્નાન તથા સંધ્યાવંદનાદિથી પરવારી નદી કે તળાવ કિનારે યા કોઈ દેવાલયમાં ભેગા થાય છે, (શહેરોમાં કોઇ સાર્વજનિક સ્થળે યા કોઇ પ્રતિષ્ઠિત ગૃહસ્થને ત્યાં એકઠા થાય છે.) અને યાજ્ઞિકકાર્યમાં કુશળ એવા કોઈ ઉપાધ્યાય પાસે બેસી યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ કરે છે. વિધિના પ્રારંભમાં પંચગવ્ય(ગાય વડે ઉત્પન્ન થએલા પાંચ પદાર્થો: દૂધ, ઘી, દહીં, છાણ અને મૂત્ર)નું પ્રાશન કરી શરીરશુદ્ધિ કરાય છે. ત્યાર બાદ ઉપાકર્મનો વિધિ થાય છે. તેમાં હોમ પેટાવીને ચરુ-(ઘેર રાંધેલા ભાત)ની ૨૧ આહૂતિ અપાય છે. પછી સ્નાન કરીને અરૂંધતિ સહિત સપ્તર્ષિની પૂજા કરી ઋષિતર્પણ અને પિતૃતર્પણ કરવામાં આવે છે. ને તે પછી ઉત્સર્જન-વિધિ થાય છે. તે માટે બીજો હોમ સળગાવીને તેમાં દધિ-સક્તુના લોટની આહૂતિ અપાય છે. છેલ્લે યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ હોય છે. એક જનોઈ ગુરુને આપીને ૧૦ ગાયત્રી મંત્રોથી મંત્રેલું યજ્ઞોપવીત ધારણ કરવામાં આવે છે અને જૂની જનોઈ કાઢી નંખાય છે. છેલ્લે ઉપાધ્યાયને યથાશક્તિ દક્ષિણા આપીને તેમનો આશીર્વાદ લેવામાં આવે છે.

હિંદભરમાં ઘણુંખરું ઉપર પ્રમાણે જ વિધિ થાય છે. માત્ર આર્ય સમાજના અનુયાયીઓ ચંદનનાં લાકડાં અને ઘીનો હોમ કરીને તેમાં ચરૂ અને દધિ-સક્તુને બદલે શીરાની આહૂતિ આપે છે અને વેદની ઋચાઓ બોલીને યજ્ઞોપવીત ધારણ કરે છે.

બળેવના દિવસે થતા વિધિમાં આજે પ્રાધાન્ય જનોઇ બદલવાને અપાય છે, પણ તે બરોબર નથી. કારણ યજ્ઞોપવીત-ધારણવિધિ એ તો તે આખા વિધિનું અતિ ગૌણ અંગ છે. મુખ્ય વિધિ તો ઉપાકર્મ અને ઉત્સર્જન છે. ઉપાકર્મ અને ઉત્સર્જન એટલે સ્વાધ્યાય યા અધ્યયનનો આરંભ અને અંત. આ બે વિધિ શું છે તે જાણવા માટે આપણે આપણી પ્રાચીન કાળની અભ્યાસપદ્ધતિ જોવી જોઇએ.

જૂના કાળમાં બાળક યોગ્ય ઉમરનો થાય એટલે તેને પાસેના કોઇ જ્ઞાનનિષ્ઠ ગુરુ પાસે લઇ જઈ વિદ્યા આપવા વિનતિ કરવામાં આવતી. ગુરુ બ્રહ્મયજ્ઞ કરાવવા માટે વિદ્યાર્થીને ઉપવીત પહેરાવીને વેદાભ્યાસના આરંભ તરીકે ગાયત્રીમંત્રનો ઉપદેશ આપતા. આને ઉપનયન કહેતા. આમ, ઉપનયન એટલે ગુરુ પાસે લઈ જવું તે. એ ઉપનયનથી વિદ્યાર્થીનો અભ્યાસ શરૂ થતો; પણ અધ્યયન-અધ્યાપન સતત આખું વર્ષ ચાલતું નહિ. અધ્યયનનો આરંભ ચોમાસામાં શ્રવણ નક્ષત્રમાં, શરુનો વરસાદ થઇ જઈ બધે 'ओषधीषु जातासु' એવી સ્થિતિ થાય—એટલે કે પાક સારો પાકે ત્યારે થતો, અને તેથી તે માટે ખાસ કરીને શ્રાવણની પૂર્ણિમા પસંદ કરવામાં આવતી. પણ એવા અધ્યયનનો આરંભ કરતાં પહેલાં એક હોમવિધિ કરવામાં આવતો જે 'ઉપાકર્મ વિધિ' તરીકે ઓળખાતો. તે વખતે નવું ઉપવીત ધારણ કરવામાં આવતું. આમ શરુ થએલું અધ્યયન-અધ્યાપન ૬-૭ મહિના ચાલતું અને પોષ કે માઘ માસમાં તેની પૂર્ણાહુતિ થતી. તે વખતે અધ્યયન પુરું થયાના નિમિત્તે હોમ કરીને જે બીજો વિધિ કરવામાં આવતો તે 'ઉત્સર્જન વિધિ' તરીકે ઓળખાતો. ત્યાર બાદ ૫-૬ મહિના વિદ્યાર્થીઓ થઇ ગએલા અભ્યાસનું મનન કરતા કે સામાન્ય જ્ઞાનના બીજા વિષયો શીખતા. જેમ આજે ઉનાળાની રજા હોય છે તેવી એ વખતની તે રજાઓ હતી એમ કહી શકાય. અને ફરી પાછો શ્રાવણી પૂર્ણિમાએ નવા સત્રનો આરંભ ઉપાકર્મ વિધિથી થતો.

આ ઉપરથી જોઈ શકાશે કે જે ઉપાકર્મ ને ઉત્સર્જન આજે એક જ દિવસે આટોપી લેવામાં આવે છે તે બરોબર નથી. વળી યજ્ઞોપવીત ધારણ કરવું એ તો ઉપાકર્મનો ગૌણ વિધિ છે અને એનો અર્થ માત્ર અધ્યયનની શરૂઆત કરવી એવો છે. પણ આજે તો બળેવ એટલે માત્ર નવી જનોઈ પહેરવી એટલો જ અર્થ થાય છે, એ ભૂલ છે. આજની ભાષામાં કહીએ તો બળેવ એટલે અભ્યાસના સત્રની શરૂઆત. ત્યારથી વિદ્યાર્થીએ કમ્મર કસીને અભ્યાસ કરવાનો. વિદ્યાર્થી ન હોય તેવાઓએ પોતાનો સ્વાધ્યાય ચાલુ રાખવાનો. દરેક બ્રાહ્મણે સ્વાધ્યાય તો અવશ્ય કરવો જ જોઇએ, એવું શાસ્ત્રવચન છે. સ્વાધ્યાય ભુલાયો એટલે આર્યધર્મત્વ નષ્ટ થયું, પણ આજે તો તેમાંનું કશું જ થતું નથી. આજની બળેવનો વિધિ 'કુંડળ ગયાં ને કાણાં રહ્યાં' જેવી સ્થિતિ દર્શાવે છે.

બળેવના ઉત્સર્જન-ઉપાકર્મ વિધિ પાછળ પ્રાચીન કાળમાં જે જ્ઞાનાર્જનની તમન્ના ને નિશ્ચય હતાં, આશ્રમના જે નિર્દોષ પવિત્ર વાતાવરણની મહેક હતી, તેજસ્વી અધ્યયન-પદ્ધતિની જે પાર્શ્વભૂમિ હતી તેનો આજે આધુનિક કાળમાં નવી દૃષ્ટિથી ઉપયોગ થાય તો ઘણો ફાયદો થાય તેમ છે. બળેવને અધ્યયન માટે જ્ઞાનનિષ્ઠ લોકોનું સંમેલન ગણી, સર્વ વિદ્વાનો તથા અધ્યયનની ઈચ્છાવાળા યુવકો ભેગા થાય અને તે દિવસે જ્ઞાનાર્જન માટે દૃઢ નિશ્ચય કરી એકાદ અમુક મુદ્દતના સત્ર સુધી તે ચલાવે, તથા જ્ઞાનતપના-બ્રાહ્મણત્વના ચિહ્ન તરીકે જે યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ કરે તેને શોભે તેવું નમ્ર ને ઉદાત્ત વર્તન રાખવાનો નિશ્ચય કરે એ ઈષ્ટ છે.

નેકૃતિ ઉત્પન્ન થતી નથી; ને જો થઈ હોય તો તાબડતોબ દૂર થાય છે. તેનાથી કેવળ સ્નાયુઓનું જ નહિ, પણ હૃદય, ફેફસાં, મગજ, કરોડરજ્જુ ઈત્યાદિ મહત્ત્વના ભાગોનાં પણ આરોગ્ય તથા મૂળ સ્થિતિ સચવાઈ રહે છે. તેનાથી લોહીની ગતિ બરાબર ચાલે છે તથા નાડીઓનો યોગ્ય સંકોચવિકાસ થાય છે. પણ યોગાભ્યાસ વડે સૌથી સરસ અને સીધી અસર થતી હોય તો તે આંતર-ગ્રંથિઓ(Glands) ઉપર. માનવ શરીરમાં સૌથી મહત્ત્વનું સ્થાન એ ગ્રંથિઓ ધરાવે છે. શરીરની સર્વ ક્રિયાઓ તથા અવયવોનું નિયમન તથા સંચાલન કરવાનું, રોગ સામે પ્રતિકારની શક્તિ ઉત્પન્ન કરવાનું તથા શરીરનું એકંદર સ્વાસ્થ્ય જાળવવાનું કાર્ય તે જ કરે છે. તેમનું કાર્ય જો બરાબર ચાલે તો શરીરનું સ્વાસ્થ્ય કદી ન બગડે. સાથેના ચિત્રમાં એ ગ્રંથિઓનાં નામો તથા સ્થાનો દર્શાવ્યાં છે. આસનો દ્વારા આ ગ્રંથિઓ પર સીધી અસર થાય છે. એવી અસર કરનાર કેટલાંક આસનો તથા ક્રિયાઓનાં નામ આ પ્રમાણે છે: (૧) પીનિયલ ગ્રંથિ માટે વૃક્ષાસન; (૨) પિચ્યુટરી માટે શીર્ષાસન; (૩) થાઇરાઈડ: સર્વાંગાસન; (૪) લીવર: મત્સ્યેન્દ્રાસન–જમણી બાજુનું; (૫) બરોળ: મત્સ્યેન્દ્રાસન ડાબી બાજુનું; (૬) કલોમ–પૅન્ક્રિયાસ: ઉડ્ડીયાનબંધ, નૌલિ; (૭) એડ્રિનાલ; મયૂરાસન; (૮) કિડની: ભુજંગાસન, શલભાસન; (૯) ટેસ્ટીઝ: સિદ્ધાસન, પદ્માસન. યોગાભ્યાસ કેવળ શારીરિક સ્વાસ્થ્ય ને વિકાસ માટે જ નહિ પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ અત્યંત ઉપયોગી છે. તેના અભ્યાસથી મનની એકાગ્રતા તથા માણસનું આત્મિક બળ પણ વધે છે

શરીર અને મનનું આરોગ્ય સાચવવા ઉપરાંત મનુષ્યશરીરના રોગો દૂર કરવા માટેની ઉપચારપદ્ધતિ તરીકે પણ આ યોગાભ્યાસનું સ્થાન ઘણું ઊંચું છે. આજની અનેક ઉપચારપદ્ધતિઓ—આયુર્વેદ, ઍલોપથી, હોમીઓપથી, જલોપચાર, ઍપ્સમપથી, કિરણ ચિકિત્સા–પૈકી કોઈ પણ યોગિક પદ્ધતિ જેટલી કાયમી અસરકારક, તથા બિનખર્ચાળ નથી, અને ગમે તે રોગ દૂર કરવાની તેમાં શક્તિ રહેલી છે. માત્ર તે માટે તેના નિષ્ણાતની દેખરેખ નીચે લાંબા વખત સુધી તેનો અભ્યાસ કરવાનું ધૈર્ય તથા ચીવટ જરૂરી છે.

ભારતવર્ષની જ ભૂમિમાંથી ઉત્પન્ન થએલી, હિંદની જ પોતાની આ શ્રેષ્ઠ આરોગ્યવર્ધક ને રોગવિનાશક પદ્ધતિનો સામાન્ય જનતા પોતાના રોજના વ્યવહારમાં ઉપયોગ કરે એ ઇષ્ટ જ નહિ, આવશ્યક પણ છે.—'યોગપ્રવેશિકા' નામે પુસ્તક પરથી(જુઓ: નવાં પુસ્તકો)

દાડમ: એક બહુગુણી ફળ

દાડમના રસમાં જે અપાર ગુણ રહેલો છે તે બીજાં ફળોમાં મળવો દુર્લભ છે. દાડમ સ્વભાવે ઠંડું, ગ્રાહી ને રોપણ છે અને એનામાં અજબ પિત્તશામક ગુણ રહેલો છે. એટલે જ પિત્તજ્વરના દરદીને દાડમના દાણા ચૂસવા આપવામાં આવે તો તેને વારંવાર લાગતી તૃષા શાંત થાય છે, પેટમાં થતી બળતરાને ઠંડક વળે છે ને પિત્તના કારણે વારંવાર આવતા ઉલટીના ઉછાળા બંધ પડે છે.

મરડા ને સંગ્રહણીના દરદીઓ કે જેમનાં આંતરડાંની આંતરત્વચા ક્ષોભ પામી ખૂબ આળી થઈ ગઇ હોય છે અને કોઇ પદાર્થ પેટમાં જતાં આંતરડાં તેને સહન નહિ કરી શકવાથી અમળાટ પેદા થઈ ઝાડા થાય છે, તેવાઓને દાડમનો રસ આંતરડાંની આળી ત્વચા પર ગુણ કરે છે. ગુમડાં ઉપર જેમ આપણે ઠંડો લેપ કરીએ અને ઠંડક મળે, તેમ એ ત્વચાને દાડમનો રસ અસલ સ્થિતિમાં લાવી મૂકે છે.

એ જ રીતે એ રસ મોઢાની અંદર પણ પેઢાં(મસોડાં)ના આળા ભાગને રૂઝવે છે, ગળાની બારી ઉપરના સોજાને ઓછો કરે છે, ટૅાન્સિલ્સના દાણાને બેસાડી દે છે અને શ્વાસનળી પર લાગતી કફની આછીપાતળી પરપોટીને ખસેડી ગળાને સ્વચ્છ અને સફાઈવાળું બનાવી આપે છે. કફની એ આછીપાતળી જમાવટને લઇને માણસને ખાંસી—લુખ્ખી ખાંસી વારંવાર સતાવતી હોય છે, કારણ ખોરાકના ખાધેલા રસમાંથી ઉર્ધ્વગતિએ ગળાની બારી તથા ગળા ઉપર આવેલો કફ ખંખેરી નાખવા કુદરત ખાંસી રૂપે ઝાડુ ફેરવે છે. દાડમનો રસ તે જગ્યાએ લાગીને ગળાની સફાઇ એવી રીતે કરે છે કે એ ઉધરસ યા ખાંસીનો ખોંખો બંધ થાય છે. તેમ જ ગળાની બારી સુધરવાથી અવાજની જાડાઈ અથવા કર્કશતા દૂર થાય છે. આથી જેમને ગાવાનો શોખ છે તેઓનો કંઠ બરાબર ખુલે છે. બીડીઓ પી-પીને તથા સીગારેટો ચૂસીચૂસીને જેમણે ગળા અને શ્વાસનળીને લુહારની ધમણ જેવાં બનાવી નાખ્યાં હોય તેમને દાડમનો રસ અસલ સ્થિતિમાં લાવવા માટે સુંદર કાર્ય કરી બતાવે છે.

અસ્વચ્છ અને બલગમભર્યાં મોઢાવાળા માણસો જો નિયમિત દાડમના દાણા ચૂસે તો તે રસ દાંતના મૂળમાં ઊંડેઊંડે પહોંચી મૂળ જગ્યાનો સડો બંધ કરે છે, સાધારણ સૂઝેલાં પેઢાં સ્વચ્છ ને નીરોગી બનાવે છે ને પછી દાંત મજબૂત થાય છે.

દાડમના રસમાં અમ્લ તત્વ છે, ગ્લુકોઝ છે અને લોહ પણ છે. વળી અન્ય રીતે ઉત્પન્ન કરેલાં ઔષધીય તત્ત્વો કરતાં ફળોનાં આ તત્ત્વો નિર્દોષ, કુદરતી અને શરીરનાં તત્ત્વો સાથે જલદી મળી જાય છે.

દાડમ તંદુરસ્ત માણસને માટે ભૂખ્યા પેટે લેવા કરતાં જમ્યા પછી લેવું વધારે સારું છે; એટલે કે બપોરે ભોજન લીધા પછી ચાર કલાકે લેવાય એ વધુ લાભકર્તા છે. કારણ કે ખોરાકના ટુકડા ચાર કલાકે વલોવાઈ હોજરીમાં રસ થાય, તે વખતે તેમાં દાડમનો રસ ઉમેરાતાં એ રસ અન્નરસ સાથે હોજરી અને આંતરડાંમાંથી વહેલી તકે શોષાઇને લોહી સાથે મળી જવા પ્રયત્ન કરે છે.

મીઠા રસથી ભરપૂર દાડમના દાણા કાઢીને બુકડાવવા અને તેને ચાવી, રસ ગળે ઉતારી બીજનો કૂચો ફેંકી દેવો એ જ દાડમ ખાવાની સરસ રીત છે. જોકે બીજ ખાવાથી પણ ખાસ નુકસાન નથી, પરંતુ નબળી હોજરીવાળાને એ પેટમાં ખૂંચે છે તેમજ કબજિયાત પણ કરે છે. એક માણસ અરધો શેર વજનના દાડમમાંથી નીકળતો રસ એક ટંકે લે તો કોઇ નુકસાન નથી. એટલો રસ તો જરૂરી પણ છે.

ઘણા માણસોને નસકોરી ફૂટી નાકમાંથી લોહી પડે છે. કેટલીક વખત માથા ઉપર પાણી રેડવાથી આ નસકોરી બંધ થઇ જાય છે. પરંતુ જ્યારે આ પ્રમાણે નસકોરી બંધ નથી થતી ત્યારે દર્દી મુશ્કેલીમાં આવી જાય છે. તે વખતે દાડમનાં ફૂલ તથા લીલી ધરો (એ નામનું ઘાસ) પત્થર ઉપર છૂંદી તેમાં સહેજ પાણી નાખી, એ છૂંદેલી લૂગદી એક લૂગડાના ટૂકડામાં લઈ દર્દીનાં નસકોરામાં બબ્બે પાંચ-પાંચ ટીપાં એવી રીતે મૂકવાં કે તેના મગજની અંદર તેનો રસ જાય. આથી લોહી તુરત બંધ થાય છે અને થોડા દિવસ ચાલુ નાખવાથી વારંવાર થઈ આવતો નસકોરી ફૂટવાનો વ્યાધિ પણ નાબૂદ થાય છે.

—વૈદ જાદવજી નરભેરામ શાસ્ત્રી

દાડમના ત્રણ પ્રકાર છે: ખાટાં, મીઠાં ને ખટમીઠાં. એ ત્રણેના ગુણદોષમાં ફેર છે. આપણે ત્યાં દાડમ ઘણે સ્થળે થાય છે. પણ અરબસ્તાનના મસ્કતમાં થતાં દાડમ ઘણાં ઉત્તમ હોય છે, જે મસ્કતી દાડમ કહેવાય છે. સૌરાષ્ટ્રમાં ભાવનગરી દાડમ વખણાય છે.

દાડમનાં વૃક્ષ બહુ ઊંચાં નથી હોતાં; પણ બગીચાની શોભામાં એ સુંદર વૃક્ષને સ્થાન મળેલું છે. તેનાં ફૂલ પણ દેખાવડાં હોય છે. પણ આપણા પ્રાચીન કવિઓએ સુંદર નારીના સુશોભિત દાંતને

દાડમની કળીઓ સાથે સરખાવ્યા છે તે તો કળીઓ નહિ પણ દાણા.

ઔષધ તરીકે દાડમનો ઉપયોગ નીચે પ્રમાણે છે: (૧) લોહીના ઝાડા, સાદા ઝાડા અને સંગ્રહણી જેવા દરદમાં જીરૂં અથવા સાકર નાખીને દાડમનો રસ આપવો. (૨) લૂ લાગી હોય, દાહ થતો હોય, તૃષા છીપતી ન હોય ત્યારે દાડમનું શરબત આપવું. બજારમાં મળતાં દાડમનાં શરબત નકલી છે, માટે દાડમનું શરબત ઘેર બનાવવું. (૩) આંખમાં ગરમી જણાતી હોય તો દાડમના રસનાં ટીપાં આંખમાં નાખવાં. (૪) નાકમાંથી લોહી પડતું હોય ત્યારે દાડમના ફૂલનો રસ કાઢી નાકમાં નાખવો અને તાળવે ચોપડવો. (૫) લોહીના ઝાડામાં દાડમની છાલ અને ઇંદ્રજવનો ઉકાળો કરીને પાવો. (૬) છાતીના દુખાવામાં દાડમના રસ સાથે મોંદીઆવળનું ચૂર્ણ નાખીને લેવું. (૭) દાડમ અને કાળી દ્રાક્ષ વાટીને તેની ચટણી ખાવાથી મોઢાનાં દરદો મટે છે. (૮) ખાલી ઉધરસમાં દાડમની છાલ અને વડાગરા મીઠાની ગોળીઓ વાળીને મોઢામાં રાખવી અથવા એકલી દાડમની છાલ ચૂસવી. (૯) ગળામાં કે મોઢામાં ચાંદા પડ્યાં હોય તો દાડમની છાલના ઉકાળામાં થોડી ફટકડી નાખી તેના કોગળા કરવા. (૧૦) દાડમની છાલનું વસ્ત્રગાળ ચૂર્ણ પાણી સાથે બબ્બે આની ભાર લેવાથી ચિકાશવાળા ઝાડા મટે છે. (૧૧) ઘણાં માણસોને અકાળે માથામાં તાલ પડે છે. આ એક પ્રકારનું દરદ છે. દાડમનાં પાનને પાણીમાં વાટી ટાલવાળા ભાગ પર સવારસાંજ લેપ કરવો. લેપ બારબાર કલાકે ફેરવવો. ત્રણેક માસ આ પ્રયોગ કરવાથી વાળ ઊગશે. (૧૨) દાડમના રસમાં એલચીનું ચૂર્ણ ને સૂંઠનું ચૂર્ણ મેળવીને પીવાથી પેશાબની રુકાવટ દૂર થાય છે. (૧૩) દાડમનો રસ ૧ ભાગ અને સાકર ૩ ભાગ મેળવી તેનું શરબત બનાવવું. આ શરબત દિવસમાં ત્રણ વાર પાવાથી કમળો મટે છે. (જય હિંદ)

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'સાચો સેવક'–એસ. બી. મિસ્ત્રી (અમદાવાદ). નોંધપાત્ર: (૧) 'પરીક્ષાની તૈયારી'–જયંત મહેતા (મુંબાઈ); (૨) કાતરણીવાળી જાળી–ચિનુભાઇ. બી. ચોકસી (અમદાવાદ). નદીતટે ભડકેલા કે હઠે ચડેલા બળદને કાબૂમાં રાખવા મથતા માનવનું ભાઈ એસ. બી. મિસ્ત્રીનું અહીં આપેલું ચિત્ર યોગ્ય પળે આબાદ રીતે ઝડપાયું છે. મોં દેખાતું ન હોવા છતાં એ માણસનાં અંગમાંની કાર્યની ગતિ, એ ગતિને પૂર્તિ રૂપ પાણીનાં ડોળાણ અને વર્તુળો તથા તે બધાંને ઉઠાવ આપતો યોગ્ય સૂર્યપ્રકાશ. આ બધાંના સુમેળથી યોજાએલું ચિત્ર ચોટદાર બન્યું છે. નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ જયંત મહેતાનું 'પરીક્ષાની તૈયારી' યોજનાપૂર્વક લેવાએલું હોવા છતાં પૂરો વિચાર થયો નથી. પાત્રના માથા ઉપરનો સફેદ અને ઊભી કાળી લીટીવાળો ભાગ નજરને ત્યાં ખેંચી જઈ ચિત્રદોષ ઉત્પન્ન કરે છે. વળી કૅમેરા પાત્રની વધારે નજીક હોઇ આગળના હાથવાળો ભાગ વધારે પડતો મોટો થઈ જાય છે. પાત્રરચના અને પ્રકાશયોજના સપ્રમાણ છે. લીટી દોરી બતાવ્યા પ્રમાણે કાપવાથી તે વધારે જોરદાર બનશે.

'કાતરણીવાળી જાળી'ના ચિત્રની ટેકનિક, એક્સ્પોઝર, પ્રકાશ, નત્રો કોણ વગેરે સુયોગ્ય છે. ભાઈ યુ. એચ. કલોલવાળાના ચિત્ર 'સફર'માં વાદળઘેરું વાતાવરણ છે, પણ પાત્રોથી વધારે નજીકથી તે લેવાએલું હોઇ પ્રમાણમાં પાત્રો જ લક્ષબિંદુ બને છે અને વાતાવરણ જામતું નથી.

શ્રીદામ ભટ્ટ

વિકસતું વિજ્ઞાન

◖ ઍટમ બૉંબ શોધાયા પછી સર્વ શાસ્ત્રજ્ઞોનું લક્ષ્ય હવે તેનાથી બચવાનાં સાધનો શોધવા તરફ કેન્દ્રિત થયું છે, અને તેમાં પણ ખાસ કરીને ઍટમ બૉંબ ફાટ્યા પછી જે વિનાશક કિરણો ઉદ્ભવે છે તેને અટકાવવાનું કે નાશ કરવાનું કોઈ સાધન આજે વિજ્ઞાન પાસે નથી અને તેની શોધ માટે આજે લાખો રૂપિયા ખરચાઈ રહ્યા છે. એ માટેનું સંશોધન કરતાંકરતાં એક અત્યંત આશાસ્પદ પદાર્થની શોધ થઈ છે. તે વનસ્પતિજન્ય પદાર્થ હોઈ તેનું નામ-રૂટિન છે. હીરોશીમા અને નાગાસાકી પર જે અનેક લોકો ઍટમ બૉંબનાં વિનાશક કિરણોના ભોગ થઇ પડ્યા હતા. તેમના પર પ્રયોગો કરતાં આ પદાર્થ મળી આવ્યો છે. એ વિનાશક કિરણોની એક અસર એ થાય છે કે લોહીની વાહિનીઓ તૂટી જઈ તેમાંથી શરીરની અંદર લોહી વહેવા માંડે છે. પણ રૂટિનના સેવનથી તેવું લોહી નીકળતું બંધ થઈ દરદી બચી જાય છે. રૂટિન લોહીની નળીઓની દીવાલો મજબૂત કરતું હોવાથી એમ થતું હોવું જોઇએ એમ મનાય છે. હાલ ઍટમ બૉંબથી બચાવનું આ એક જ માત્ર આશાનું કિરણ વૈજ્ઞાનિકોને મળ્યું છે.

◖ કોટના ખિસ્સામાં નાખીને કે કૅમેરાની માફક ગળામાં ભેરવીને ગમે ત્યાં લઈ જઈ શકાય એવા વાયરલેસ ટેલિફોનની શોધ થઇ છે. તે વડે રસ્તેથી મોટરમાં કે ખેતરમાં બેઠાબેઠા ઘર ઑફિસ કે મિત્ર સાથે વાતચીત કરી શકાશે. તે વાપરવો પણ તદ્દન સહેલો છે. રેડિયો ચલાવતાં જાણે છે તેઓ તો સહેલાઇથી આ વાપરી શકશે. લગભગ બશેર વજનના આ નવા ટેલિફોનની કિંમત ૩૦ થી ૫૦ ડૉલર (૧૨૫ થી ૨૦૦ રૂ.) સુધી પડશે એવો અંદાજ છે, અમેરિકાની એક કંપનીએ મોટા પ્રમાણમાં આ ટેલિફોન બનાવવાનું શરૂ કરી દીધું છે.

◖ જરૂરી પૈસા નાખતાં વિશિષ્ટ વસ્તુ બહાર આવે એવા આપમેળે ચાલતાં માનવયંત્રો અમેરિકામાં પ્રચલિત છે એ તો જાણીતું છે. કેટલીક દુકાનોમાં તો વસ્તુઓ વેચવા માટે મનુષ્યો જ હોતા નથી; કેવળ આવાં યંત્રો જ હોય છે. પણ આ બધામાં સૌથી વધુ આશ્ચર્યકારક યંત્ર તો તમને મનભાવતું ખાવાનું રાંધીને તૈયાર કરી આપે છે. રેલવે સ્ટેશનોએ તો એવાં યંત્રો ગોઠવવામાં આવ્યાં છે કે જેમાં પૈસા નાખતાં તમારે જે ગામ જવું હોય ત્યાંની ટિકિટ અને બાંધ્યું નાણું નાખ્યું હોય તો વધારાના પૈસા તથા એક વર્તમાનપત્ર પણ બહાર આવે છે. વળી કેટલાંક એવાં યંત્રો છે કે જેમાં તમે પૈસા નાખો તો તમને જોઇએ તે વિષયનું પુસ્તક મળે. નાટકને લગતા ખાનાનું બટન દાબતાં જ એક નાટકનું પુસ્તક તેમાંથી બહાર પડે છે! પણ એક તો એવું યંત્ર હવે નીકળ્યું છે કે જેમાં યોગ્ય આંકડાઓ ગોઠવીને તમે ડાયલ ફેરવો કે તેમાંથી તમારા માપનું ખમીસ, ટાઈ તથા હાથરૂમાલ બહાર પડે! ભવિષ્યમાં આવા યંત્રો અનેક માણસોની નોકરીઓ ઝૂંટવી લેશે એમ લાગે છે.

◖ ચીનાઈ માટીના અને કાચના પ્યાલા-રકાબીઓ ફૂટવાથી ઘણાં કુટુંબોને દર વર્ષે કેટલું યે નુકસાન સહન કરવું પડે છે. પણ હવે, ગમે તેટલાં પછડાય છતાં ફૂટે નહિ એવાં પ્યાલા-રકાબીઓ તથા ઈતર વસ્તુઓ બનાવવાની શોધ વૈજ્ઞાનિકોએ કરી છે. આ અતૂટ વાસણો બનાવવા પોલીથીન નામનો પદાર્થ તેમણે શોધી કાઢ્યો છે. તેમાંથી બનાવેલાં વાસણોના હાથા નીકળી પડતા નથી, તેમ ગરમીથી તે વાસણમાં ફાટ પણ પડતી નથી.

ચાલુ તવારીખ: જુલાઈ

તા. ૧ શ્રીનગરમાં રેડિયો સ્ટેશન શરૂ થયું. ◖ હૈદરાબાદ સરકાર અને રાજ્યની બૅંકની તમામ જમીનગીરીઓ હિંદ સરકારની સંમતિ વિના ફેરબદલી કરવાની મના કરતો વટહુકમ નીકળ્યો. ◖ હૈદરાબાદની માલિકીની ડેક્કન ઍરવેઝ વિમાની સર્વિસનું લાયસન્સ રદ કરાયું. ◖ મોરિશિયસમાં હિંદના હાઈ કમિશનર તરીકે ધર્મયશપાલદેવ નિમાયા.

તા. ૨ આસામમાં શિલૉંગ અને ગૌહત્તી એમ બે સ્થળે રેડિયો સ્ટેશન શરૂ થયાં.

તા. ૪ કાશ્મીરમાં નૌશેરામાંથી હુમલાખોરોને હાંકી કાઢનાર બ્રિ૦ ઉસ્માનનું મૃત્યુ.

તા. ૯ પાકિસ્તાને તાયફાવાળાઓના પ્રદેશ વઝીરીસ્તાન પર બૉંબમારો કર્યો.

તા. ૧૦ પૅલેસ્ટાઈનમાં ૪ અઠવાડિયાંની તહકૂબી પછી ફરી આરબ-યહૂદી યુદ્ધ શરુ. ◖ કાશ્મીર કમિશન દિલ્હી આવી પહોંચ્યું.

તા. ૧૫ વીરમગામની નામચીન જકાતબારીની નાબૂદી. ◖ પતિયાળા, કપુરથલા, નાભા, ફરીદકોટ આદિ રાજ્યોનું ૧૦૦૦ ચો૦ માઇલ વિસ્તાર અને ૩૦ લાખની વસતિવાળું દેશી-રાજ્યોનું સૌથી છેલ્લું એકમ રચાયું.

તા. ૧૯ ઑસ્ટ્રેલિયન વિમાની સિડની કૉટને કરાંચીથી સીધા હૈદરાબાદ ઊડી હિંદી સરકારની નાકાબંધી તોડી હુકમનો ભંગ કર્યો.

તા. ૨૧ સુભાષચન્દ્ર બોઝના જ્યેષ્ઠ બંધુ શ્રી સતીષચન્દ્ર બોઝનું અવસાન.

તા. ૨૪ મધ્ય પ્રાંતની સરકારે રાજ્યભાષા તરીકે હિંદીનો સ્વીકાર કર્યો.

તા. ૨૭ ઇંગ્લંડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ મૅચમાં ઑસ્ટ્રેલિયાની ૭ વિકેટે જીત.

તા. ૨૮ કરાંચીના સુપ્રસિદ્ધ પત્ર 'સિંધ ઑબ્ઝર્વર'ના ૩૦ વર્ષ સુધી માજી તંત્રી ને જાણીતા પત્રકાર શ્રી કોટામારાજુ પુનીઆહનું અવસાન.

તા. ૩૦ કાપડ પર ફરી અંકુશ. ◖ લંડનમાં ૧૪મી ઑલિમ્પિક રમતો શરુ થઈ.

તા. ૩૧ ચેકોસ્લોવાકિયાના એલચી તરીકે શ્રી નિઘામ રાઘવન નિમાયા.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૧ 'સ્વરાજ્ય એ જન્મસિદ્ધ હક્ક છે.'ની પ્રથમ ઘોષણા કરનાર લો૦ ટિળકનું મૃત્યુ, ૧૯૨૦.
તા. ૫ હેસ્ટિંગ્સ પર લાંચનો આરોપ મૂકનાર રાજા નંદકુમારને તેણે ફાંસી અપાવી, ૧૭૭૫.
તા. ૧૦ જગતની પ્રખ્યાત વેધશાળા ગ્રીનીચની રૉયલ ઑબ્ઝર્વેટરી સ્થપાઇ, ૧૬૭૫.
તા. ૧૩ પંદરમી કૉંગ્રેસના પ્રમુખ ને જાણીતા અર્થશાસ્ત્રી રમેશચન્દ્ર દત્તનો જન્મ, ૧૮૪૮.
તા. ૧૬ અસ્પૃશ્યતા-નિવારણની સગવડો સરકારે બંધ કરતાં ગાંધીજીના ઉપવાસ, ૧૯૩૩.
તા. ૧૮ રંગૂનથી ટોકિયો જતાં રસ્તે વિમાન-અકસ્માતમાં સુભાષચન્દ્ર બોઝનું મૃત્યુ, ૧૯૪૫.
તા. ૨૪ ગુજરાતી ગદ્યના પિતા ને પ્રેમશૌર્યના ઉદ્ગાતા જોશીલા કવિ નર્મદનો જન્મ, ૧૮૩૩.
તા. ૨૫ સીંગાપુરમાં આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ સ્વીકારી સુભાષ 'નેતાજી' બન્યા, ૧૯૪૩.
તા. ૨૮ દરિયામાંનાં તારનાં દોરડાં દ્વારા પ્રથમ સબમરીન ટેલિગ્રાફ મોકલાયો, ૧૮૫૦.
તા. ૩૧ બાળ કેળવણીમાં ક્રાંતિકર કેળવણીકાર બાઇ મેરીઆ મૉન્ટેસોરીનો જન્મ, ૧૮૭૦.

આ માસની વ્યક્તિ-વિશેષ : **સર દીનશા એદલજી વાચ્છા**



પારસી કોમે હિંદના સ્વાતંત્ર્ય-જંગમાં દાદાભાઇ નવરોજજી અને ફિરોઝશાહ મહેતા ઉપરાંત જે ત્રીજા મહારથી આપ્યા તે આ ઉગ્ર દેશસેવક, પ્રખર નાણાંશાસ્ત્રી ને કૉંગ્રેસની સ્થાપનામાં અગત્યનો ફાળો આપનાર શ્રી દીનશા એદલજી વાચ્છાનો જન્મ ૧૮૪૪ની ૨જી ઑગસ્ટે મુંબાઈમાં થએલો. એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ લઈ ૧૮૬૪માં તે એક બૅંકમાં નોકરીએ ચઢ્યા, જ્યાં તે હિંદી ઉદ્યોગના પિતા જમશેદજી તાતા સાથે સંબંધમાં આવતાં તેમની સ્વદેશી મિલમાં જોડાયા. આ કાળમાં તેમણે હિંદી નાણાંપ્રકરણનો ઊંડો અભ્યાસ કર્યો ને અર્થશાસ્ત્ર તથા રાજકારણ ઉપર વેધક પ્રકાશ નાખતા લેખો લખવા શરુ કર્યા.

ઈ. ૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપનામાં અગ્રણી બની તેની નીતિ ઘડવામાં તથા ઉછેરવામાં પણ તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો. ઉગ્ર વિચારસરણી અને નિર્ભયતાથી ભરેલાં તેમનાં કૉંગ્રેસમાનાં ભાષણો એવાં તો માહિતીપૂર્ણ અને આંકડાથી સભર રહેતાં કે સામા પક્ષને કટાણે મોંએ તેમનું કહેલું માન્ય કરવું પડતું. ઈ. ૧૮૯૭માં વેલ્બી કમિશન આગળની તેમની જુબાની તેમની નિર્ભયતાની દ્યોતક છે. તેમની દેશદાઝ અને ઊંડી વિદ્વત્તાને કારણે ઈ. ૧૯૦૧માં તે કૉંગ્રેસના પ્રમુખ નિમાયા. ઈ. ૧૯૧૫માં તેના સ્વાગત–પ્રમુખ પણ તે હતા. પરંતુ ઈ. ૧૯૧૯માં મૉન્ટફર્ડ સુધારાના પ્રશ્ન પર મતભેદ થતાં તે કૉંગ્રેસમાંથી છૂટા થયા અને લિબરલ પક્ષમાં જોડાયા, જેના તે ઇ. ૧૯૧૯ તથા ૧૯૨૨માં પ્રમુખ નિમાએલા.

રાજકારણ ઉપરાંત બીજાં ક્ષેત્રોમાં પણ તેમણે મહત્ત્વની કામગીરી બજાવી છે. મુંબાઇની હિંદી વેપારી ચેમ્બરની સ્થાપનામાં તેમનો મોટો ફાળો હતો. પ્રેસિડેન્સી એસોસીએશનને પણ તેમણે જ સદ્ધર પાયા પર મૂકેલું. મુંબાઈ કૉર્પોરેશનના તો તે ૩૦ વર્ષ સુધી સભ્ય ને ૧૯૦૧માં પ્રમુખ હતા. વળી મુંબાઈ ધારાસભા, હિંદી ધારાસભા અને કાઉન્સિલ ઑવ્ સ્ટેટના સભ્ય તરીકે કડક ને વેધક ટીકા કરી નોકરશાહીમાં ખળભળાટ મચાવતા.

આર્થિક તથા વ્યાપાર વિષયક પ્રશ્નોની બાબતમાં તો તેમનું સ્થાન અનન્ય ગણાતું. ઇમ્પીરિયલ બૅંક ઑવ્ ઈન્ડિયાના ગવર્નર બનવાનું ભાગ્યે જ કોઇને મળતું માન તેમને મળેલું. એ સિવાય અનેક કમિટીઓ, વેપારી સંસ્થાઓ, બૅંકો, પેઢીઓ આદિ સાથે તેમનો ગાઢ સંબંધ હતો. ૯૨ વર્ષનું લાંબું ને કાર્યરત જીવન જીવી ઈ. ૧૯૩૬માં તે મૃત્યુ પામ્યા.

પૉમ્પીઆઈનો વિનાશ : આ માસનો પ્રસંગ–વિશેષ : ઇટાલીમાં નેપલ્સ શહેરથી ૧૫ માઇલ દૂર વિસૂવિયસ પહાડની તળેટીમાં દરિયાકાંઠે આવેલું પૉમ્પીઆઈ નગર ઈસ્વી સનની શરૂઆતમાં રોમન કાળમાં વૈભવની ટોચે હતું. અમીરો તથા ધનિકોનું એ વિહારસ્થળ વિલાસ માટે પ્રખ્યાત હતું. સમૃદ્ધિથી ધીકતા એ શહેર પર કુદરતનો પહેલો પ્રકોપ ઇ. સ. ૬૯માં ઊતર્યો. ધરતીકંપના આંચકાથી તેનાં ઘણાં ઘરો પડી ગયાં. તેમાંથી કળ વળી ન વળી ત્યાં તો ઈ ૭૯ના ઑગસ્ટની ૨૪મીએ વિસૂવિયસ જ્વાળામુખી એટલા પ્રચંડ પ્રકોપથી ફાટ્યો કે એક જ કલાકમાં ધગધગતા લાવા રસના ૧૫થી ૨૦ ફૂટના થરો આખા શહેર પર પથરાઇ વળ્યા અને ઘડી પહેલાંનું ધીકતું શહેર ક્ષણાર્ધમાં ભસ્મીભૂત બની ગયું! ત્યારથી ૧૭ સદીઓ સુધી તે માનવસ્મૃતિ પરથી ભુંસાઇ ગયું. અચાનક ઈ. ૧૭૪૮માં તેની આકસ્મિક ભાળ લાગી અને તે પછી સો વર્ષે ઇ. ૧૮૬૦માં તેનું પદ્ધતિસરનું ખોદાણ શરૂ થયું. આજે પણ એનાં ખંડેરો તથા મળી આવેલી અનેક કલામય વસ્તુઓ પરથી એની સમૃદ્ધિ અને એના ભયંકર વિનાશનો તાદૃશ ચિતાર આવીને રોમાંચ ખડા થાય છે.

મુક્ત પ્રાણ! મુક્ત પ્રાણ! બંદીવાન હું નહિ,
મુક્ત ધ્યાન! જંજીરો ન બાંધવા ધરામહીં.

—શ્રીધરાણી

મહોબાના યુદ્ધમાં ઘાયલ થઈ બેભાન પડેલા પૃથ્વીરાજ ચોહાણ પર ગીધ-સમડીને માંસ ખાવા તૂટી પડેલાં જોઈ થોડે જ દૂર ઘવાઇને પડેલા તેના સામંત સંયમરાયે તેને બચાવવા પોતાના દેહમાંથી માંસના ટુકડા કાપીકાપીને તે પક્ષીઓ તરફ ફેંકવા માંડ્યા. તરત પક્ષીઓ પૃથ્વીરાજને છોડી તે ખાવા ધસ્યા. દરમ્યાન પૃથ્વીરાજને શોધતા સરદારો આવી પહોંચ્યા. તેઓ એ સ્વામીભક્ત સામંતને બચાવવા દોડ્યા, પણ તે પહેલાં જ એ વીર મૃત્યુ પામ્યો હતો!

કહેવતોના અર્થ: 'કડી ઉપર તાળું નહિ ને લાડુ ઉપર વાળુ નહિ.' મજબૂતાઈનું શ્રેષ્ઠ સાધન ગણાતી કડી લગાવ્યા પછી જેમ તાળું નકામું છે; અને લાડુ જેવા ભોજન પછી વાળુ કરવાનું રહેતું જ નથી, તેમ કોઈ નિશ્ચિત વસ્તુનો અંતિમ તબક્કો બતાવવા માટે તેમજ તે પછીના બીજા પ્રયત્નોનું મિથ્યાત્વ વર્ણવવા માટે વપરાતી આ કહેવત આખી કાવ્યોક્તિ રૂપે નીચે મુજબ છે:

કડી ઉપર તાળુ નહિ,	ને લાડુ ઉપર વાળુ નહિ;
ડગલા ઉપર શાલ નહિ,	ને બખ્તર ઉપર ઢાલ નહિ;
મઠને ખેતર માળો નહિ,	ને ઉંદરને ઊચાળો નહિ,
ઘેલીને ગવાળો નહિ,	ને કુંવારાને સાળો નહિ,
બ્રાહ્મણને ઘેર પાળો નહિ,	ને નાગર બચ્ચો કાળો નહિ,
ચાટવામાં ફાડ નહિ,	ને ઘરજમાઇને લાડ નહિ.

(પાળો=જૂના વખતમાં ગુનાનો દંડ વસૂલ કરવા મોકલાતા માણસને મ્હોસલ કે પાળો કહેતા હતા; પણ બ્રાહ્મણોની સાત્ત્વિકતા ને પ્રામાણિકતા એવાં ઊંચાં ગણાતાં કે તેમને ઘેર એવો પાળો(સિપાઇ) મોકલવાની જરૂર જ મનાતી નહિ; ફાડ=ફાચર).

અનેકાર્થી શબ્દ: **ઉષા**=મળસ્કાનું અજવાળું, પરોઢ સમયે પૂર્વ દિશામાં જણાતી લાલિમા; સારી જમીન; એક વૈદિક દેવતા; પુરાણોમાં આવતું પાત્ર ઓખા.

ગણિતગમ્મત: કોઈ પણ ચાર પાસેપાસેની સંખ્યા લો. તેમના ગુણાકારમાંથી પહેલી અને છેલ્લી સંખ્યાના ગુણાકારના બમણા બાદ કરો. જે આવે તેનું વર્ગમૂળ કાઢવાથી પહેલી અને છેલ્લી સંખ્યાનો ગુણાકાર જ આવી રહેશે. દા. ત. ૨, ૩, ૪, ૫ એ ચાર સંખ્યા છે. હવે ૨×૩×૪×૫=૧૨૦–૨(૨×૫) =૧૦૦. તેનું વર્ગમૂળ ૧૦=૨×૫.–મ.ના.ખત્રી



જહાંગીરે બહાર પાડેલા અવનવા સિક્કાઓ પૈકી એકમાં તેણે પોતાની પ્રિય રાણી નૂરજહાંના નામને પણ સ્થાન આપ્યું છે. ઉપર આપેલા ૧૬૬ ગ્રેન વજનના સોનાના સિક્કામાં તેના નામ સાથે નૂરજહાંના નામનો પણ ઉલ્લેખ હોવાને લીધે તે મહત્ત્વનો છે. તેની એકબાજુ 'ઝી હુકમ–ઇ–શાહ જહાંગીર યાફત સદ ઝીવર, ઝર્બ–ઈ–સુરત' અને બીજી બાજુ પર 'બ નામ–ઇ–નૂરજહાં બાદશાહ બેગમ ઝર ૧૦૩૬' લખેલું છે; જેનો અર્થ એવો થાય છે કે બાદશાહ બેગમ નૂરજહાંના નામને લીધે સોનાનાં શત સૌંદર્ય મેળવેલો સોનાનો સિક્કો; શાહ જહાંગીરના હુકમથી સુરતમાં પાડેલો હીજરી ૧૦૭૬.

એક આડી દોરી પર બે મોસંબી કે દડા સરખી લંબાઈની દોડી વડે લટકાવી તેમની વચ્ચે એક ત્રીજો દડો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ટૂંકી દોરી વડે લટકાવો. હવે કોઈ પણ છેડા પરના દડાને હાથ વડે હિલોળો આપો. આમ થતાં બીજા છેડા પરનો દડો પણ પેલા દડાની સાથે તાલ દેતો હિલોળવા માંડશે તે એવી રીતે કે જેમજેમ પહેલા દડાની ગતિ ઓછી થશે તેમતેમ આ ત્રીજા દડાની ગતિ વધતી જશે. પછી જેમજેમ આ ત્રીજો દડો ધીમો પડતો જશે તેમતેમ વળી પહેલા દડાની ગતિ વધવા માંડશે. આમ બંને દડાની ગતિ ધીમી પડી બંધ પડી જાય ત્યાં સુધી ચાલશે. વચ્ચેનો દડો તો આ બધી ક્રિયા વખતે સ્થિર જ રહે છે.



રેશમી મોજાંની જોડ બનાવવા માટે ૫૦ માઇલ લાંબા રેશમના બારીક તારની જરૂર પડે છે. પણ એવું યંત્ર શોધાયું છે કે જે તેમાંથી એક જ મિનિટમાં એક જોડ મોજાં ગૂંથી કાઢી શકે છે.



કલાકણિકા: હાલની મૉડર્ન(અદ્યતન) કલાદૃષ્ટિ આપણા પ્રાચીન અલંકારોના સમુદ્ધ સૌન્દર્યને પ્રીછતી થઇ છે તેના ઉદાહરણ રૂપ કાનનાં બે ઝૂમણાં

બટાટા બાફવામાં આવે છે ત્યારે બટાટાનાં ૭૦ ટકા તત્ત્વો ચાલ્યાં જાય છે, આ પાણીને ફેંકી ન દેતાં લોટ બાંધવાની કણકમાં વાપરશો તો બે કાજ સરશે.

આંબાના પાનની રાખમાં સહેજ મોરથુથુની ભસ્મ ભેળવી તૈયાર કરેલ વસ્ત્રગાળ ભૂકી સખત દાઝેલા ભાગ પર આઠ દિવસ સુધી કોરી ભભરાવ્યા કરવાથી ફાયદો થશે.



મોસંબીની છાલ ઝડપથી અને જરાપણ રસ બહાર ન નીકળે એવી સફાઇદાર રીતે કાઢવાની યુક્તિ એ છે કે પહેલાં મોસંબીની મધ્યમાં ચાકુ વડે ગોળાકાર કાપ મૂકવો પણ તે એ રીતે કે ફક્ત ઉપરની છાલ જ કપાય. પછી એ કાપામાં ચમચાનો પાછલો હાથો ખોસી છાલને સાવચેતીથી ઉખેડવી. આ રીતે એક બાજુનું અડધિયું ઉખેડ્યા પછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બીજું અડધિયું ઉખેડવું.

મનુષ્યશરીરમાં દસ ગૅલનનું પીપ ભરાય એટલું પાણી, સાબુની દસ ગોટી બને એટલી ચરબી, ૯૦૦૦ પેન્સિલો બને તેટલો કાર્બન, ૧૦૦૦ દીવાસળીના ટોચકાં બને તેટલો ફૉસ્ફરસ, નાની ખીલી બને તેટલું લોહ ને ચાંચડની ફોજ ઉડાડી શકે એટલો ગંધક હોય છે.

નવાં પુસ્તકો



નવજીવન પ્રકાશન મંદિરનાં પ્રકાશનો

સમૂળી ક્રાન્તિ: દેશના ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક આદિ સર્વ વિષયોમાં ક્રાન્તિકારી પલટો લાવવાના વિચારો રજૂ કરતું ચિંતનસભર પુસ્તક: લે૰ કિશોરલાલ ધ. મશરૂવાળા, ૧-૮-૦; **ખાદીવિદ્યા-પ્રવેશિકા**: કપાસની ખેતી કરવાથી માંડીને ખાદી વણવા સુધીની બધી નાનીમોટી ક્રિયા વિષે સાંગોપાંગ સચિત્ર માહિતી આપતાં પુસ્તકની ત્રીજી આવૃત્તિ: ૧-૪-૦; **દિલ્હી-ડાયરી**: ૧૯૪૭ની ૧૦મી સપ્ટેમ્બરે મહાત્મા ગાંધીજી દિલ્હી ગયા ત્યારથી તેમના અવસાન સુધીના વખતમાં પ્રાર્થના બાદ તેમણે આપેલાં ઐતિહાસિક પ્રવચનોનો આધારભૂત સંગ્રહ, ૩-૦-૦; **યંત્રો સામે બળવો**: બ્રિટનના અગ્રણી તત્ત્વજ્ઞ શ્રી એલ. પી. જૅક્સનાં વિવિધ જગ્યાએ અપાએલાં અને 'ધ રિવોલ્ટ અગેઈન્સ્ટ મિકેનિઝમ' નામક પુસ્તકાકારે છપાએલાં વ્યાખ્યાનોનો અનુવાદ: કરનાર–ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, ૦-૧૦-૦; **ખેડૂતપોથી**: ખેતીવાડી, ઢોરઉછેર, ગૃહઉદ્યોગો, બી, ખાતર ઇત્યાદિ વિષે ઝીણવટભરી માહિતી ઉપરાંત આરોગ્ય, આહાર, રોગ તથા તેના ઉપચાર, ખેતીને લગતા કાયદા વગેરેની માહિતી સરળ ભાષામાં આપતું ખેડૂતો માટે અતિ ઉપયોગી પુસ્તક: સંપાદકો–વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, નગીનભાઇ સોમાભાઇ શેઠ, ૨-૪-૦; **પ્રેમપંથ (૧)**: અહિંસા, સત્ય આદિ આશ્રમવ્રતો તથા કોમી એકતા આદિ રચનાત્મક કાર્યક્રમના ૧૮ મુદ્દાઓ પર મહાત્માજીના જ શબ્દોમાં સારરૂપ વિચારોનો સંગ્રહ: યોજક–દેસાઇ વાલજી ગોવિંદજી, ૦-૪-૦; **પ્રેમપંથ (૨)**: મ૰ગાંધીજીની આત્મકથાના પ્રથમ ભાગને મૂળ શબ્દોમાં જ ટૂંકાણમાં સમાવી લેતું નાનકડું પુસ્તક: યોજક દેસાઇ વાલજી ગોવિંદજી, ૦-૪-૦; **અર્થશાસ્ત્રની પરિભાષા**: અર્થશાસ્ત્રના વિષયમાં વપરાતા અંગ્રેજી શબ્દો માટે સરળ ગુજરાતી પ્રતિશબ્દોનો સટીક સંગ્રહ: સંયોજક–વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, ૦-૧૪-૦; **પ્રહ્લાદ નાટક** તથા **સહનવીરનાં ગીતો**: વિદ્યાર્થીઓ સહેલાઈથી ભજવી શકે તેવું પ્રહ્લાદના કથાનકને વણી લેતું નાટક, કર્તાએ રચેલાં વિષયાનુરૂપ ૧૨ ગીતો સાથે. બીજી આવૃત્તિ, લે૰ જુગતરામ દવે, ૦-૧૦-૦.

આર. આર. શેઠની કંપનીનાં પ્રકાશનો


સૂનાં મંદિર: મરાઠી સાહિત્યના સમર્થ લેખક શ્રી વિ. સ. ખાંડેકરની રિકામા દેવ્હારા એ આખી નવલકથા તથા બીજી ૮ સુંદર વાર્તાઓનો એક જ પુસ્તકમાં સરસ અનુવાદ: કરનાર ગોપાળ ગ. વિદ્વાંસ, ૪-૮-૦; **જૂનું અને નવું**: શ્રી ગોવિંદભાઈ અમીનની એક સામાજિક નવલકથા, ૨-૮-૦; **જીવન-સ્વપ્ન** (ખંડ પહેલો): એક સામાજિક અપૂર્ણ નવલકથા: લે૰ સુધીર, સંપાદક–સવાઇભાઈ ચોકસી, ૪-૮-૦; **મહાત્મા ગાંધી**: મ. ગાંધીજી વિષે રવીન્દ્રનાથ ઠાકુરે લખેલા લેખોનો સંગ્રહ: અનુ૰ બચુભાઇ શુક્લ, ૧-૪-૦.

કમલ પ્રકાશન મંદિરનાં પ્રકાશનો

પંચભૂત: છ પાત્રોની કલ્પિત સૃષ્ટિ ઊભી કરી તેમની કેવળ ચર્ચાઓ દ્વારા પોતાના કાવ્યમય ચિંતનશીલ વિચારો રજૂ કરતા શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના એક અભિનવ પુસ્તકનો અનુવાદ: કરનાર–નગીનદાસ પારેખ, ૨-૮-૦; **શિશુ ભારતી ગ્રંથમાલા** (પહેલો સેટ): 'ગલબા શિયાળનાં પરાક્રમો'ના પાંચ ભાગ તથા 'બડેકાનની બહાદુરી' એમ ૬ પુસ્તકોનો કુલ ૪૦૦ પાનાંનો, બાળકોને રોચક તથા મનોરંજક વાર્તા સાહિત્યનું વાચન આપતી સચિત્ર ગ્રંથમાળાનો પહેલો સેટ છએ પુસ્તકોના લેખક: રમણલાલ સોની, કિ. ૫-૦-૦

ઈતર

રણછોડલાલ અને બીજાં નાટકો: માનવ પ્રકૃતિનું નિરૂપણ, રેખાલાઘવ, તાઝગીભર્યું સંવાદકૌશલ આદિ અનેક ગુણોને કારણે ગુજરાતી નાટ્ય-સાહિત્યમાં અનોખો ફાળો આપતાં શ્રી યશોધર ન. મહેતાનાં અગાઉ 'કુમાર'માં પ્રસિદ્ધ થએલાં પાંચ નાટકોનો સંગ્રહ: પ્ર૰ ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, ૨-૮-૦; **લી. ઝવેરચંદ મેઘાણી**: સ્વ. મેઘાણીએ વિવિધ વ્યક્તિઓને લખેલા પત્રોનો સંગ્રહ: સં૰ મહેન્દ્ર મેઘાણી, પ્ર૰ તારાચંદ રવાણી, નવસર્જન કાર્યાલય, મોટા આંકડિયા, કાઠિયાવાડ, ૩-૦-૦; **સભાશાસ્ત્ર**: સભાનું તંત્ર, વ્યવસ્થા, નિયમન, પ્રકાર ઈત્યાદિ વિષે કાનૂની રીતરિવાજો, ધારાઓ ઇત્યાદિ વિષે ઝીણવટભરી ને વિદ્વત્તાભરી માહિતી આપતું ઉપયોગી પુસ્તક: લે૰ ન. વિ. ગાડગીલ, પ્ર૰ ચંદ્રકાન્ત ચીમનલાલ વોરા, ગાંધીમાર્ગ, અમદાવાદ, ૯-૦-૦; **અદૃશ્ય શત્રુ**: 'કુમાર'ના વાચકોને સુપરિચિત શ્રી કાલિદાસ જાદવની પ્રગટ-અપ્રગટ એવી ૨૧ રસપ્રદ વૈજ્ઞાનિક નવલિકાઓનો સંગ્રહ, ત્રિરંગી જૅકેટ સાથે: પ્ર૰ આદર્શ પુસ્તક ભંડાર, રાયખડ રોડ, અમદાવાદ, ૩-૮-૦; **ફૂલશય્યા**: બંગાળના જાણીતા લેખક ચારુચન્દ્ર વંદ્યોપાધ્યાયની એક સામાજિક નવલકથાનો અનુવાદ: કરનાર–રમણલાલ સોની, પ્ર૰ વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ, ૩ રાઉન્ડ બીલ્ડિંગ, કાલબાદેવી મુંબાઈ-૨, ૩-૦-૦; **આરાધિકા**: અરવિંદ આશ્રમનાં મુખ્ય કર્તાહર્તા શ્રી માતાજીને ૭૦ વર્ષ પૂરાં થયાના પ્રસંગે તેમને અર્ધ્યરૂપે અર્પણ થએલો શ્રી પૂજાલાલનો ૭૦ મુક્તકોનો નાનકડો સંગ્રહ, પ્ર૰ શ્રી અરવિંદ સર્કલ, ૩૨, રૅમ્પાર્ટ રો, ફૉર્ટ, મુંબાઇ-૧, ૧-૦-૦; **અર્ચના**: શ્રી અરવિંદને અર્ચનારૂપ, તેમના તત્ત્વજ્ઞાનને વણી લેતો કાવ્યસંગ્રહ: લે૰ રજનીકાન્ત મોદી, પ્ર૰ શ્રી અરવિંદ આશ્રમ, પોંડીચેરી, ૧-૪-૦; **રંગચુંદડી**: ગુજરાતના જાણીતા કલાકાર શ્રી વ્રજલાલ ત્રિવેદીનાં ગ્રામજીવનને લગતાં સાત રંગચિત્રોનો સંગ્રહ: પ્ર૰ નવસર્જન કાર્યાલય, મોટા આંકડિયા, કાઠિયાવાડ, મુખ્ય વિક્રેતા–ભારતી સાહિત્ય સંઘ, લિ મુંબાઇ અને અમદાવાદ, ૩-૦-૦; **યોગપ્રવેશિકા**: આસન-પ્રાણાયામ તથા ષટ્કર્મ આદિ યોગિક ક્રિયાઓ વિષે પ્રાથમિક માહિતી તથા તેના અનેકવિધ ફાયદાઓ જણાવતું સચિત્ર પુસ્તક: લે૰શ્રી વિષ્ણુપ્રસાદજી, પ્ર૰યોગસાધન આશ્રમ, ૧૬, પ્રિતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ. **રાષ્ટ્રપિતાનાં ચરણોમાં**: મહાત્મા ગાંધીજીના મૃત્યુથી માંડી તેમની ભસ્મવિસર્જન સુધીના બનાવોને લગતી માહિતી તથા દેશ-વિદેશના પ્રમુખ લોકોએ આપેલી અંજલિઓને મહાત્માજીના કેટલાક ફોટોગ્રાફો સાથે વણી લેતું પુસ્તક: સંપાદક–કપિલરાય મ. મહેતા, પ્ર૰ ભારતી સાહિત્ય સંઘ લિ., ૧-૧૨-૦.





ફોટા હરીફાઈનાં ચિત્રો : (૧) સાચો સેવક–એસ. બી. મિસ્ત્રી, અમદાવાદ (૨) પરીક્ષાની તૈયારી–જયંત મહેતા, મુંબાઈ. (ઈનામો તથા વિજેતા માટે જુઓ પૃ. ૨૫







ટપાલની નવી ટિકિટો

ડાબી બાજુ : ફ્રેન્ચ કબજામાંથી મુક્ત થઈને હિંદી ચીને 'વીએટ-નામ'નું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું તે સમયે 'ઇન્ડો-ચાઈના' (હિંદીચીન)ની જૂની ટિકિટો પર 'વીએટ-નામ'ના નામાક્ષરો છાપીને (ઓવરપ્રિન્ટ કરીને) કાઢેલી ટિકિટો. આવી ઓવરપ્રિન્ટ કરેલી ટિકિટો પાછળથી બહુમૂલ્ય બની રહે છે. આ ટિકિટો પ્રસંગની લાક્ષણિકતાને કારણે ઉપયોગી છે. (શ્રી હરિલાલ શૅકરના સંગ્રહમાંથી)

ઉપર : મથાળે–ઇંગ્લંડમાં આ માસમાં ચાલી રહેલા ઑલિમ્પિક રમતોના સમારંભના સ્મરણમાં ઇંગ્લંડે કાઢેલી ખાસ ટિકિટ–જેમાં એ પ્રસંગના પ્રતીક તરીકે ગ્રીક દેવનું ચિત્ર તથા ઑલિમ્પિક સંજ્ઞાચિત્ર 'પરસ્પરમાં ગુંથાએલી પાંચ કડીઓ'નું આલેખન છે. જમણી તરફ–ફ્રાન્સે કાઢેલી નવી વિમાની ટપાલની ટિકિટ, જેના પર ગ્રીક પુરાણકથાઓમાં વર્ણવેલા